بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર


**બરકાતે ખ્વાજા** *(માસિક)*

**તા. ૦૧/સપ્ટેમ્બર/૨૦૧૭**

ઝિલ્ ક઼અ્દા-ઝિલ હજ્જ

હિજરી સન : ૧૪૩૮

વર્ષ : ૧૪, અંક : ૦૯, સળંગ અંક : ૧૬૫

સ્થાપક અને પ્રકાશક

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com



★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | પૂર્વજ બુઝુર્ગોમાં ઈલ્મ તથા ફિક્રે ઉમ્મતનું મહત્વ | 02 |
| 02 | **દ્વિમુખી નહીં પણ મુખ્લિસ મો'મિન બનો !** | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 06 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 09 |
| 05 | હદાઈક઼ે બખ્શિશ | 12 |
| 06 | સીરતે રસૂલે મુખ્તાર ﷺ | 15 |
| 07 | ઈખ્તિયારાતે મુસ્તફા ﷺ | 17 |
| 08 | ક઼ાનૂને શરીઅત | 20 |
| 09 | ગુનાહોનો ઈલાજ | 24 |
| 10 | હઝરત માલિક બિન દીનાર رحمۃ اللہ علیہ | 27 |
| 11 | મુરવ્વત (માનવતા)ના મૌત પર આપણુ માતમ | 33 |
| 12 | મદીના મુનવ્વરાની હાજરીના આદાબ | 35 |
| 13 | નશાનું ઝહેર અને તડપતી લાશો ! | 41 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 47 |


## અપને દરપે જો બુલાઓ તો.....

અઝ : હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝા અઝહરી مدظلہ العالی

અપને દરપે જો બુલાઓ તો બહોત અચ્છા હો
મેરી બિગળી જો બનાઓ તો બહોત અચ્છા હો
ક઼ૈદે શયતાંસે છુળાઓ તો બહોત અચ્છા હો
મુઝકો અપના જો બનાઓ તો બહોત અચ્છા હો
ગર્દિશે દૌરને પામાલ કિયા મુઝકો હુઝૂર !
અપના કદમોંમેં સુલાઓ તો બહોત અચ્છા હો
યૂં તો કહલાતા હું બંદા મૈં તુમ્હારા લેકિન
અપના કહ કે જો બુલાઓ તો બહોત અચ્છા હો
ગમે પયહમસે યહ બસ્તી મેરી વિરાં હૂઈ
દિલમેં અબ ખૂદકો બસાઓ તો બહોત અચ્છા હો
કૈફ ઈસ બાદએ ગુલઝારસે મિલતા હી નહીં
અપની આંખોંસે પિલાઓ તો બહોત અચ્છા હો
તુમ તો મુર્દો કો જિલા દેતે હો મેરે આક઼ા !
મેરે દિલ કો ભી જિલાઓ તો બહોત અચ્છા હો
જિસને શર્મિંદા કિયા મહરો માહો અન્જુમકો
એક ઝલક ફિર વો દિખાઓ તો બહોત અચ્છા હો
રો ચૂકા યૂં તો મૈં ઔરોં કે લિયે ખૂબ મગર
અપની ઉલ્ફતમેં રુલાઓ તો બહોત અચ્છા હો
યૂં ન **'અખ્તર'** કો ફિરાઓ મેરે મૌલા દર દર
અપની ચૌખત પે બિઠાઓ તો બહોત અચ્છા હો

# પૂર્વજ બુઝુર્ગોમાં ઈલ્મ તથા ફિક્રે ઉમ્મતનું મહત્વ

❑ અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

પયગામે નૂરી

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ﷻએ આક઼ાએ કરીમ ﷺની ઝાતે બાબરકાતને આઈડિયલ તથા નમૂનો બનાવીને આપણી સમક્ષ પેશ કર્યા અને ઈર્શાદ ફર્માવ્યો : لَقَدْ كَانَ لَكُمْ فِيْ رَسُوْلِ اللّٰهِ اُسْوَةٌ حَسَنَةٌ "બેશક ! તમારા માટે રસૂલુલ્લાહનું અનુસરણ શ્રેષ્ઠ છે." *(૩૩/૨૧, અહઝાબ)* આ આયતે કરીમા પર ખતીબો તથા મુક઼ર્રિરોની તક઼રીરોથી લઈને કિતાબોની મોટી સંખ્યા આપને મળશે જેમાં "ઉસ્વએ હસના" (શ્રેષ્ઠ નમૂના)ના અમુક પાસાંઓનું વર્ણન મળશે અને આપણે અમુક તે જ પાસાંઓથી ફાયદો ઉઠાવવાની કોશિશ કરીએ છીએ. દા.ત. અખ્લાક઼િયાત, ઈબાદતો તથા મામલાઓના વિષયમાં પયરવી (અનુસરણ) કરીએ છીએ, પરંતુ શું કદી આપણે એ પણ વિચાર્યું કે પયગંબરે આ'ઝમ عليه الصلوٰة والسلامએ પોતાની ક઼ૌમને ઈજ્જતદાર તથા પ્રતિષ્ઠાવાન અને સહાબાએ કિરામને જગતનું માર્ગદર્શન કરનારા કેવી રીતે બનાવ્યા, એના પર આપણી નજર નથી રહેતી !

તે ક઼ૌમ જેની પૂરી જિંદગી અંધકારમાં પસાર થતી હતી, તે સિતારા બનીને અન્ય લોકોના રહબર તથા રહનુમા (માર્ગદર્શક) બની ગયા. ગરીબીની ચક્કીમાં પીસવામાં આવનારી ક઼ૌમ અને અતિશય જંગલી ક઼ૌમને હુઝૂર રહ઼મતે આ'લમ ﷺએ લીડરોની ક઼ૌમ બનાવી દીધી. અખ્લાક઼િયાત (સંસ્કારિક્તા) તથા સામાજિક્તા તથા ઈબાદતોથી અજાણ ક઼ૌમને છેવટે કયો હુન્નર (કળા) શીખવાડી દીધો કે આ સરવરે આ'લમ ﷺની બારગાહના ટ્રેઈન્ડ થયેલા દુનિયાના ખૂણે ખૂણે ફેલાય ગયા અને માનવોની જરૂરત બનીને સંતોષનો સામાન પૂરો પાડવા લાગ્યા. શું કદી આપણે હુઝૂર ﷺની સીરત (જીવન ચરિત્ર)ના આ પાસાને પણ વાંચ્યું છે ? અને શું કદી એને અમલને પાત્ર સમજવાની કોશિશ કરી છે ?

આજે આપણે ક઼ૌમ તરીકે જયાં પણ છીએ આપણી હેસિયત તથા મક઼ામથી વાકેફ છીએ અને દુનિયાની બીજી ક઼ૌમના મક઼ામ તથા મર્તબાને જોઈને આશ્ચર્ય ચકિત થઈ જઈએ છીએ. આશ્ચર્યની વાત છે કે આજે કેવળ અને કેવળ અંશતઃ ઈસ્લામ પેશ કરવામાં આવી રહ્યો છે, અને ઈસ્લામની તે તા'લીમાત જેના થકી પયગંબરે ઈસ્લામ ﷺએ પોતાની ક઼ૌમને (અમાત) હરાવી ન શકાય તેવી શક્તિ તથા માનવ જગતની જરૂરત બનાવી દીધી હતી, તે તા'લીમાત પેશ નથી કરતા ! ઈલ્લા માશાઅલ્લાહ ! આ મોક઼ા પર ક઼ૌમના દાનિશ્વરો (બુદ્ધિજીવીઓ) જરૂરથી એવું કહેશે કે આક઼ાએ કરીમ عليه الصلوٰة والسلامએ તા'લીમ (એજ્યુકેશન) થકી પોતાની ક઼ૌમને માત ન કરી શકાય (જેને કોઈ હરાવી ન શકે) તેવી બનાવી. યક઼ીનન ! એમાં ગલત બયાની પણ નથી બલ્કે ૧૦૦% સચ્ચાઈ છે, પરંતુ જે તા'લીમને આપણે અગ્રતા આપી છે, અને જેના માટે આપણે પૂરી તાકાત ખર્ચી રહ્યા છીએ એ પણ જરૂરી છે, પરંતુ જે ઈલ્મ (વિદ્યા) સૌથી વિશેષ જરૂરી છે અને જેની તા'લીમ પયગંબરે ઈસ્લામ ﷺએ પોતાના સહાબીઓને આપી, શું કદી આપણે એના બારામાં વિચાર કર્યો કે તે કયો ઈલ્મ

વધુ પેજ 30 પર..

# દ્વિમુખી નહીં પણ મુખ્લિસ મો'મિન બનો !

*તંત્રી લેખ...*

લોકો તમને ખૂબ જ નેક તથા દીનદાર ધારીને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ને ખાતર તમારી ઈજ્જત તથા તાઝીમ કરતા હોય, પોતાની મુસીબતો તથા તકલીફો માટે તમારાથી દુઆની વિનવણી કરતા હોય, તમને શરીઅતના પાબંદ તથા ઉચ્ચ મર્તબાવાળા મો'મિન સમજતા હોય, બલ્કે જાણે વલી જેટલી તમારી તાઝીમ તથા તથા ખિદમત કરતા હોય, પણ ખુદા ન ખ્વાસ્તા જો તમો દ્વિમુખી હોવ ! એટલે લોકો સામે સૂફી બનીને રહેતા હોવ અને તમારી આંત્રિક જિંદગી એનાથી ઉલ્ટી હોય, તમારી આંત્રિક જીવનની ગતિવિધિઓ લોકોએ ધારેલ વાતોથી વિપરિત હોય, જો તમે એવા હોવ કે લોકો તમારા વિશેની સાચી હકીકત જાણી જાય તો તમારાથી નફરત કરે, તમને ધિક્કારે, તમને પગોથી કચડી નાખે એટલા તમારાથી નારાજ થઈ જાય ! એવા તમારા છુપા ધંધા હોય, તો **વિચારો ! જ્યારે તમારી અસલિયત બંદાઓ જાણી જાય તો તમને હડધૂત કરી નાખે ! તો શું એ રબનો તમને ડર નથી કે જે તમારા જીવનની પલ પલનો વાકેફ છે, તમારા દિલના ઈરાદાઓથી વાકેફ છે, તમો રાતના અંધકારમાં એકાંત રૂમમાં પૂરાયને કે ગમે તે રીતે લોકોથી છુપાવીને ગલત વિચારો, ગલત હરકતો કે ગલત કામો કરશો તેને તે જાણે છે ! તેનો ડર નથી ?!** તમો લોકો સમક્ષ સૂફી બનીને ફરશો અને છુપી રીતે ગલત ધંધા કરીને લોકોને ધોકો આપી શકો, પોતાની જાતને ભરમમાં રાખી શકો, પણ શું રબને ધોકો આપી શકાશે ?! હરગિઝ નહીં ! તો **ભાઈઓ ! દ્વિમુખી નહીં પણ મુખ્લિસ મો'મિન બનો**, નહીં તો તમારા આ સૂફી હોવાના ઢોંગનો, આ રિયાકારીનો બંને જહાનમાં ભયાનક અંજામ આવી શકે છે.

### ★ તે રિયાકાર છે જે જાહેરમાં નેક બને, ભીતરમાં કાંઈ ઔર હોય ★

જાહેરમાં નેક, પરહેઝગાર બનવું, જાણે ગુનાહોથી પોતાને નફરત છે એવા દેખાવ સાથે જીવવું, ફર્ઝો ઉપરાંત નફલ નમાઝો તથા ફર્ઝ ઉપરાંત નફલી રોઝાઓ તથા અન્ય ઈબાદતો, વિર્દો વઝાઈફ લોકો સમક્ષ કરતા રહેવું અને પછી આંત્રિક રીતે ગુનાહિત પ્રવૃત્તિઓમાં પડવું, છુપી રીતે હરામ તથા નાજાઈઝ કામો કરવાં એનું નામ રિયાકારી છે. અને રિયાકારો માટે રસૂલે કરીમ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ એ ફર્માવ્યું, વાદીએ હુઝ્નથી પનાહ માગો ! અર્ઝ કરવામાં આવી, હુઝૂર ! એ શું છે ? ફર્માવ્યું, એ જહન્નમની એક ઘાટી છે જેનાથી દરરોજ સિત્તેર વખત જહન્નમ પનાહ માગે છે ! આ ઘાટી અલ્લાહ તઆલાએ રિયાકારો માટે તૈયાર કરી રાખી છે. *(બહવાલા : બરકાતે શરીઅત)*

જો તમો જાહેરમાં પરહેઝગાર, ઈબાદતગુઝાર બનીને ફરો અને અંદરથી છુપી રીતે ગુનાહોમાં પડેલા રહો, ગુનાહોની આદત ન છોડો, સાચી તૌબા ન કરો, તો એનું નામ જ રિયાકારી છે. અને એવાના માટે જ હુઝૂરે અકરમ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ નો ઈર્શાદ છે કે, "રિયાકારને કયામતના દિવસે પોકારવામાં આવશે અને તેને કહેવામાં આવશે, હે રિયાકાર ! હે મક્કાર ! પ્રપંચી ! તારા અમલો બર્બાદ થઈ ગયા, તારો અજ્ર બાતિલ થઈ ગયો, અને તારો અજ્ર તથા બદલો એની પાસે માગ જેમના (સમક્ષ દેખાડો કરવા) માટે તેં અમલ કર્યો હતો."

### ★ અંદરથી ગરબડવાળા બહારથી નેક બનનારા ગંભીરતા વિચારે ! ★

બુલબુલે શીરાઝ હઝરત શૈખ મુસ્લિહુદ્દીન સઅદી رحمۃ اللہ علیہ એક હિકાયત વર્ણવે છે કે એક ઝાહિદ સાહબ એક

બાદશાહના મહેમાન બન્યા. જ્યારે ખાવા બેઠા તો ઝાહિદ સાહબે ખાવા પોતાના ખોરાક કરતાં ખૂબ જ ઓછુ ખાધુ, અને જ્યારે નમાઝ માટે ઉભા થયા તો રોજની આદત કરતાં ખૂબ અધિક ઈબાદત કરતા રહ્યા, જેથી બાદશાહની અક઼ીદત તેના પ્રતિ વધી જાય. જ્યારે ઝાહિદ સાહબ બાદશાહના દરબારથી પોતાના ઘરે પરત થયા તો ખાવા માટે દસ્તરખાન બિછાવવા કહ્યું. ઝાહિદનો એક બુદ્ધિશાળી પુત્ર હતો તેણે કહ્યું, અબ્બાજાન ! બાદશાહને ત્યાં દા'વતમાં ગયા હતા તો ખાવા નથી ખાધુ ? ઝાહિદે જવાબ આપ્યો, એની સામે ખાસ કાંઈ ન ખાધુ જેથી લોકો મને કમ ખાનાર તથા અધિક ઈબાદતગુઝાર સમજે ! પુત્રએ જવાબ આપ્યો, અબ્બાજાન ! નમાઝની પણ કઝ઼ા કરી લો કે આપે કાંઈ એવું નથી કર્યું જે કામ આવે !

કેટલાક લોકો જાહેરમાં નેક પારસા બનતા હોય છે જ્યારે એકાંતમાં તથા લોકોથી છુપાવીને ગંદાં કામો, હરામ, શરમજનક કામો કરતા હોય છે. જાહેરમાં નીચી નજરો કરીને પારસાઈ પ્રદર્શિત કરે છે જ્યારે દિલની ભીતરનો ભેદ તો રબ જ જાણતો હોય છે. એવા જ એક શખ્સ વિશે છે કે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ એક શખ્સને જોયો કે પોતાનુ માથુ નીચે કરેલ છે, એટલે કે જાહેર કરી રહ્યો છે કે હું પારસા છું ! હઝરત ઉમર رضی اللہ عنہએ તેને ફર્માવ્યું, હે વાંકી ડોકીવાળા ! ડોકી સીધી કર ! તવાઝોઅ તથા ખાકસારીનો સંબંધ દિલથી છે ગરદનથી નથી !

હઝરત ક઼તાદા رضی اللہ عنہનો ઈર્શાદ છે કે બંદો જ્યારે રિયા કરે છે તો અલ્લાહ તઆલા ફર્માવે છે કે જુઓ મારો બંદો મારી સાથે કેવી રીતે ઠઠ્ઠો (મશ્કરી) કરી રહ્યો છે !

અલ્લાહુ અકબર ! આ હદીષ પર વિચારણા કરતાં ઝિંદા દિલ ઈન્સાનની રૂવાંટી ઉભી થઈ જાય છે ! શું બંદો, બંદો થઈને અલ્લાહથી મશ્કરી કરી શકે ?! (મઆઝલ્લાહ !) પણ હા ! **જો તે દ્વિમુખી છે કે લોકો સામે પારસા, નેક અને ભીતરમાં કે એકાંતમાં બદ્‌માશીઓ કરે તો તે અલ્લાહથી ઠઠ્ઠો મશ્કરી કરવા સમાન છે.** અલ્લાહ તઆલા આપણને આ હલાક કરી દેનારા અમલથી બચેલા રહેવાની તૌફીક઼ આપે.

## ★ ઈખ્લાસ સાથેના થોડા અમલ વિશે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمનાં બોધદાયક આદેશો ★

ઈખ્લાસથી જ ઈમાનમાં મજબૂતી પેદા થાય છે. એકવાર એક સહાબીએ રસૂલે અર્ઝ કરી, ''યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم ઈમાન શું છે ? ફર્માવ્યું, ''ઈખ્લાસ !'' *(બયહક઼ી)*

પ્યારા દીનીભાઈઓ ! બહેનો ! અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ઈમાનને જ ઈખ્લાસ ફર્માવ્યું છે જેથી સારી રીતે દિમાગમાં બેસાડી લો કે લોકોમાં દેખાડવાના અમલોથી બચો, બલ્કે જાહેરમાં નેક બનો છો તો ભીતરમાં પણ નેક બનો અને ખુદાથી ડરો ! અને દરેક અમલ ફક્ત રબને રાજી કરવા માટે કરો ! લોકોમાં નેક મશહૂર થવા ન કરો.

હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہ ફર્માવે છે કે જે વખતે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم મને યમનનો ગવર્નર બનાવીને મોકલવા લાગ્યા તો મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મને કાંઈક વસીયત કરો. આપ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ''તમારા દીનમાં નિખાલસતા (ઈખ્લાસ) રાખો કે થોડો અમલ પણ તમને પૂરતો થઈ જશે.'' *(તરગીબ)*

સારાંશ કે ઈખ્લાસ સાથેનો થોડો અમલ પણ મો'મિનને પૂરતો થઈ જશે, અને લોકોમાં નેક દેખાવા કરેલ ઈબાદતો, સુન્નતોની પાબંદી, દીની કામોમાં ભાગદોડ કે લોકો સારો સમજે તો જીવનભરની એવી રિયાકારીવાળી ઈબાદતો એના કરનારના માટે વબાલ બની શકે છે. અલ્લાહ તો એવો કરીમ છે કે મશહૂર વાક઼ીઓ છે કે એક નાચનારી ફાહિશા સ્ત્રીએ પાણીથી તરસે મરી રહેલા એક કૂતરાને કૂવામાંથી પોતાની મોજડીમાં પાણી ભરીને પીવડાવી દીધું તો તેની રબ તઆલાએ બખ્શિશ ફર્માવી આપી. આ ઈખ્લાસની જ તો બરકતો છે કે એક બદ્‌કાર સ્ત્રીની આટલા મામૂલી અમલમાં બખ્શિશ થઈ ગઈ !

જેથી પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! પોતાને હાજી, નમાઝી, ઈબાદતગુઝાર, આબિદ, ઝાકિર સમજીને, જાહેર કરીને પછી લોકોથી છુપાયને કે લોકોને ધોકામાં રાખીને બુરા ફેઅલો કરતા હોવ તો અત્યારે જ તૌબા કરીને જહન્નમના અઝાબથી છૂટકારો મેળવી લો. જો આ વાત નહીં માનો અને પોતે જાહેરમાં સારા દેખાયને ફરશો અને છુપી રીતે ખરાબ ધંધા કરશો તો એનો અંજામ જહન્નમ જ છે. સાંભળો !

## ★ ધોકાબાઝો સારા અમલો કરવા છતાં જહન્નમમાં ફેંકાશે ! ★

હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, કયામતના દિવસે એક શખ્સને લાવવામાં આવશે અને પૂછવામાં આવશે ? તેં શું ફર્માબરદારી કરી ? તો જવાબ આપશે કે મેં ખુદાની રાહમાં જાન કુર્બાન કરી ? અલ્લાહ ફર્માવશે, તેં જૂઠુ કહ્યું, જેહાદ તેં એટલા માટે કર્યો કે લોકો કહે કે ફલાણો શખ્સ ઘણો બહાદુર છે. પછી તેને દોઝખમાં નાખવાનો હુકમ થશે. ત્યારબાદ બીજા શખ્સને લાવવામાં આવશે. તેને પૂછવામાં આવશે કે તેં શું ઈતાઅત કરી ? તે કહેશે, જે કાંઈ માલ મારી પાસે હતો તે મેં તારી રાહમાં ખૈરાત કરી આપ્યો. હક્ક઼ તઆલા ફર્માવશે, તું જૂઠુ બોલે છે ! તેં એટલા માટે સખાવત કરી હતી કે લોકો તને કહે કે આ બહુ જ સખી છે. હુકમ થશે, એને દોઝખમાં લઈ જાવ. પછી એક શખ્સને લાવવામાં આવશે, તેને પૂછવામાં આવશે, તેં શું ઈતાઅત કરી ? જવાબ આપશે, મેં ઈલ્મ હાંસલ કર્યો, ઈલ્મે કુર્આન શીખ્યું અને તેને મેળવવામાં ખૂબ જ મહેનત કરી. અલ્લાહ તઆલા ફર્માવશે, તું જૂઠુ કહે છે ! તેં ઈલ્મ એટલા માટે હાંસલ કર્યો કે લોકો તને આલિમ કહે. પછી એને પણ જહન્નમમાં લઈ જવાનો હુકમ થશે...... રબ ફર્માવશે, હે રિયાકારો ! તમો એ લોકોની પાસે જાવ જેમને દેખાડવા માટે મારી ઈબાદત કર્યા કરતા હતા અને તમારા અમોલોનો બદલો એમનાથી માગો ! *(મિશ્કાત શરીફ)*

રિયાકારીની, લોકોમાં સૂફી દેખાડીને કરેલી જેને મહાન ઈબાદતો કહી શકાય તે અસ્વીકાર્ય થશે, બલ્કે તેના જ કારણે જહન્નમમાં ફેંકવામાં આવશે અને ઈખ્લાસ સાથે કરેલ થોડાક અમલ પણ નજાત અપાવી દેશે, જેથી લોકોમાં પારસા તથા નેક દેખાવ કરીને, દિલોમાં પાપો છુપાવીને ન જીવો બલ્કે જેવી રીતે તમારું જાહેર પાક છે તેવી જ રીતે દિલને પાક સાફ કરો.

## ★ બુઝુર્ગોના નક઼શે ક઼દમ પર ચાલો અને બનાવટી પારસા ન બનો ! ★

અંતમાં આપણે જે બુઝુર્ગોને ખૂબ જ ચાહવાનો દાવો કરીએ છીએ તેમના જીવનમાંથી કાંઈ તો શીખીએ ! ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ કે જેમના આપણે મુકલ્લિદ છીએ, પોતાને હનફી કહીએ છીએ, તે મહાન હસ્તીના વિશે કોઈકે કહી આપ્યું કે આપ રોજ રાત્રે હજાર રકાતો નમાઝ પઢે છે. જો કે આપ ત્યારે એટલી નફલ નમાઝો ન પઢતા હતા, પણ લોકોના ગુમાનને સાચુ ઠરાવવા અને આ આયત يُحِبُّوْنَ اَنْ يُّحْمَدُوْا بِمَا لَمْ يَفْعَلُوْا فَلَا تَحْسَبَنَّهُمْ بِمَفَازَةٍ مِّنَ الْعَذَابِ ۚ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ **''તેઓ એને પસંદ કરે છે કે તેમની એવી ખૂબીઓ વર્ણન કરવામાં આવે જે એમનામાં નથી. એવાઓને હરગિઝ અઝાબથી દૂર ન જાણશો, અને એમના માટે દર્દનાક અઝાબ છે.''** *(સૂરએ આલે ઈમરાન, આ. ૧૮૮)* એના મિસ્દાક ન બની જાય એવા ખૌફથી હજાર રકાત પઢવા લાગ્યા. કોઈકે કહી દીધું આ બુઝુર્ગ આખી રાત ઈબાદત કરે છે, તો ત્યારથી આખી રાત ઈબાદત કરવા લાગ્યા !

એ જ પ્રમાણે મુજદ્દિદે આ'ઝમ હઝરત ઈમામ ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہના ચાહક હોવાનો તથા ''મસ્લકે આ'લા હઝરત.... ઝિંદાબાદ !''નો ઝંડો લઈને આપણે ફરીએ છીએ તો તેમનો ખૌફે ખુદા પણ જુઓ ! કોઈને ઈમામ અહમદ રઝા رضی اللہ عنہને પત્ર લખ્યો એમાં અન્ય લક઼બોની સાથે ''હાફિઝ'' પણ લખી દીધું. તે સમયે આપ કાયદેસરના હાફિઝે કુર્આન ન હતા. શેર બે શએ અહલે સુન્નત

વધુ પેજ 32 પર..

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ આલે ઈમરાનની તફસીર

સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.

اِنَّ الدِّیْنَ عِنْدَ اللّٰهِ الْاِسْلَامُ قف
وَ مَا اخْتَلَفَ الَّذِیْنَ اُوْتُوا الْكِتٰبَ اِلَّا مِنْۢ بَعْدِ
مَا جَآءَهُمُ الْعِلْمُ بَغْیًۢا بَیْنَهُمْ ط وَ مَنْ یَّكْفُرْ
بِاٰیٰتِ اللّٰهِ فَاِنَّ اللّٰهَ سَرِیْعُ الْحِسَابِ ﴿۱۹﴾ فَاِنْ
حَآجُّوْكَ فَقُلْ اَسْلَمْتُ وَجْهِیَ لِلّٰهِ وَ مَنِ اتَّبَعَنِ ط
وَ قُلْ لِّلَّذِیْنَ اُوْتُوا الْكِتٰبَ وَ الْاُمِّیّٖنَ ءَاَسْلَمْتُمْ ط
فَاِنْ اَسْلَمُوْا فَقَدِ اهْتَدَوْا ج وَ اِنْ تَوَلَّوْا فَاِنَّمَا
عَلَیْكَ الْبَلٰغُ ط وَ اللّٰهُ بَصِیْرٌۢ بِالْعِبَادِ ﴿۲۰﴾ اِنَّ
الَّذِیْنَ یَكْفُرُوْنَ بِاٰیٰتِ اللّٰهِ وَ یَقْتُلُوْنَ النَّبِیّٖنَ
بِغَیْرِ حَقٍّ لا وَّ یَقْتُلُوْنَ الَّذِیْنَ یَاْمُرُوْنَ بِالْقِسْطِ
مِنَ النَّاسِ لا فَبَشِّرْهُمْ بِعَذَابٍ اَلِیْمٍ ﴿۲۱﴾ اُولٰٓىٕكَ
الَّذِیْنَ حَبِطَتْ اَعْمَالُهُمْ فِی الدُّنْیَا وَ الْاٰخِرَةِ ز وَ مَا
لَهُمْ مِّنْ نّٰصِرِیْنَ ﴿۲۲﴾ اَلَمْ تَرَ اِلَى الَّذِیْنَ اُوْتُوْا نَصِیْبًا
مِّنَ الْكِتٰبِ یُدْعَوْنَ اِلٰى كِتٰبِ اللّٰهِ لِیَحْكُمَ بَیْنَهُمْ

નિશંક ! અલ્લાહને ત્યાં ઈસ્લામ જ દીન છે[૧૫૨] અને કિતાબવાળા કુસંપમાં ન પડયા[૧૫૩] પણ ત્યારબાદ કે તેઓની પાસે ઈલ્મ આવી ચૂક્યુ[૧૫૪] પોતાના દિલોની બળતરાના કારણે[૧૫૫], અને જે અલ્લાહની આયતોના મુન્કિર થશે તો બેશક ! અલ્લાહ જલ્દી હિસાબ લેનાર છે. (૧૯) પછી અય મહબૂબ ! જો તેઓ તમારી સાથે વિવાદ કરે તો ફર્માવી દો કે મેં અને (મારી સાથે) જે મારા તાબેદાર બન્યા (તેઓએ) પોતાનું મોઢું અલ્લાહની સમક્ષ નમાવ્યું છે[૧૫૬] અને કિતાબવાળાઓ અને અજ્ઞાનોને ફર્માવો[૧૫૭] શું તમે ગરદન નમાવી ?[૧૫૮] પછી જો તેઓ ગરદન નમાવે ત્યારે તો માર્ગ પામી ગયા, અને જે મોઢું ફેરવે તો તમારા પર તો આટલું હુકમ પહોંચાડી દેવાનું જ છે.[૧૫૯] અને અલ્લાહ બંદાઓને જોઈ રહ્યો છે. (૨૦) તે જેઓ અલ્લાહની આયતોના મુન્કિર બને અને પૈગમ્બરોને નાહક શહીદ કરે (છે)[૧૬૦] અને ન્યાયનો આદેશ આપનારાઓને કત્લ કરે છે, તેઓને દુ:ખદાયક અઝાબની ખુશખબરી આપો (૨૧) આ છે તેઓ જેમના આમાલ નિષ્ફળ ગયા દુનિયા અને આખેરતમાં,

[૧૬૧] અને તેમનો કોઈ મદદગાર નથી[૧૬૨] (૨૨) શું તમે તેઓને ન જોયા ? જેઓને કિતાબનો એક ભાગ મળ્યો[૧૬૩] (તેમને) અલ્લાહની કિતાબ તરફ બોલાવવામાં આવે છે તેઓ એમનો ફેંસલો કરે પછી એમાંનું એક જુથ મોઢું મચકોડીને ફરી જાય છે[૧૬૪] (૨૩) આ હિમ્મત[૧૬૫] તેમને એટલા માટે થઈ કે તેઓ કહે છે અમને કદાપિ આગ અડશે નહીં પણ ગણત્રીના દિવસો (સુધી)[૧૬૬] અને તેઓને પોતાના દીનમાં તે જૂઠે ફરેબ આપ્યો જે તેઓ ઠોકી બેસાડતા હતા[૧૬૭] (૨૪) તો કેવી (ફજેતી) થશે જ્યારે અમે તેઓને તે દિવસ માટે એકત્ર કરીશું જેમાં કશી શંકા નથી[૧૬૮] અને દરેક જીવને તેની કમાણી પૂરી માપી આપવામાં આવશે, અને તેઓ પર જુલ્મ નહીં થાય (૨૫)

## :: સમજૂતી ::

**૧૫૨ :** એના સિવાય બીજો એકેય દીન (ધર્મ) સ્વીકૃત નથી, યહૂદી અને નસરાની વિગેરે લોકો જે પોતાના ધર્મોને શ્રેષ્ઠ બતાવે છે, તેઓના દાવાને આ આયતે જૂઠા ઠરાવ્યા.

**૧૫૩ :** આ આયત યહૂદીઓ અને નસરાનીઓ વિશે ઉતરી. જેમણે ઈસ્લામનો સ્વીકાર ન કર્યો અને હુઝૂર ﷺની નુબુવ્વતમાં વિવાદ ઉભો કર્યો.

**૧૫૪ :** તેઓ પોતાની કિતાબોમાં હુઝૂર ﷺના વખાણ અને ગુણો વાંચી ચૂક્યા, અને તેઓએ ઓળખી લીધું કે આ જ તે નબી છે જેમની ખબર અલ્લાહની કિતાબોમાં આપવામાં આવી છે.

**૧૫૫ :** એટલે કે એમના વિવાદનું કારણ તેઓની ઈર્ષા અને દુનિયવી ફાયદાની લાલચ છે.

**૧૫૬ :** એટલે કે હું અને મારા તાબેદારો સંપૂર્ણપણે અલ્લાહના ફરમાંબરદાર અને તાબેદાર

ثُمَّ يَتَوَلّٰى فَرِيْقٌ مِّنْهُمْ وَهُمْ مُّعْرِضُوْنَ ﴿٢٣﴾
ذٰلِكَ بِاَنَّهُمْ قَالُوْا لَنْ تَمَسَّنَا النَّارُ اِلَّاۤ اَيَّامًا
مَّعْدُوْدٰتٍ ۪ وَّغَرَّهُمْ فِيْ دِيْنِهِمْ مَّا كَانُوْا
يَفْتَرُوْنَ ﴿٢٤﴾ فَكَيْفَ اِذَا جَمَعْنٰهُمْ لِيَوْمٍ لَّا رَيْبَ
فِيْهِ ۫ وَوُفِّيَتْ كُلُّ نَفْسٍ مَّا كَسَبَتْ وَهُمْ لَا
يُظْلَمُوْنَ ﴿٢٥﴾

છીએ, અમારો ધર્મ તવહીદનો ધર્મ છે જેની સત્યતા તમે પણ તમારી કિતાબો દ્વારા જાણો છો, તો પછી એ વિશે તમારો અમારી સાથે ઝગડો કરવો બેકાર છે.

**૧૫૭ :** જેટલા આકાશી ધર્મ સિવાયના બીજા કાફિરો છે તે બધા અજ્ઞાન લોકોમાં દાખલ છે, તેઓમાં અરબસ્તાનના મુશ્રિકોનો પણ સમાવેશ થાય છે.

**૧૫૮ :** અને દીને ઈસ્લામ સામે માથુ નમાવ્યું ? સ્પષ્ટ દલીલો જાહેર થઈ ગયા છતાં તમે હજુ સુધી પોતાના કુફ્ર પર જ અડેલા છો ?

આ રીતે (પ્રશ્નો દ્વારા) તેમને ઈસ્લામની દાવત આપી છે.

**૧૫૯ :** અને તે તમે પૂર્ણ કરી જ દીધું છે, જો એનાથી તેઓએ ફાયદો ન મેળવ્યો હોય તો તે પોતે નુકસાનમાં રહ્યા છે, આ આયતમાં હુઝૂર ﷺને શાંતિ અપાઈ છે કે આપ તેઓના ઈમાન ન લાવવાના કારણે દુ:ખી થશો નહીં.

**૧૬૦ :** જેવી રીતે કે બની ઈસરાઈલે એક સવારે સમયના થોડાક જ ભાગમાં ૪૩ નબીઓને

શહીદ કરી દીધા પછી તેમનામાં ૧૧૨ આબિદો તેમને નેકીઓના હુકમ કરવા મેદાને પડયા અને બુરાઈઓથી રોકવા લાગ્યા તો તે જ દિવસે સાંજે તેમને પણ શહીદ કરી દીધા. આ આયતમાં હુઝૂર ﷺના સમયના યહૂદીઓને ધમકાવ્યા છે કારણ કે તેઓ પોતાના પૂર્વજોના આવા કરતૂતોથી રાજી હતા.

**૧૬૧ : મસ્અલો :** આ આયતથી માલૂમ પડયું કે અમ્બિયાની શાનમાં બઅદબી કરવું કુફ્ર છે, અને એ પણ જાણવા મળ્યું કે કુફ્રથી તમામ આમાલ બર્બાદ થઈ જાય છે.

**૧૬૨ :** કે તેઓને અલ્લાહના અઝાબથી બચાવે.

**૧૬૩ :** એટલે કે યહૂદીઓને, એમને તવરાત શરીફના હુકમો અને ઈલ્મો અને ઈલ્મ શિખવાડવામાં આવ્યું હતું. જેમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامના વખાણ, આપના ગુણો તેમજ દીને ઈસ્લામની સત્યતાનું બયાન છે, એનાથી એવું થવું જોઈતું હતું કે જ્યારે હુઝૂર ﷺ પધારે અને એમને કુર્આન તરફ બોલાવે ત્યારે તેઓ હુઝૂર પર અને કુર્આન શરીફ પર ઈમાન લઈ આવે અને તેના હુકમોનું પાલન કરે, પણ તેમાંથી મોટાભાગનાઓએ એવું ન કર્યું.

**૧૬૪ : શાને નુઝૂલ :** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہથી રિવાયત એ મુજબની છે કે એક વખતે હુઝૂર ﷺ "બયતુલ મિદરાસ" પધાર્યા, અને ત્યાં યહૂદીઓને ઈસ્લામનું આમંત્રણ આપ્યું, નઈમ ઈબ્ને ઉમર અને હારિષ ઈબ્ને ઝૈદે કહ્યું કે હે મુહમ્મદ ! علیہ الصلوٰۃ والسلام આપ કયા ધર્મ પર છો ? આપે ફર્માવ્યું, "મિલ્લતે ઈબ્રાહીમી" પર. તેઓએ કહ્યું, હઝરત ઈબ્રાહીમ علیہ السلام તો યહૂદી હતા, હુઝૂર ﷺએ ફર્માવ્યું, તવરાત લાવો. હમણા જ અમારી તમારી વચ્ચે ફૈસલો થઈ જશે, તેઓએ સ્વીકાર ન કર્યો, અને ઈન્કાર કર્યો, ત્યારે આ આયત શરીફ ઉતરી.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી એક બીજી રિવાયત એ મુજબની છે કે ખૈબરના યહૂદીઓમાંથી એક પુરૂષે એક સ્ત્રી સાથે વ્યભિચાર કર્યો હતો, અને તવરાતમાં એ માણસની સજા એ નક્કી કરવામાં આવી છે કે તેને પથરા મારીને મારી નાખવામાં આવે, પણ પેલા બે યહૂદીઓ ઊંચા કૂળના હોવાથી તેમને મારી નાખવાનું તેઓએ પસંદ કર્યું નહીં, અને આ કેસને હુઝૂર ﷺની સેવામાં એવી આશાએ રજૂ કર્યો કે કદાચ આપ પથરા મારીને મારવાનો હુકમ નહીં કરે, પણ હુઝૂરે બન્નેને પથરા મારીને મારી નાખવાનો હુકમ કર્યો, ત્યારે યહૂદીઓ ક્રોધે ભરાઈને કહેવા લાગ્યા કે આ ગુનાહની આ સજા છે જ નહીં, તમે જુલ્મ કર્યો છે ! ત્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, કે તવરાતના ફર્માન મુજબ નિવેડો લાવીએ ! ત્યારે તેમણે કહ્યું, આ વાત ન્યાયની છે, તવરાત મંગાવવામાં આવી અને યહૂદીઓના મોટા આલિમ અબ્દુલ્લાહ બિન સૂરીયાએ પઢવાનું શુરૂ કર્યું, જ્યારે વ્યભિચારીઓને પથરા મારીને મારી નાખવાની આયત આવી, ત્યારે પેલાએ તેના પર હાથ મૂકી દીધો, અને તેને છોડી દઈને આગળ વધી ગયો, ત્યારે હઝરત અબ્દુલ્લાહ બિન સલામે એનો હાથ હટાવીને તે આયત પઢી બતાવી. યહૂદીઓ ઘણા સટપટાયા, પછી પેલા વ્યભિચારીઓને હુઝૂરના હુકમ અનુસાર પથરાવ કરીને મારી નાખવામાં આવ્યા, તે સમયે આ આયત ઉતરી હતી.

**૧૬૫ :** ખુદાઈ કિતાબના અનાદરની.

**૧૬૬ :** એટલે કે ચાલીસ દિવસ અથવા એક સપ્તાહ, પછી કશી ચિંતા નથી.

**૧૬૭ :** તેઓનું કહેવું હતું કે અમે અલ્લાહના દીકરા અને તેના પ્રિય છીએ. તે અમને શિક્ષા નહીં કરે અને જો કરશે તો ટૂંક મુદ્દત માટે જ હશે.

**૧૬૮ :** તે દિવસ ક઼યામતનો દિવસ છે.

# દર્સે હદીષે પાક એટલે

## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**કાર્યાલય**

*હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને શકીક رضی اللہ عنہ થી[૧] રિવાયત છે ફર્માવે છે કે નબી કરીમ ﷺ ના સહાબીઓ અમલોમાંથી કોઈ અમલને છોડવું કુફ્ર ન સમજતા હતા સિવાય નમાઝને[૨]. (તિર્મિઝી)*

*હઝરત અબૂ દરદા رضی اللہ عنہ થી રિવાયત છે કે ફર્માવે છે કે મને મારા મહબૂબે વસિયત કરી કે કોઈ ચીજને અલ્લાહનો ભાગીદાર ન ઠરાવો, ભલે તમને મારી નાખવામાં આવે અથવા સળગાવી દેવામાં આવે[૩]. અને ફર્ઝ નમાઝ જાણી જોઈને ન છોડો, કે જેણે એને જાણી જોઈને છોડી એનાથી જિમ્મેદારી દૂર થઈ ગઈ[૪]. અને શરાબ ન પીઓ કે એ દરેક બુરાઈની ચાવી છે[૫]. (ઈબ્ને માજહ)*

***સમયો વિશે પ્રકરણ[૬]*** *: (પ્રથમ વિભાગ) રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ઝોહરનો સમય[૭] ત્યારે છે કે જ્યારે સૂર્ય ઢળી જાય[૮] અને માણસનો પડછાયો તેના કદના જેટલો થઈ જાય[૯] ત્યાં સુધી કે અસર ન આવે[૧૦]. અને અસરનો સમય ત્યાં સુધી કે સૂરજ પીળો ન પડી જાય[૧૧] અને મગરિબની નમાઝનો સમય ત્યાં સુધી છે કે રતાશ ગાયબ ન થઈ જાય[૧૨]. અને ઈશાની નમાઝનો સમય રાતના દરમિયાની અડધા સુધી છે[૧૩] અને સવારની નમાઝનો સમય સવાર ચમકવાથી ત્યાં સુધી કે સૂરજ ન ચમકે. જ્યારે સૂરજ ચમકી જાય તો નમાઝથી દૂર રહો[૧૪] કેમ કે સૂરજ શૈતાનનાં સીંગોની વચ્ચે નીકળે છે[૧૫]. (મુસ્લિમ)*

**સમજૂતી :** ૧. આપ અઝીમુશ્શાન તાબઈ છે. હઝરત ઉમર, અલી, ઉષ્માન તથા આઈશા સિદ્દીકા رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી મુલાકાત કરી. બની અકીલ કબીલાથી છે બસરામાં રહેઠાણ રહ્યું. હિ. સ. ૧૦૮માં વફાત પામ્યા.

૨. કેમ કે એ જમાનામાં નમાઝ પઢવી મો'મિનની નિશાની હતી અને ન પઢવી કાફિરની ઓળખ હતી, જેમ કે આજકાલ માથા પર ચોટી નીચે ધોતી હિંદુની ઓળખ છે. એટલા માટે તે હઝરાત જેને નમાઝ પઢતો ન જોતા તેને કાફિર હશે એવું સમજતા. જેથી આ હદીષથી એવું લાઝિમ નથી કે નમાઝ છોડવી કુફ્ર હોય, અને બેનમાઝી કાફિર હોય. અને ન આ હદીષ તે હદીષોની વિરૂદ્ધ છે જેમાં ફર્માવવામાં આવ્યું કે મો'મિન ભલે ઝાની હોય ચોર હોય છતાં પણ જન્નતી, એટલે કે જન્નતનો મુસ્તહિક છે *(ગુનાહોની સજા ભોગવીને પણ છેવટે જન્નતમાં જશે, જો ઈમાન પર ખાત્મો થયો હશે તો. –**અનુવાદક**)*

૩. વસિયતથી મુરાદ તાકીદી હુકમ છે. રબ ફર્માવે છે : يُوْصِيْكُمُ اللّٰهُ فِيْٓ اَوْلَادِكُمْ "અલ્લાહ તમને હુકમ આપે છે તમારી ઔલાદના વિશે." *(૪–સૂ. નિસાઅ, આ. ૧૧)* શિર્ક ન કરવાથી મુરાદ દિલી શિર્ક છે, એટલે કે શિર્કનો અકીદો ન અપનાવો. જેથી આ

હદીષ આ આયતની વિરૂધ્ધ નથી : اِلَّا مَنۡ اُكۡرِهَ وَقَلۡبُهٗ مُطۡمَئِنٌّۢ بِالۡاِيۡمَانِ "સિવાય એના કે મજબૂર કરવામાં આવે અને એનું દિલ ઈમાન પર જામેલુ હોય." *(સૂ. ૧૬–નહ્‌લ, આ. ૧૦૬)* કેમ કે આયતમાં સખત મજબૂરને જીભ વડે કુફ્ર કહી દેવાની ઈજાઝત આપવામાં આવી છે, અને અહીં કુફ્રનો અક઼ીદો રાખવાની મનાઈ છે. એ પણ બની શકે છે કે આયતમાં રુખસદ (છૂટ)નો ઉલ્લેખ હોય અને અહીં અઝીમતનો, એટલે કે ભલે મજબૂરને કુફ્ર બોલવાની રજા છે તેમ છતાં સવાબ તો એમાં જ છે કે ક઼ત્લ થઈ જાવ પણ જીભથી કુફ્ર ન કાઢો.

**૪.** એટલે કે બેનમાઝીથી ઈસ્લામની અમાન ઉઠી ગઈ. તેને હાકિમ સખતથી સખત સજા આપી શકે છે. અથવા એ મતલબ છે કે નમાઝી અલ્લાહની અમાનમાં રહે છે સેંકડો મુસીબતોથી સુરક્ષિત, અને બેનમાઝી આ દૌલતથી મેહરૂમ છે.

**૫.** કેમ કે શરાબ બુધ્ધિ બગાડી નાખે છે અને બુધ્ધિ જ બુરાઈઓથી રોકે છે. બુધ્ધિહિનતામાં ઈન્સાન ગમે તેવું કરી બેસે છે. યાદ રાખશો કે ખમ્ર કેવળ દ્રાક્ષની શરાબને કહે છે, પણ અહીં દરેક નશાવાળી શરાબ મુરાદ છે, જેમ કે લખાણથી જાહેર છે.

**૬.** મવાકિ઼ત એ વક઼્તોનું બહુવચન છે મીક઼ાત વક઼્તના અર્થમાં છે. જેમ કે મીઆદ, વાયદાના અર્થમાં, મીલાદ, વિલાદતના અર્થમાં, મેઅરાજ ઉરૂજના અર્થમાં. અહીં નમાઝના સમયો મુરાદ છે. નમાઝના સમયો ત્રણ પ્રકારના છે : મુબાહ સમય, મુસ્તહબ સમય અને મકરૂહ સમય. નમાઝના સમયો તશરીઈ ચીજો છે જેમાં બુધ્ધિને દખલ નથી, પણ એમાં હિકમતો જરૂર છે. આ હિકમતો અમારી કિતાબ 'અસ્રારુલ અહકામ'માં જુઓ કેમ કે નમાઝના માટે સમય પ્રથમ શર્ત છે એટલા માટેના મિશ્કાતના લેખકે નમાઝના બયાનમાં પ્રથમ એનો ઉલ્લેખ કર્યો.

**૭.** ઝોહર અથવા ઝહૂરથી બન્યુ અથવા ઝહીરાથી (દોપહરી). કેમ કે મેઅરાજ બાદ સૌ પ્રથમ આ જ નમાઝ જાહેર થઈ અને સૌ પ્રથમ એ જ પઢવામાં આવી. તેમજ એ દો પહરી (બપોરના સમયે) અદા કરવામાં આવે છે એટલા માટે એને ઝોહર કહેવામાં આવી.

**૮.** સૂર્ય સવારથી બપોર સુધી ચઢે છે, અને બપોરથી સાંજ સુધી પશ્ચિમની તરફ ઉતરે છે. જે હદ પર ચઢવું સમાપ્ત થઈ જાય અને એના પછી ઉતરવાનુ શરૂ થાય તે નિસ્ફુન્નિહાર (મધ્યાન્હ) છે. નિસ્ફુન્નિહારથી આગળ વધવાનુ નામ ઝવાલ છે. આ ઝવાલ જ ઝોહરના સમયની શરૂઆત છે. એ જ અહીં મુરાદ છે.

**૯.** ઝવાલના સમયે પડછાયો સરખો હોવો અમુક મુલ્કો અને અમુક સમયોમાં થશે. શિયાળામાં કેમ કે સૂરજ દક્ષિણની તરફ થઈને જતો હોય છે જેથી એ વખતે અમુક જગાએ પડછાયો વસ્તુના બરાબર હોય છે. પરંતું કદીક અમુક દેશોમાં એ સમયે પડાછાયો તદન નથી હોતો, અથવા હોય છે પણ ઘણો જ થોડો. જે જમાના (સમય)માં હુઝૂર ﷺએ આ ફર્માવ્યું હશે તે ઋતુ શિયાળાની હશે, જેથી આ હદીષ તદન જાહેર છે અને આવનારી હદીષોની વિરૂધ્ધ છે જેમાં આ પડછાયાની માત્રા દોરીના બરાબર વર્ણન કરવામાં આવી. કેમ કે ત્યાં ઉનાળાની ઋતુનું વર્ણન છે અને અહીં શિયાળાનું. અને બની શકે છે કે આ વાક્યમાં ઝોહરનો અંતિમ સમય મુરાદ હોય અને હદીષનો અર્થ એ હોય કે સૂર્ય ઢળવાથી ઝોહરનો સમય શરૂ થાય છે, અને એક મિષ્લ સાયા પર ખત્મ થાય. આ સ્થિતિમાં આ હદીષ ઈમામ શાફઈની દલીલ છે કેમ

કે આપણે ત્યાં બે મિષ્લ સાયા પર ઝોહરનો સમય નીકળે છે અને એમને ત્યાં એક મિષ્લ પર, પરંતુ એમની દલીલ કમજોર છે, કેમ કે એમાં અસલી સાયાનો ઉલ્લેખ નથી. ઈમામ શાફઈને ત્યાં અસલી સાયા ઉપરાંત એક મિષ્લ સાયો હોવો જોઈએ.

**૧૦.** પ્રથમ તફસીર પર આ વાક્ય ઝોહરના અંતિમ સમયનું વર્ણન છે અને બીજી તફસીર પર પ્રથમ વાક્યની તાકીદ છે. એનાથી જાણવા મળ્યું કે ઝોહર તથા અસ્રની વચ્ચે કોઈ અંતર નથી, એટલે કે ઝોહર જતાં જ અસ્ર આવી જાય છે.

**૧૧.** આ અસર મુસ્તહબ સમયનું વર્ણન છે, એટલે કે તડકો પીળો પડવાથી પહેલાં અસરની નમાઝ પઢી લેવી જોઈએ, નહીં તો સૂર્યાસ્ત સુધી અસરનો સમય છે, જેમ કે મુસ્લિમ તથા બુખારીની રિવાયતમાં છે. યાદ રાખશો કે સૂર્યાસ્તના વીસ મિનિટ પહેલાં તડકો પીળો પડે છે.

**૧૨.** એટલે મગરિબનો સમય સૂર્ય ડૂબતાં શરૂ થાય છે અને આકાશની સફેદી (શફક્) ગાયબ થતાં ખત્મ થાય છે. ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہની નજીક શફક્ એ સફેદીનું નામ છે જે આસ્માનના પશ્ચિમી કિનારા પર ઈમામ શાફઈ તથા સાહિબૈનની નજીક રતાશ (લાલીમા)નું નામ શફક્ છે. એટલે કે સફેદીનો સમય ઈમામ સાહબની નજીક મગરિબનો છે. એ જ કૌલ સૈયદના અબૂ હુરૈરહ رضی اللہ عنہ, ઈમામ અવઝાઈ તથા ઈમરાન ઈબ્ને અબ્દુલ અઝીઝનો છે. અને ઈમામ શાફઈની નજીક એ સમય ઈશાનો છે. એ જ કૌલ સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર અને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہمنો છે. સાવધાની એમાં છે કે સફેદી આવતા પહેલાં મગરિબ પઢી લે અને સફેદી ડૂબ્યા પછી ઈશા પઢે જેથી મતભેદથી બચી જાય.

**૧૩.** અહીં પણ મુસ્તહબ સમય મુરાદ છે એટલે કે મુસ્તહબ એ છે કે અડધી રાતથી પહેલાં પઢી લે, નહીં તો ઈશાનો સમય સુબ્હ સાદિક સુધી રહે છે. દરમિયાનીથી મુરાદ ક્યાં તો દરમિયાની રાત છે અથવા દરમિયાની અડધુ. એટલે કે રાતો લાંબી પણ હોય છે અને ટૂંકી પણ અને મધ્યમ પણ. તમે દરમિયાની રાતના અડધા સુધી પઢી લો અથવા પૂરા અડધા સુધી નમાઝ પઢી લો, ન ઓછુ ન વધારે.

**૧૪.** એટલે કે સૂરજ નીકળતી વખતે કોઈ નમાઝ ન પઢો, ન નફલ્ ન ફર્ઝ. અહીં બે મસ્અલા સમજવા જોઈએ, એક એ કે ત્રણ સમયોમાં નમાઝ મુત્લકન (તદ્દન) મના છે : સૂરજ નીકળતી વખતે, મધ્યાન્હના સમયે નિસ્ફુન્નિહાર પર અને સૂરજ આથમતી વખતે, કે એ સમયોમાં ફર્ઝ તથા નફલ નમાઝ બલ્કે સજદો જ હરામ છે. અલ્બત્ત સૂરજ ડૂબતી વખતે આજની અસર દુરુસ્ત છે. બીજુ એ કે જ્યાં સુધી સૂરજમાં તેજી ન આવી જાય ત્યાં સુધી ઉગવુ માનવામાં આવશે. એટલે કે સૂર્ય ચમકવાથી વીસ મિનિટ સુધી સજદો હરામ છે.

**૧૫.** એટલે કે એક શૈતાન સૂરજ નીકળતી વખતે સૂરજની સામે એ રીતે ઉભો થઈ જાય છે કે સૂરજ તેની બંનેવ સીંગોની વચ્ચે માલૂમ પડે જેથી બીજા શૈતાનોને બતાવે કે સૂરજની પૂજા કરનારા મને પૂજી રહ્યા છે. ઘણા મુશ્રિકો એ સમયે સૂરજને સજદો કરે છે, એની તરફ પાણી ફેંકીને તેની તાઝીમ કરે છે. મુસલમાનોને એ સમયે સજદો હરામ છે જેથી મુશ્રિકો સાથે મળતાપણુ ન થાય, અને શૈતાન એવું ન કહી શકે કે મુસલમાન મને સજદો કરી રહ્યા છે. યાદ રાખશો કે સૂર્ય ક્યાંક ને ક્યાંક દરેક સમયે ઉગતો રહે છે, તો મતલબ એ કે શૈતાન સૂરજની સાથે એ જ પ્રમાણે ભ્રમણ કરતો રહે છે કે જ્યાં સૂરજ ઉગી રહ્યો હોય ત્યાં એ વખતે એ જાહેર થાય છે એની ઘણી બધી તફસીરો છે.

# હદાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન કાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**મૌત કહતી હૈ કે જલ્વા હૈ કરીબ–ઈક ઝરા સો લેં બિલકનેવાલે**

*(બિલકનેવાલે = બેકાબૂ બની રડનાર)*

**અર્થાત :** જેવી રીતે એક બાજુ મૌતથી ડર લાગે છે તો બીજી તરફ મૌત એક ખુશખબરી પણ લઈને આવે છે, અને તે એ કે મૌત આવશે તો જ મહબૂબનો દીદાર નસીબ થશે. તો હે મહબૂબના જલ્વાની તલબમાં બેકાબૂ બનીને રડનારા આશિકેઝાર ! થોડી વાર ચૈનથી સૂઈ જા, ત્યાર બાદ તને તારા કરીમ આકા ﷺની ઝિયારત કરાવી દેવામાં આવશે. જો કે દુનિયામાંથી તો કબરમાં તારી સાથે કોઈ જશે નહીં પરંતુ કબ્રમાં ગયા પછી એવી રોનક થશે કે ફરી પરત આવવાનું દિલ જ થશે નહીં !

હઝરત બિલાલ હબશી رضی اللہ عنہની મૌતનો સમય નજીક આવ્યો તો ઘરવાળાં રડી રહ્યાં હતાં, "હાય ! મસીબત !" અને આપે આંખો ખોલી અને ફર્માવ્યું, "વાહ રે મારી ખુશી !" પછી આપે આ શબ્દો કહ્યા અને જાન જાને આફરીનના સુપરત કરી આપી : **غدا نلقی الا حبہ محمدا وصحبہ** "કાલે અમે અમારા પ્યારાઓને મળીશું ! એટલે કે હુઝૂર ﷺ તથા આપના સહાબીઓ."

**કોઈ ઉન તેઝ રવોંસે કહ દો–કિસકે હોકર રહે થકને વાલે**

**અર્થાત :** (મેહશરના મેદાનમાં જ્યારે કે ફરિશ્તાઓ હુઝૂર ﷺને ખાસ ઈનામો સાથે સવારી પર સવાર કરીને મકામે મહમૂદની તરફ ઝપડભેર ચાલી રહ્યા હશે. તો આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફરિશ્તાઓને સંબોધીને અર્ઝ કરી રહ્યા છે :) હે ઝડપભેર ચાલનારાઓ ! અમે થાકેલા પાકેલા અમારા નબી ﷺની શફાઅતની રાહ જોનાર પણ અહીં ઉભા રહી શફાઅતની ભીખ માગી રહ્યા છીએ. જરા મહબૂબને મળવાનો અમને પણ મોકો આપો જેથી અમે અર્ઝ કરીએ કે આકા ! અમને કોને હવાલે કરવાના છે ?!

*યહ આંખેં આપકે દીદારકી તાલિબ હૈં મુદ્દતસે–રુખ પુરનૂરસે પર્દા ઉઠા દો યા રસૂલલ્લાહ !* ﷺ

*યહી હૈ આરઝૂએ ઝિંદગી તાબિશે કિસ્વરી કી–દમે આખિર રુએ ઝયબા દિખા દો યા રસૂલલ્લાહ !* ﷺ

**દિલ સુલગતા હી ભલા હૈ, અય ઝબ્ત !–બુઝ ભી જાતે હૈં દહકને વાલે**

*(ભલા = સારું, ઝબ્ત = સહન કરવું, કાબૂ રાખવો, દહકને વાલે = આગથી સળગી જનાર)*

(પછી પોતે જ પોતાની જાતને તસલ્લી આપતાં કહે છે :) હે દિલ ! તેમના દીદારના ઈંતેઝારમાં તારું સળગતુ

રહેવું, અને થોડી થોડી ઈશ્કની ગરમી મેહસૂસ કરતા રહેવું જ બેહતર છે, કેમ કે જે અંગારા એકદમ ભડકી ઉઠે છે તે ઓલવાય પણ જલ્દી જ જાય છે. કહેવત મશ્હૂર છે કે "ગાજ્યા મેઘ વરસે નહીં" આ બધુ તો ઠીક પણ :–

*લાઉં કહાંસે ચૈન દિલે બેક઼રાર કા–આંખોંકા શૌક઼ દીદ હૈ તેરે દયારકા*
*'સુલ્તાના' લબ પે ઝિક્રે મુહમ્મદ જો આ ગયા–અઝ ફર્શ તા બ અર્શ થા મૌસમ બહાર કા (ﷺ)*

**હમ ભી કુમલાનેસે ગાફિલ થે કભી–ક્યા હંસા ગુન્ચે ચટનેવાલે**

*(કુમલાના = કરમાવુ, ચટકનેવાલે = ખિલવનાર)*

**અર્થાત** : કદી આ તરફ તો અમારુ ધ્યાન જ ન ગયું કે ફૂલ મુરઝાય પણ જાય છે. અને એ હક઼ીક઼તથી તો આપણે આજ સુધી ગાફેલ રહ્યા કે જે કળી ખીલીને ફૂલ બની જાય છે તે કેવી મુસ્કુરાય છે, અને જે ફૂલ છોડથી અલગ થઈ જાય છે તે કેટલુ પણ હસી લેશે કે અમુક ઘડીઓ પછી તો જરૂરથી તે મુરઝાય જ જશે.

**નખ્લસે છુટકે યે ક્યા હાલ હુવા–આહ ! ઓ પત્તે ખળકને વાલે**

**અર્થાત** : હાય રે ! હે ઝાડના પાંદડા ! તું તારા ઝાડથી અલગ થઈને કેવું ઉડતુ ફરે છે અને ખળ ખળના અવાજો કાઢી રહેલ છે. તું તારી અસલની સાથે રહેતો પછી તારી ઉપર વસંત પણ આવતી અને આ રીતે દર દરની ઠોકરો ન ખાત. *પૈવસ્તા રહ શજરસે ઉમ્મીદે બહાર રખ.*

પાંદડુ ઝાડથી અલગ થઈ જાય તો તેની આ હાલત થઈ જાય છે, અને જો ઉમ્મતીનો પોતાના નબી ﷺથી સંબંધ ન રહે તો તે કેવી રીતે પુર સુકૂન રહી શકે છે. મર્કઝથી અલગ થનાર હમેશાં જમાનાની મુસીબતોનો શિકાર બની જાય છે અને તેને ક્યાંય પણ પનાહ નથી મળતી. આજે દુનિયામાં દૌલતની રેમલછેલ છતાં સુકૂનની ઉણપ પણ એટલા માટે છે, અને દુનિયાભરના મુસલમાનોની ચીખો પુકાર અને તેમના પર થનારા જુલ્મો સિતમ એ ઈસ્લામી જગતના નામ માત્રના મુસલમાન સત્તાધારીઓના કારણે એ થઈ રહ્યું છે.

એ જ વિષયને મૌલાના રૂમ رحمۃ اللہ علیہએ વાંસળીના રૂપમાં વર્ણન કરેલ છે કે એની આહો પુકાર પણ પોતાના અસલથી જુદા થવાના કારણે છે.

*બ–શુનવ અઝ નૈ ચૂં હિકાયત મી કુનદ – વ ઝે જુદાઈહા શિકાયત મી કુનદ*

**જબ ગિરે મુંહ સૂએ મૈખાના થા–હોશમેં હૈં યહ બહકને વાલે**

**અર્થાત** : આ શેઅરના બે ભાવર્થ થઈ શકે છે : એક તો એ કે આપણને જ્યારે દુનિયામાં મોકલવામાં આવ્યા તો આપણુ મોં મૈખાનાએ વહદતની તરફ હતું અને દુનિયામાં આવતાં જ આપણા કાનોમાં સદાએ હક઼્ક઼ (અઝાન) ગુંજી. પછી ક્રમે ક્રમે નફસ તથા શૈતાને આપણને ભટકાવી દીધા.

બીજો ભાવર્થ એ છે કે આશિકેઝાર જ્યારે વિરહના સદમાઓ સહન ન કરી શક્તાં જ્યારે બેહોશ થઈને ગબડી પડે છે તો બેહોશ થઈને પણ એટલો બાહોશ હોય છે કે મોંઢુ તો મયખાનાની તરફ હોય છે અને દિલમાં એ જ તડપ હોય છે કે :–

*મેરી આંખેં દેખેં મુહમ્મદ ﷺ કા જલ્વા–બુઝુર્ગોંસે બસ યહ દુઆ ચાહતા હૂં*
*કિસી ઔર શયકી ઝરૂરત નહીં હૈ–મૈં દીદાર બસ આપ કા ચાહતા હૂં*

### દેખ ઓ જખ્મે દિલ આપે કો સંભાલ–ફૂટ બહતે હૈં તપકને વાલે

**અર્થાત :** હે મારા દિલ ! પોતાની જાત પર કન્ટ્રોલ રાખ અને અધિક મનેચ્છાઓના ચક્કરમાં ન પડ ! નહીં તો તારો ઝખ્મ બગડી જશે અને એવો નાસૂર બની જશે કે જેનો કોઈ ઈલાજ પણ હશે નહીં. શું તું જોતો નથી કે જ્યારે વરસાદ પડે છે અને છતથી ટીપાં ટપકાવે છે તો જો એને બંધ ન કરવામાં આવે તો પૂરી છત વહેવાની શરૂ થઈ જાય છે.

એ જ પ્રમાણે જે દિલ દુનિયાનું બનીને રહી જશે તેને કયામતના દિવસે અધિક સદમા ઉઠાવવા પડશે, જેથી થોડાક દિવસની જિંદગીમાં આખેરતની સજાથી બચવાની વ્યવસ્થા કરી લે.

### મય કહાં ઔર કહાં મૈં ઝાહિદ–યૂં ભી તો ચહકતે હૈં ચહકને વાલે

*(ચહકના = ખુશ થઈને ગીત આલાપવું)*

**અર્થાત :** અરે ! ઝાહિદ ! (ઈબાદતગુઝાર, પાબંદે શરીઅત) તું સમજતો હશે કે આ (અહમદ રઝા) બુલબુલે ચમનિસ્તાને રિસાલત, ખૂબ ચહકે છે. તો જરૂર બે ઘૂંટ ઈશ્કે રસૂલ ﷺની શરાબ મયસ્સર આવી ગઈ છે. (આ'લા હઝરત رحمۃ اللہ علیہ) પોતાને આજિઝ દર્શાવી ઈન્કાર કરતાં ફર્માવે છે, મારા નસીબમાં એ મહોબ્બતની શરાબ ક્યાં ?! બસ પીધા વિના જ મહબૂબ ﷺની યાદમાં ગીત લલકારતો રહું છું ! અને અર્ઝ કરતો રહું છું કે હે મારા પ્યારા આકા ! ﷺ જો જાગૃતાવસ્થામાં નહીં તો..... :–

*કિસી દિન ખ્વાબમેં જલ્વા દિખા દેં યા રસૂલલ્લાહ ! ﷺ–મેરે સોએ મુકદ્દર કો જગા દેં યા રસૂલલ્લાહ ! ﷺ*
*મેરે ઘરમેં અંધેરા હી અંધેરા હૈ જિધર દેખો–કિસી સૂરત મેરા ઘર જગમગા દેં યા રસૂલલ્લાહ ! ﷺ*

### કફે દરયાએ કરમમેં હે "રઝા"–પાંચ ફવ્વારે છલકને વાલે

*(કફ = હથેળી)*

**અર્થાત :** બસ, નજાત હુઝૂરે પાક ﷺના કરમથી જ થશે, અને એમનો કરમ એટલો જોશમાં છે કે પાંચ ફુવારા પાંચ આંગળીઓએથી ફૂટીને ઉમ્મતને બતાવી રહેલ છે કે આકા علیہ الصلوٰۃ والسلامના કરમના દરિયાથી દરેકે દરેકની પ્યાસ જરૂર બુઝાશે.

*મંગતે ખાલી હાથ ન લૌટેં – કિતની મિલી ખૈરાત ન પૂછો*
*ઉનકા કરમ ફિર ઉનકા કરમ હૈ – ઉનકે કરમ કી બાત ન પૂછો*

*.....(ક્રમશઃ)*

## :: શાદી મુબારક ::

**પીપલીયા :** (તા. વાગરા) નિવાસી હાફિઝ ઐયૂબ ઉમરજી મુકરદમ (હાલ–યુ.કે.)ની નેક દુખ્તર નૂરુસ્સમાના નિકાહ સૂરત નિવાસી હાજી યૂસુફ અલી પટેલના નેક ફરઝંદ શેહઝાદ સાથે તા. ૬–૮–૨૦૧૭ના રોજ થયા. દુલ્હા દુલ્હન, કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં સૌને બંને જહાનની ખુશીઓથી માલામાલ કરે. (આમીન)




❑ લેખક ❑
મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી
❑ અનુવાદકો ❑
હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી
*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા-મુબારકપુર)*
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
*(તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## મુવાખાત (ભાઈચારો)

જે મુસલમાન મક્કાથી હિજરત કરી મદીના શરીફ આવ્યા તેમને "મુહાજિર" કહેવામાં આવે છે અને મદીના મુનવ્વરાના મુસલમાન જેમણે મુહાજિરોની મદદ કરી તેમને "અન્સાર" કહેવાય છે. મક્કાના મુસલમાન વગર સરસામાને પોતાનાં બીવી બચ્ચાંઓને છોડીને દીનના રક્ષણ માટે મદીના આવ્યા હતા, એટલા માટે તેમને એકલતાનો અનુભવ થતો હતો. આ લોકો હજુ સુધી અન્સારના મહેમાન હતા. અન્સાર દિલથી તેમની મહેમાનનવાઝી કરતા, પરંતુ મુહાજિરો વધુ સમય સુધી કોઈના સહારે રહેવા ન ઈચ્છતા હતા. મુહાજિરો વેપારી હતા અને પોતાના હાથની કમાઈ ખાવાનું પસંદ કરતા હતા. એટલા માટે હવે એ જરૂરત ઉભી થઈ કે તેમની કમાણી માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવે. આ જરૂરત પૂરી કરવા માટે રસૂલે કરીમ ﷺએ વિચાર્યું કે અન્સાર અને મુહાજિરોના વચ્ચે ભાઈ ભાઈનો સંબંધ કરી દેવામાં આવે, જેથી તેમનું એકલતાપણુ દૂર થઈ જાય અને કમાણીનું માધ્યમ પણ પેદા થઈ જાય.

એક દિવસે રસૂલે કરીમ ﷺએ હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہના ઘરે બધા અન્સાર અને મુહાજિરોને ભેગા કર્યા. અને અન્સારને સંબોધિત કરી ઈર્શાદ ફર્માવ્યો કે આ મુહાજિરો તમારા ભાઈ છે. પછી મુહાજિર અને અન્સારમાંથી એક એકને બોલાવતા અને ફર્માવતા કે આ અને તમો ભાઈ ભાઈ છો. મદીનાના મુસલમાનોને હુઝૂર ﷺથી એટલી મહોબ્બત હતી કે આપ જે વસ્તુનો પણ હુકમ આપતા અન્સાર તેને તરત જ કબૂલ કરી લેતા. જ્યારે તેમને રસૂલ અને રસૂલના દીનથી મહોબ્બત હતી તો રસૂલના કાયમ કરેલા સંબંધને દિલથી કેમ કબૂલ ન કરતા. એટલા માટે તેમણે આ ભાઈચારાને ઘણી સારી રીતે નિભાવ્યો. અન્સાર પોત પોતાના મુહાજિર ભાઈને ઘરે લઈ ગયા. ઘરનો બધો સામાન સામે લાવી મૂકી દીધો અને કહ્યું, તમે અમારા ભાઈ છો, એટલા માટે આ સામાન અડધો તમારો અને અડધો અમારો. ત્યાં સુધી કે ઘર અને ખેતીમાં પણ અડધુ કરી દીધું. તેમના દરમિયાન સાચા ભાઈઓથી પણ વધુ મહોબ્બત થઈ ગઈ હતી. **જેનું દષ્ટાંત દુનિયાના કોઈ પણ ઈતિહાસમાં નથી મળી શકતું.** હઝરત સઅદ બિન રબિઆ અન્સારી જે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફના ભાઈ બનાવવામાં આવ્યા હતા. તેમણે પોતાનો સઘળો સામાન અડધો અડધો કર્યા બાદ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફને કહ્યું કે મારી બે પત્નીઓ છે તેમાંથી જેને તમે પસંદ કરો તેને હું તલાક આપી દઉં અને આપ તેનાથી નિકાહ કરી લો. પરંતુ આપે

ફર્માવ્યું કે, હે ભાઈ ! તમારો માલ દોલત અને બીવી બચ્ચાં તમને મુબારક ! મને તો ફક્ત બજારનો માર્ગ બતાવી દો. તેમણે મદીનાના બજાર કૈનુક઼ાઅનો રસ્તો બતાવી દીધો. આપ બજાર ગયા, પ્રખ્યાત ઘી અને પનીર ખરીદીને વેચવાનું શરૂ કર્યું. હવે દરરોજનો આ ક્રમ બની ગયો. હવે અલ્લાહ તઆલાએ આ વેપારમાં એટલી બરકત આપી કે થોડાક જ દિવસોમાં તેમણે ઘણો માલ એકઠો કરી લીધો. શાદી કરી પોતાનું ઘર પણ વસાવી લીધું, ત્યાં સુધી કે મદીનાના માલદારોમાં તેમની ગણતરી થવા લાગી. એવી જ રીતે બીજા મુહાજિરો પણ પોત પોતાના કામમાં લાગી ગયા. હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ કાપડનો વેપાર કરી લીધો. હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہ વેપારમાં લાગી ગયા. હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ ખજૂરનો વેપાર કરી લીધો. આવી રીતે બધા ધીરે ધીરે પોતપોતાના પગ પર ઊભા થઈ ગયા અને સુકૂન તથા શાંતિપૂર્વક રીતે જીવન વીતાવવા લાગ્યા.

અન્સાર અને મુહાજિરો વચ્ચે ભાઈચારો ક઼ાયમ કર્યા બાદ સરવરે કાઈનાત ﷺએ વિચાર્યું કે અન્સાર અને યહૂદીઓ વચ્ચે પણ કોઈ ક઼રાર થઈ જાય જેથી આ લોકો અંદરો અંદર એકબીજાથી લડીને તબાહ તથા બર્બાદ ન થાય. એના માટે હુઝૂરે અક઼દસ ﷺએ અન્સાર અને યહૂદીઓને બોલાવી એક દસ્તાવેજ લખાવ્યો, જેના પર બંને પક્ષોએ હસ્તાક્ષર કર્યા. તે ક઼રારનો ખુલાસો કાંઈક આ રીતનો છે :–

**(૧)** ખૂંબહા (જાનના બદલે જે માલ આપવામાં આવે) અને ફિદીયા (કેદીને છોડાવવા જે રકમ અપાય)નો તરીક઼ા પહેલાં મુજબ ક઼ાયમ રહેશે.

**(૨)** યહૂદીઓને ધાર્મિક આઝાદી રહેશે, તેમના ધાર્મિક કાર્યોમાં કોઈ દખલ કરવામાં નહીં આવે.

**(૩)** યહૂદીઓ અને મુસલમાનો બંનેવ મૈત્રીપૂર્ણ વર્તાવ રાખશે.

**(૪)** યહૂદ અથવા મુસલમાનોને કોઈથી લડાઈ થઈ જાય તો એક પક્ષ બીજાની મદદ કરશે.

**(૫)** જો મદીના પર કોઈ હુમલો કરે તો બંને પક્ષ મળીને તેનો મુક઼ાબલો કરશે.

**(૬)** કોઈપણ પક્ષ કુરૈશ અને તેના મદદગારોને પનાહ નહીં આપે.

**(૭)** કોઈ દુશ્મન સાથે એક પક્ષ સુલહ કરશે તો બીજો પક્ષ પણ તેમાં સામેલ રહેશે, પરંતુ ધાર્મિક લડાઈ તેનાથી અલગ રહેશે.

જ્યારે મદીનામાં મુસલમાન શાંતિપૂર્વક રહેવા લાગ્યા તો તે લોકો જે જાહેરમાં તો મુસલમાન બનતા હતા અને દિલમાં કાફિર હતા, જેમને મુનાફિક કહેવામાં આવે છે તેઓ મુસલમાનોના ઘણા મોટા દુશ્મન બની ગયા. તેમનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબય હતો. તેણે વિચાર્યું કે જો મુહમ્મદ (ﷺ) ન આવતા તો હું મદીનાનો બાદશાહ હોત. અને યહૂદીઓએ પણ સુલહ કરતાં કરી તો લીધી પરંતુ મુસલમાનોની સફળતા તથા તરક્કી જોઈને તેમને પણ બેચૈની મહેસૂસ થવા લાગી, અને અંદરથી દિલમાં જલવા લાગ્યા. ભલે મુસલમાન અને યહૂદીઓ વચ્ચે ક઼રાર થઈ ગયો હતો પરંતુ યહૂદીઓએ આ ક઼રારને વધુ દિવસો સુધી ન રાખ્યો. યહૂદીઓ અને મુનાફિક઼ોએ મળીને મક્કોના મુશ્રિકોથી સાંઠ ગાંઠ કરી લીધી અને મુસલમાનોને નુકસાન પહોંચાડવામાં લાગી ગયા, પરંતુ અલ્લાહ તઆલાએ દરેક વખતે મુસલમાનોની મદદ કરી.

# ઈખ્તિયારાતે મુસ્તફા ﷺ

હપ્તો ૦૧

અઝ : મુફ્તી સુબ્હાનલ્લાહ કાદરી અમજદી બનારસી رحمۃ اللہ علیہ
અનુવાદક : મૌલાના મુહમ્મદઅશરફ હાશમી
(મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

## પ્રારંભિક વાત....

اَلْحَمْدُ لِوَلِیِّہٖ وَالصَّلٰوۃُ عَلٰی نَبِیِّہٖ وَاٰلِہٖ وَصَحْبِہٖ اَجْمَعِیْنَ

ખુદાવંદે કદીર તથા કૈયૂમે પોતાના પ્યારા મહબૂબ સૈયદુલ મુરસલીન ﷺને દીન તથા દુનિયાના મુખ્તાર બનાવ્યા. તેમને હાકિમ અને સર્વ જહાનને મહકૂમ (હાકિમપણા હેઠળ) ઠરાવ્યું. પોતાના ખજાનાઓની કૂંજીઓ આપીને મુખ્તારે કુલ બનાવી દીધા કે જેવું ચાહે તેવું કરે. તેમના પવિત્ર માથા પર બંનેવ જહાનની હુકૂમતનો તાજ રાખવામાં આવ્યો. તેમને વિશાળ અધિકારો આપવામાં આવ્યા. આ મુકદ્દસ બારગાહની હુકૂમત અને ખુદાદાદ વિશાળતાનો અંદાઝો સંપૂર્ણપણે કરવો શક્ય નથી. રબ્બુલ ઈઝ્ઝત جل جلالہ એ તેમને અહકામ (હુકમો)ના માલિક બનાવ્યા કે જેને ચાહે ફર્ઝ કરે, જેને ચાહે વાજિબ ઠરાવે, જેને ચાહે હલાલ કરી આપે, જેને ચાહે હરામ કરી આપે. અને કુર્આની હુકમોથી જેને ચાહે અપવાદ કરી આપે. દા.ત. જુઓ કે ફર્માવે છે :–

لَوْ لَاۤ اَنْ اَشُقَّ عَلٰۤی اُمَّتِیْ لَاَمَرْتُھُمْ بِالسِّوَاکِ عِنْدَ کُلِّ صَلٰوۃٍ وَلَاَخَّرْتُ صَلٰوۃَ الْعِشَاءِ اِلٰی ثُلُثِ اللَّیْلِ

"જો હું મારી ઉમ્મત પર મુશ્કેલ ન જાણત તો દરેક નમાઝના માટે મિસ્વાક જરૂરી ઠરાવી આપત, અને ઈશાની નમાઝને ૧/૨ રાત સુધી લેટ કરી આપત." *(મિશ્કાત બાબુસ્સવાક, પેજ, ૪૪–૪૫)*

જાહેર છે કે આવુ તે જ કહી શકે છે જે એના કરવા પર શક્તિ તથા અધિકાર ધરાવતો હોય. સારાંશ કે હુઝૂરે અકદસ ﷺ પોતાના રબની અતાથી માલિક તથા મુખ્તાર છે, હાજતરવા (હાજત પૂરી કરનાર) છે, અહકામ (શરીઅતના હુકમો)ના માલિક છે.

અમારા આ દાવાના સમર્થન માટે વાંચકો આગલા પૃષ્ઠોનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરે. બપોરના ચમકતા સૂરજની જેમ એ હકીકત સ્પષ્ટ ઉઘાડી થઈ જશે કે હુઝૂર ﷺ માલિકો મુખ્તાર છે, અને સૌના પર હુઝૂર ﷺની હુકૂમત તથા બાદશાહત છે. *મુસ્તફા તેરી શૌકતપે લાખોં સલામ*

***–મૌલાના સુબ્હાનલ્લાહ કાદરી અમજદ*** رحمۃ اللہ علیہ

★ ★ ★

## રસૂલ ﷺની મહબ્બતમાં ડૂબીને પછી વાંચો !

શું એક વફાદાર ઉમ્મતી અને બાઅદબ ગુલામ એવું કહી શકે છે કે :–

***"જેનું નામ મુહમ્મદ અથવા અલી છે તે કોઈ ચીજનો મુખ્તાર (અધિકારી) નથી."*** *(તકવિયતુલ ઈમાન, પેજ–૨૮, મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી દેવબંદી, ગુજરાતીમાં પેજ–૧૦૯, દારૂલ ઉલૂમ અરબિયા, કંથારીયા, જિ. ભરૂચ, અનુવાદક : હસન ભડકોદ્રવી)*

આવો ! કુર્આન પર તો આપનું ઈમાન છે ને ! તો રબ તઆલાએ પોતાના મહબૂબ ﷺને કેવા કેવા ઈખ્તિયારો આપ્યા છે તે જોઈ લો !

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نحمدہٗ ونصلی علیٰ رسولہ الکریم

## મુસ્તફા ﷺના ઈખ્તિયારો

## કુર્આનની રોશનીમાં

وَمَا نَقَمُوۡۤا اِلَّاۤ اَنۡ اَغۡنٰہُمُ اللّٰہُ وَرَسُوۡلُہٗ مِنۡ فَضۡلِہٖ

**(૧)** "અને તેમને શું માઠુ લાગ્યું ? એ જ ને કે, એમને **અલ્લાહ અને રસૂલ ﷺએ** પોતાની કૃપાથી ગની કરી દીધા."

*–(કન્ઝુલ ઈમાન, સૂ. તૌબા, આ.૭૪)*

قَاتِلُوا الَّذِیۡنَ لَا یُؤۡمِنُوۡنَ بِاللّٰہِ وَلَا بِالۡیَوۡمِ الۡاٰخِرِ وَلَا یُحَرِّمُوۡنَ مَا حَرَّمَ اللّٰہُ وَرَسُوۡلُہٗ

**(૨)** "જેઓ અલ્લાહ પર અને કયામત પર ઈમાન નથી લાવતા, અને જેને **અલ્લાહે અને તેના રસૂલ ﷺએ** હરામ કર્યુ તેને હરામ માનતા નથી, તેમની સાથે લડો." *–(સૂ. તૌબા, આ.૨૯)*

وَلَوۡ اَنَّہُمۡ رَضُوۡا مَاۤ اٰتٰہُمُ اللّٰہُ وَرَسُوۡلُہٗ ۙ وَقَالُوۡا حَسۡبُنَا اللّٰہُ سَیُؤۡتِیۡنَا اللّٰہُ مِنۡ فَضۡلِہٖ وَرَسُوۡلُہٗۤ ۙ اِنَّاۤ اِلَی اللّٰہِ رٰغِبُوۡنَ

**(3)** "અને **અલ્લાહ તેમજ રસૂલ ﷺએ** તેમને જે આપ્યું તેનાથી જો તેઓ રાજી થઈ જાય તો કેવું સારૂ થાત ! અને (આવું) કહેતા કે, અમને અલ્લાહ પૂરતો છે. હવે અલ્લાહ અમને પોતાની કૃપાથી (ફઝલ)થી આપે છે અને **અલ્લાહના રસૂલ (પણ આપે છે)**. અમને અલ્લાહ તરફથી જ લગની છે." *–(સૂ. તૌબા, આ.૫૯)*

مَاۤ اٰتٰىکُمُ الرَّسُوۡلُ فَخُذُوۡہُ ٭ وَمَا نَہٰىکُمۡ عَنۡہُ فَانۡتَہُوۡا

**(૪)** "અને **તમને રસૂલ જે કાંઈ આપે તે**

હે શમ્એ રિસાલતના પરવાનાઓ ! જાને રહમત ﷺના દીવાનાઓ ! સાંભળો કુર્આન તથા હદીષો તથા દીની કિતાબો થકી એ બાબત સારી રીતે જાહેર છે કે રસૂલે અકરમ ﷺની અગણિત ઉચ્ચ ખૂબીઓમાં એક મહત્વની તથા જાહેર ખૂબી કુદરત તથા ઈખ્તિયાર પણ છે, જેને ખુદાવંદે કરીમે હુઝૂરે અક્દસ ﷺને પોતાના ફઝ્લો કરમ વડે અર્પણ કરી છે, પણ તેમ છતાં કહેનારો એવું કહે છે અને માનવાવાળા એને સ્વીકારે છે કે, "જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજના મુખ્તાર નથી !"

મુસલમાનો ! જાતે જ વિચારો કે શું કોઈ વફાદાર ઉમ્મતી અને સાચા મોમિનની બોલી આવી હોય શકે છે ? શું આ વાકય ઈમાન તથા ઈસ્લામથી અતિ દૂરનું વાકય નથી ? કે ખાલિકે કાઈનાત તો પોતાના મહબૂબ ﷺને જાત જાતના ઈખ્તિયારો અતા ફર્માવે પણ "તક્વિયતુલ ઈમાન"ના લેખક દેવબંદી તથા ગૈર મુક્લ્લિદોના પેશવા ઈન્કાર કરે અને તેના અનુયાયીઓ (દેવબંદીઓ, વહાબીઓ) એના પર આમન્ના વ સદક્ના કહે !

હે ગુલામાને રસૂલ ! ﷺ એ હકીકતને કદાપિ ન ભૂલો કે જે મહબૂબે રબ્બુલ આલમીન, સૈયદુલ અવ્વલીન વ આખરીન ﷺનો નથી તે ખુદા તઆલાનો પણ નથી. તો જેણે નબી કરીમ ﷺનો પાક દામન છોડવો હોય તે "તક્વિયતુલ ઈમાન"ના ઉપર વર્ણવેલ લખાણ પર ઈમાન લાવે અને એના પર અકીદો રાખે, નહીં તો એ વર્ણવેલ કથન તથા એના જેવા અન્ય કથનો તથા બાતિલ અકીદાઓથી બેઝારી પ્રદર્શિત કરે જેનાથી શાને નબુવ્વત પર કોઈ પ્રકારની પણ આંચ આવતી હોય અને હુઝૂર ﷺને ખુદાની અતાથી કુદરતવાળા તથા ઈખ્તિયારવાળા સ્વીકારે.

***–સુબ્હાનલ્લાહ ક઼ાદરી અમજદી*** رحمۃ اللہ علیہ

**લો** અને જેનાથી અટકાવે (તેનાથી) અટકી જાવ."

*—(સૂ. હશ્ર, આ.૭)*

وَمَا كَانَ لِمُؤْمِنٍ وَّلَا مُؤْمِنَةٍ اِذَا قَضَى اللّٰهُ وَرَسُوْلُهٗۤ اَمْرًا اَنْ يَّكُوْنَ لَهُمُ الْخِيَرَةُ مِنْ اَمْرِهِمْ ؕ وَمَنْ يَّعْصِ اللّٰهَ وَرَسُوْلَهٗ فَقَدْ ضَلَّ ضَلٰلًا مُّبِيْنًا ؕ

**(૫)** "અને કોઈ પણ મુસલમાન પુરૂષ કે મુસલમાન સ્ત્રીને એ હક્ક નથી કે જ્યારે **અલ્લાહ અને રસૂલ** (તેમના વિશે) કાંઈક આદેશ આપે તો તેમને પોતાને પોતાના મામલાનો કાંઈ અધિકાર (બાકી) રહે, અને જે **અલ્લાહ અને તેના રસૂલનો હુકમ** ન માને તે બેશક ! ખુલ્લી ગુમરાહીમાં ભટકી ગયો. *(સૂ. અહઝાબ, આ.૨૨)*

**નોંધ** : આ આયતોથી જાણવા મળ્યું કે રબની અતાથી **અલ્લાહના હબીબ ﷺ લોકોને ગની તથા માલદાર કરે છે** અને એ જાહેર વાત છે કે બીજાઓને ગની તે જ કરશે જે ખુદ માલિક તથા ઈખ્તિયારવાળો હોય. તેમજ એ કે **રસૂલુલ્લાહ ﷺએ આપ્યું છે અને આપશે પણ.** અને આપે તે જ છે જેના કબજામાં હોય, અને **નબી ﷺને હરામ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે.** એટલે કે હુઝૂર ﷺ અહકામ (હુકમો)ના માલિક છે અને એ કે **જાને રહમત શરીઅતના માલિક ﷺની ફર્માબરદારી તથા પયરવી દરેક બાબતમાં વાજિબ છે.**

આ આયતના શાને નુઝૂલ વિશે તફસીરના ઈમામો ફર્માવે છે કે હઝરત ઝૈદ બિન હારિષા رضی اللہ عنہ જે રસૂલુલ્લાહ ﷺના આઝાદ કરેલા ગુલામ હતા અને હુઝૂર ﷺએ તેમને દત્તક લઈ લીધા હતા. હુઝૂર ﷺએ પોતાની ફોઈની દિકરી હઝરત ઝૈનબ બિન્તે જહશે رضی اللہ عنہاને તેમના નિકાહનો સંદેશો આપ્યો. હઝરત ઝૈનબ બિન્તે જહશ કુરૈશ ખાનદાનનાં મોટા મરતબાવાળાં તથા ઈજ્જતવાળાં સ્ત્રી હતાં, અને ઝૈદ બિન હારિષા તેમની કૌમના પણ ન હતા. એટલા માટે ઝૈનબ બિન્તે જહશે તથા તેમના ભાઈ અબ્દુલ્લાહ બિન જહશે ના પાડી દીધી, અને સંદેશાને કબૂલ ન કર્યો. તે સમયે આ આયતે કરીમા નાઝિલ થઈ. તેને સાંભળીને બંને ભાઈ બહેન તાઈબ (તૌબા કરવાવાળાં) થયાં તથા રાજી થઈ ગયાં અને નિકાહ થઈ ગયો.

જાણવા મળ્યું કે નબીએ કરીમ ﷺ મુસલમાનોની દરેક વસ્તુના એવા માલિક છે કે તેમના હુકમ સમક્ષ કોઈને પોતાનો કોઈ ઈખ્તિયાર નથી.

**નોંધ** : કોઈ સ્ત્રી ઉપર અલ્લાહ તઆલા તરફથી ફર્ઝ નથી કે તેણી કોઈની સાથે નિકાહ ઉપર દરેક હાલતમાં રાજી થઈ જાય, ખાસ એ સ્થિતિમાં કે જ્યારે તે માણસ તેણીનો સગો (કુફૂ) પણ ન હોય. તેમ છતાં પણ નબીએ કરીમ ﷺના આપેલા પયગામ ઉપર રાજી થવું ખુદા તરફથી ફર્ઝ ન હતું એક મુબાહ તથા જાઈઝ કામ હતુ, પરંતું **નબીએ કરીમ ﷺના હુકમથી ફર્ઝ થઈ ગયું.**

એટલા માટે મોહક્કિકીન ઈમામો ફર્માવે છે કે **શરીઅતના એહકામ (હુકમો) હુઝૂરે અક્દસ ﷺના હાથમાં છે, જે વાત ચાહે વાજિબ કરી દે જેને ચાહે નાજાઈઝ ફર્માવી દે. જે આદમી તથા જે વસ્તુને જે હુકમથી ચાહે અલગ કરી દે.**

**ખુલાસો એ છે કે** : તાજદારે દો આલમ ﷺ માલિકો મુખ્તાર છે, શરીઅતના અહકામ હુઝૂર ﷺના હાથમાં છે. જો કોઈના પર કોઈ ખાસ હુકમ લગાડી દે તો આપ ﷺને તેનો હક્ક છે, અને તેને માનવું જરૂરી અને ઈન્કારનો અધિકાર નથી.

આ છે રસૂલલ્લાહ ﷺનો ઈખ્તિયાર !

***मैं तो मालिक ही कहुंगा के हो मालिक के हबीब***
***यानी महबूबो मुहिब्ब मैं नहीं मेरा तेरा***

(عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ) .....*(ક્રમશઃ)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## ફાસિદ નિકાહ કોને કહેવાય ?

નિકાહની કોઈ શરત છૂટી જાય તો તે નિકાહ ફાસિદ કહેવાશે. જેમ કે ગવાહો વગર નિકાહ કરવો, બન્ને બહેનો જોડે એક સાથે નિકાહ કરવો, અથવા ઔરતની ઈદ્દતના સમય દરમિયાન એની બહેન સાથે નિકાહ કરવો અથવા ઓરત બીજા કોઈની ઈદ્દતમાં છે તેની સાથે નિકાહ કરવો, યા ચોથી (ઓરત)ની ઈદ્દત દરમિયાન પાંચમી ઓરત સાથે નિકાહ કરવો, યા આઝાદ ઓરત નિકાહમાં હોવા છતાં બાંદી સાથે નિકાહ કરવો, આ બધા સંજોગોમાં નિકાહ ફાસિદ ગણાશે. *(બહારે શરીઅત વગેરે)*

**મસ્અલા** : ફાસિદ નિકાહમાં જ્યાં સુધી હમબિસ્તરી કરવામાં આવે ત્યાં સુધી મહેર લાઝિમ નથી. એટલે કે ખલ્વતે સહીહા કાફી નથી. (સંભોગ થવો જરૂરી છે) અને જો સંભોગ થઈ ગયો તો મહેર મિષ્લ વાજિબ છે જે નક્કી કરેલ મહેરથી વધારે ન હોવી જોઈએ અને જો એનાથી વધારે હોય તો જે મુકર્રર કરવામાં આવી હોય તે જ આપવી.

**નિકાહ ફાસિદ**નો હુકમ એ છે કે એમાં દરેક પર રદ કરી દેવો વાજિબ છે અને એ પણ જરૂરી નથી કે બીજાની હાજરીમાં રદ કરવામાં આવે. જો પોતે રદ ન કરી શકે એમ હોય તો કાઝી પર વાજિબ છે કે તે રદ કરી દે અને જો જુદાઈ થઈ કે શોહર મરી ગયો તો સંભોગ થવાને કારણે ઓરત પર ઈદ્દત વાજિબ છે. પરંતુ અહીંયાં એટલે કે **ફાસિદ નિકાહમાં મોતની ઈદ્દતની મુદ્દત ત્રણ હૈઝ છે. ચાર મહિના દસ દિવસ નહીં.** *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : ફાસિદ નિકાહમાં અલગ (જુદાઈ) તેમજ ત્યકતા થવાના સમયથી ઈદ્દત ગણાશે, ભલે ઓરતને એની ખબર ન હોય. ત્યકતાનો અર્થ એ છે કે એને છોડી દેવી. દા.ત. એમ કહેવામાં આવે કે મેં એને છોડી દીધી, યા ચાલી જા, યા નિકાહ કરી લે અથવા બીજા કોઈ એવા શબ્દો કહેવામાં આવે. ફકત જવા આવવાનું છોડી દેવાથી ત્યકતા ગણાશે નહીં જ્યાં સુધી (પોતાની) ઝબાનથી કહેવામાં ન આવે આવે. *(હિંદિયા, દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : જો કે જુદાઈ કે ત્યજવામાં ઓરતનું ત્યાં હોવું જરૂરી નથી. પરંતુ કોઈ ન કોઈએ જાણવું જરૂરી છે, જો કોઈએ ન જાણ્યું તો ઈદ્દત પૂરી ન થશે. *(હિંદિયા, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : ફાસિદ નિકાહમાં ભરણ પોષણ વાજિબ નથી. ભલે ભરણપોષણ માટે પરસ્પર એકબીજા સાથે સમજૂતી થઈ હોય, તો પણ નહીં. *(હિંદિયા, બહાર)* તે ઓરતના માટે તેના ખાનદાનની બીજી કોઈ ઓરતની મહેર જેટલી હશે તેટલી મહેર મિષ્લ ગણાશે. જેમ કે એની બહેન, ફોઈ, કાકાની દિકરી વગેરેની મહેર, પણ એની મા ની મહેર, એને માટે મહેર મિષ્લ બની શકશે નહીં કેમ કે તે બીજા ખાનદાનની છે. જો એની મા એના જ ખાનદાનની હોય. દા.ત. એના બાપની કાકાની દિકરી (પિતરાઈ બહેન) છે તો એની મહેર માટે મહેર મિષ્લ બની શકે છે અને તે ઓરત કે જેની મહેર એને માટે મહેર મિષ્લ કઈ કઈ વાતોમાં એના જેવી હોવી જોઈએ તેનું વર્ણન આ પ્રમાણે છે : **(૧)** ઉંમર **(૨)** સુંદરતા **(૩)** માલમાં બરાબર હોય **(૪)** બન્ને એક શહેરમાં હોય **(૫)** એક જ સમયમાં હોય **(૬)** અક્કલ **(૭)**

તમીઝ **(૮)** દયાનત **(૯)** પરહેઝગારી **(૧૦)** ઈલ્મ **(૧૧)** અદબમાં એક સરખી હોય **(૧૨)** બંને કુંવારી હોય **(૧૩)** યા બન્ને ઓલાદ હોવા ન હોવામાં એક સરખી હોય કે જેના ઈખ્તેલાફથી મહેરમાં ઈખ્તેલાફ પેદા થતો હોય **(૧૪)** શોહરની હાલતને લક્ષમાં રખાતી હોય. દા.ત. જવાન અને ઘરડા (વૃદ્ધ)ની મહેરમાં ઈખ્તેલાફ હોય છે. નિકાહના સમયે આ કામોમાં સરખાપણુ જરૂરી છે. પાછળથી કોઈ વાતમાં વધઘટ થઈ તો એનો કોઈ એ'તેબાર નથી. દા.ત. એકનો જયારે નિકાહ કરવામાં આવ્યો હતો તે વખતે એની જે હેસિયત હતી તેવી જ હેસિયત બીજીએ નિકાહ કર્યા ત્યારે તેની હતી, પરંતુ પાછળથી પહેલીમાં કમી આવી અને બીજીની હેસિયત વધી યા એનાથી ઊલટું થયું (પહેલીની વધી અને બીજીની ઓછી થઈ) તો એનો એ'તેબાર નથી. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : જો તેણીના ખાનદાનમાં મહેર મિષ્લ થઈ શકે એવી બીજી કોઈ ઓરત ન હોય તો બીજું ખાનદાન કે જે એના ખાનદાનની બરાબરનું હોય તેમાં એના જેવી બીજી કોઈ ઓરત હોય તો એની મહેર એને માટે મહેર મિષ્લ બની શકે છે. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : મહેર મિષ્લની સાબિતી માટે બે મર્દ યા એક મર્દ અને બે ઓરતોની ગવાહી જોઈએ જેઓ પોતે શાબ્દિક રીતે કહે અને જો ગવાહ ન હોય તો ઓરત પોતે કસમ સાથે કહે તો તે વિશ્વસનીય ગણાશે. *(હિંદિયા, બહાર)*

**મેહરે મુસમ્મા**ના ત્રણ પ્રકાર છે. **પહેલો પ્રકાર** મજહુલુલ્ જિન્સ વલ વસ્ફ જેમ કે કોઈ કપડાં યા ચોપગું પ્રાણી યા મકાન યા બકરીના પેટમાં જે બચ્ચું છે તે અથવા આ સાલ બાગમાં જેટલાં ફળો આવશે તે આ પ્રમાણે કોઈ ચીજની મહેર નક્કી કરવામાં આવે તો એ નક્કી કરેલ ચીજ નહીં પરંતુ મેહર મિષ્લ વાજિબ થશે. **બીજો પ્રકાર** માઅલુમુલ્ જિન્સ મજહુલુલ્ વસ્ફ. જેમ કે ગુલામ યા ઘોડો યા ગાય અથવા બકરી આ બધામાંથી જે કહેવામાં આવ્યું હોય (નક્કી કરવામાં આવ્યું હોય) તેમાંથી દરમિયાની દરજ્જાની વાજિબ છે અથવા એની બરાબરની કિંમત (વાજિબ) છે. **ત્રીજો પ્રકાર** માલૂમુલ જિન્સ વલ વસ્ફ : એમાં જે કહેવામાં આવ્યું તે જ વાજિબ છે. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : જલ્દી અથવા પાછળથી અદા કરવાના એ'તેબારથી મહેરના ત્રણ પ્રકાર છે : **(૧)** મુઅજ્જલ **(૨)** મોવજ્જલ **(૩)** મુત્લક્.

**મુઅજ્જલ**માં એકાંતવાસ કરતા પહેલાં મહેર અદા કરવાની હોય છે અને **મુવજ્જલ**માં મુદત નક્કી કરવામાં આવી હોય છે અને **મુત્લક્** તેને કહેવામાં આવે છે કે જે મુઅજ્જલ પણ નથી અને મોવજ્જલ પણ નથી. હા ! બની શકે છે થોડો ભાગ મુઅજ્જલનો અને થોડો ભાગ મોવજ્જલનો કે થોડો ભાગ મુત્લક્નો હોય અને એમ પણ હોય શકે છે કે થોડો મુઅજ્જલ હોય અને થોડો ભાગ મુત્લક્ હોય અથવા થોડો ભાગ મોવજ્જલ હોય અને એવું પણ હોય શકે છે કે થોડો ભાગ મુઅજ્જલ હોય, થોડો ભાગ મત્લક્ હોય. મેહેરે મુઅજ્જલ વસૂલ કરવા માટે ઓરતને હક્ક્ છે કે તે પોતાના શોહરને રોકી શકે છે. અર્થાત તેને પોતાના શોહરને સંભોગ કરવાથી રોકી શકવાનો અધિકાર છે. ભલે બધી જ મહેર મુઅજ્જલ પ્રકારની હોય કે થોડીક, અને શોહરને પણ હક્ક્ નથી કે તે પોતાની ઓરતને મજબૂર કરે. જો કે એનાથી પહેલાં ઓરતની રઝામંદીથી સંભોગ કે એકાંતવાસ થઈ ચૂકયો હોય. એટલે કે ઓરતને હમેશાં એ અધિકાર પ્રાપ્ત છે કે જ્યાં સુધી વસૂલ કરવામાં ન આવે, એ જ પ્રમાણે જો શોહર સફરમાં પોતાની સાથે લઈ જવા ઈચ્છતો હોય તો મહેર મુઅજ્જલ વસૂલ કરવા માટે પોતે સાથે જવાથી ઈન્કાર કરી શકે છે. એ રીતે જો મહેર

મુત્લક઼ નક્કી થયેલ હોય અને ત્યાંનો રિવાજ હોય કે આવા પ્રકારની મહેરમાં એકાંતવાસ પહેલાં થોડો ભાગ અદા કરવામાં આવે તો એના ખાનદાનમાં જેટલો હિસ્સો (જેટલી રકમ) અગાઉથી અદા કરવાનો રિવાજ હોય તેનો હુકમ મહેર મુઅજ્જલ ગણાશે. અર્થાત એને વસૂલ કરવા માટે સંભોગ કે સફરમાં જવાથી ઈન્કાર કરી શકે છે. અને જો મહેર મોવજ્જલ એટલે મુદ્દત નક્કી કરેલ હોય અને મુદ્દત માલૂમ ન હોય તો પણ તાત્કાલિક અદા કરી દેવી વાજિબ છે. હા, મોવજ્જલ પ્રકારની હોય અને તેમાં એવી મુદ્દત નક્કી કરવામાં આવી હોય કે તલાક઼ આપવા કે મોત આવતા સુધીમાં વસૂલ કરવાનો હક્ક઼ છે તો જ્યાં સુધી તલાક઼ ન અપાય કે મોત ન આવે ત્યાં સુધી વસૂલ કરી શકતી નથી. જેમ કે ખાસ કરીને હિન્દુસ્તાનમાં મહેર મુવજ્જલ બાબતમાં આવો રિવાજ સમજવામાં આવે છે (એટલે કે તલાક઼ આપતી વેળા કે મરતી વખતે મહેર અદા કરવાનો રિવાજ છે). *(આલમગીરી, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : નાબાલિગની રૂખસત (વિદાય) થઈ ચૂકી હોય અને મહેર મુઅજ્જલ વસૂલ કરવામાં ન આવી તો એનો વાલી રોકી શકે છે. શોહર જ્યાં સુધી મેહર મુઅજ્જલ અદા ન કરે ત્યાં સુધી કંઈ કરી શકતો નથી. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : મહેર મુવજ્જલ એટલે કે મુદ્દત નક્કી કરેલી હતી અને મુદ્દત પૂરી થઈ ગઈ તો ઓરત પોતાને રોકી શકે છે અથવા તો થોડીક મુવજ્જલ હતી અને થોડીક મુઅજ્જલ એટલે કે નક્કી કરેલ મુદ્દતની હતી તેમાં પણ મુદ્દત પૂરી થઈ ગઈ તો ઓરત પોતાને રોકી શકે છે. *(હિંદિયા, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : મેહરે મુઅજ્જલ લેવા માટે જો ઓરત સંભોગ માટે ઈન્કાર કરે તો એ કારણે ભરણપોષણ (પાલન પોષણ) રદ થશે નહીં તેમજ એવી હાલતમાં શોહરની ઈજાઝત વગર ઓરત ઘરની બહાર તેમજ જરૂરતના પ્રસંગે મુસાફરી પણ કરી શકે છે અને પોતાના પિયરવાળાંઓને મળવા પણ રજા વગર જઈ શકે છે. અને જો મહેર વસૂલ કરી લીધી તો હવે વિના ઈજાઝત નથી જઈ શકતી. પરંતુ કેવળ પોતાના મા બાપને મળવા માટે અઠવાડિયામાં એક વખત આખા દિવસ માટે જઈ શકે છે અને મેહરમોને ત્યાં વર્ષમાં એક વખત અને મેહરમો સિવાય અન્ય રિશ્તેદારોને ત્યાં તથા બીજાઓને ત્યાં શાદી ગમીના પ્રસંગોમાં જઈ શકતી નથી. શોહર પણ આવા પ્રસંગોમાં જવા માટે રજા આપી શકશે નહીં અને રજા આપવામાં આવી તો બન્ને ગુનેહગાર થશે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : જો શોહરે કોઈ ચીજ ઓરતને ત્યાં મોકલી અને જો એમ કહેવામાં આવ્યું કે આ હદિયો છે તો તે પાછળથી (હવે) એમ કહી શકતો નથી કે એ મહેર પેટે હતી અને જો કંઈ પણ કહેવામાં આવ્યું ન હતું પણ પાછળથી કહે કે એ મહેર પેટે મોકલી અને જો એમ કહે કે એ હદિયો છે અને તે (મોકલેલી) ચીજ ખાવાની પ્રકારની દા.ત. રોટી, ગોશ્ત, હલવો, મીઠાઈ વગેરે હતી તો ઓરત પાસે ક઼સમ લેવડાવી તેની વાત માનવામાં આવશે અને જો ખાવાની વસ્તુ ન હતી, બલ્કે ક઼ાયમ રહેનાર હતી જેમ કે કપડાં, બકરી, ઘી, શહદ (મધ) વગેરે તો મરદને ક઼સમ ખવડાવવી અને ક઼સમ ખાય લે તો એની વાત માની લેવી. ઓરતને એ વાતનો અધિકાર છે કે તેણી જ ક઼સમ ખાધા પછી પણ મહેર નથી ગણતી (માનતી) હજુ પણ તે મહેરને બાકી માને છે, તો તે ચીજ પરત કરી દે અને પોતાની મહેર વસૂલ કરે. *(હિંદીયા, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : છોકરીને દહેજમાં જે કંઈ આપ્યું હોય તે પાછુ લઈ શકાતુ નથી તેમજ વારસદારોને પણ કોઈ અધિકાર નથી, જ્યારે કે મૃત્યુ વેળાની બીમારીમાં ન આપવામાં આવ્યું હોય. એ રીતે નાબાલિગ છોકરી માટે જે કંઈ ખરીદ કરવામાં આવ્યું ભલે હજુ તેને આપવામાં ન આવ્યું હોય

અથવા મૃત્યુ વેળાની બીમારીમાં આપવામાં આવ્યું તો એની માલિક છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : છોકરીવાળાઓએ નિકાહ યા વિદાય વેળા શોહર પાસેથી કંઈ લીધું હોય અર્થાત લીધા વગર નિકાહ કે વિદાય કરવાથી ઈન્કાર કરતા હોય તેવા સમયે શોહરે એમની માગણી પૂરી કરી વસ્તુ આપીને નિકાહ કે વિદાય કરાવી હોય તો શોહર તે વસ્તુ પાછી લઈ શકે છે અને તે વસ્તુ ન રહી તો તેની કિંમત માગી શકે છે, કેમ કે એ રિશ્વત ગણાશે. *(બહાર વગેરે)*

**મસ્અલા** : વિદાય વેળા જે કપડાં આપવામાં આવ્યાં (શોહર તરફથી) જો તે છોકરીની માલિકીના ગણીને આપવામાં આવ્યાં જેમ કે હિન્દુસ્તાનમાં ખ ાસ કરીને એવો રિવાજ કે તે વખતે છોકરીને માલિક બનાવીને કપડાં આપવામાં આવે છે તો તેને પરત મેળવી શકશે નહીં. જો માલિકીનાં બનાવવામાં ન આવ્યાં હોય તો પાછાં લઈ શકાય છે. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : છોકરીને દહેજ આપવામાં આવ્યું, પછી એમ કહેવામાં આવે કે એ થોડા વખત પૂરતું (ઉછીનુ) દેવામાં આવ્યું છે અને છોકરી અથવા તેના મૃત્યુ પછી શોહર કહે કે એ તો માલિકીનું કહીને આપવામાં આવ્યું હતું, તેવા સંજોગોમાં જો એ ચીજ એવા પ્રકારની હોય કે ખાસ કરીને લોકો એને દહેજમાં આપતા હોય તો છોકરી કે એના ધણીની વાત માનવામાં આવશે. અને જો ખાસ કરીને એવી ન હોય બલ્કે ઉછીના તેમજ માલિકીપણા એમ બન્ને પ્રકારમાં આપવામાં આવતી હોય તો એના બાપ તથા વારસદારોની વાત વિશ્વાસપાત્ર ગણાશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : જે હાલતમાં છોકરીની વાત વિશ્વાસપાત્ર ગણાશે તે એ છે કે જો એના બાપે ગવાહ રજૂ કર્યા અને તેઓ (ગવાહો) એમ કહે કે આપતી વેળા એમણે એવું કહીને આપ્યા હતા કે આ માલિકીનું બનાવીને આપવામાં આવે છે તો ગવાહો માન્ય રહેશે. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : જે ઘરમાં પતિ પત્ની બન્ને રહેતાં હોય તેમાં કેટલોક સામાન એવો હોય કે જેની માલિકીના દાવેદાર બન્ને જણા હોય. તો જો તેમાં એવી ચીજ હોય કે જેનો ઉપયોગ ઓરતો કરતી હોય છે જેવી કે દુપટ્ટા, શિંગારદાન, ખાસ ઓરતોનાં પહેરવાનાં કપડાં, તો એવી ચીજ ઓરતને આપવામાં આવશે. હા ! જો પતિ કોઈ સાબિતી આપે કે એ ચીજ એની જ છે તો તેને આપવામાં આવશે. અને જે ચીજનો ઉપયોગ ખાસ મરદો જ કરતા હોય છે, જેમ કે ટોપી, અમામા, અંગરખુ, હથિયાર વગેરે, તો એવી ચીજ મરદને આપવામાં આવશે. પરંતુ જો ઓરત પોતે ગવાહ રજૂ કરી એની માલિકી સાબિત કરી શકતી હોય તો તેને આપવામાં આવશે. અને જો બન્નેના ઉપયોગની વસ્તુ છે, જેમ કે પથારી તો મરદને આપવામાં આવશે પરંતુ ઓરત ગવાહ રજૂ કરે તો તેણીને આપવામાં આવે. અને જો બેમાંથી એકનું મૃત્યુ થયું અને એમના વારસદારોમાં (વહેંચણી બાબત) મતભેદ થાય તો પણ આ પ્રમાણે જ અમલ કરવાનો રહેશે. પરંતુ જે ચીજ બન્નેના ઉપયોગની હોય તે જીવે છે તેને આપવી વારસદારને નહીં. જો મકાનમાં વેપારનો માલ હોય અને બધા જાણતા હોય કે તે માણસ એ ચીજોનો વેપાર કરતો હતો તો મરદને આપી દે. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : નાબાલિગ (છોકરી)ના બાપને હક્ક છે કે તે પોતાની છોકરીની મેહરે મોઅજ્જલ શોહર પાસેથી વસૂલ કરી લે. જો છોકરી ઉંમર લાયક (સંભોગ કરી શકાય એટલી ઉંમરની) હોય તો શોહર રૂખસત કરાવી શકે છે. એને માટે ત્રીજા કોઈનો હક્ક નથી. અને જો છોકરી ઉંમર લાયક નથી, ભલે બાલિગ છે તો રૂખસત માટે દબાણ, જોર કે મજબૂર કરી શકાશે નહીં.

*—(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

# ગુનાહોનો ઈલાજ

:: લેખક ::
હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન કાદરી
અનુવાદક :: મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી (લેસ્ટર, યુ.કે.)

## કબ્રના ભડકા તથા ધૂમાડાઓ

આ સનસનીખેઝ બનાવ નવાએ વકતના મેગેઝિનમાં પ્રસિદ્ધ થયો હતો. એક હાજી સાહબ જે પાંચ સમયની નમાઝ પાબંદીથી પઢતા હતા, માલદાર હોવાની સાથોસાથ ઘણા સખી દિલ પણ હતા. દિલ ખોલીને ગરીબો તથા વિધવાઓની ઈમદાદ કર્યા કરતા હતા. કેટલાયે યતીમ બાળકોની શાદી પર કરાવી આપી. હજ્જ પણ કર્યો હતો. ઈ.સ. ૧૯૭૩ની એક સવારે તેમનો ઈન્તેકાલ થઈ ગયો. બેહદ મિલનસાર અને બાઅખ્લાક હતા. મહોલ્લાવાળાઓ એમનાથી ખૂબ જ પ્રભાવિત હતા જેથી ગમગીન લોકોની આવન જાવન ખૂબ હતી. એમના જનાઝામાં લોકોની ખૂબ જ ભીડ હતી. સર્વ લોકો કબ્રસ્તાન આવ્યા, કબ્ર ખોદીને તૈયાર કરી લીધી. જેવી મૈયત કબ્રમાં ઉતારવાના માટે લાવ્યા એવામાં ગઝબ થઈ ગયો ! એકાએક કબ્ર આપોઆપ બંધ થઈ ગઈ. સર્વ લોકો પરેશાન થઈ ગયા. બીજીવાર જમીન ખોદવામાં આવી. જ્યારે મૈયત ઉતારવા લાગ્યા તો ફરી કબ્ર આપોઆપ બંધ થઈ ગઈ. સર્વ લોકો પરેશાન હતા. એકાદવાર અધિક એવું જ થયું. છેવટે ચોથીવાર દફન કરવામાં કામયાબ થઈ જ ગયા. ફાતિહા પઢી સૌ પરત થઈ ગયા અને હજી થોડાક જ ડગલાં ચાલ્યા હતા એવામાં એવું મહેસૂસ થયું જાણે કે જમીન જોર જોરથી હાલી રહી છે. લોકોએ એકદમ પાછળ ફરીને જોયું તો એક હોશ ઉડાડી દેનારો મન્ઝર હતો. આહ ! કબ્રમાં તીરાડો પડી ચૂકી હતી, તેમાંથી આગના ભડકા તથા ધૂમાડા ઉઠી રહ્યા હતા અને કબ્રની અંદર ચીસો પાડવાની અવાજો તદ્દન સાફ સંભળાઈ રહી હતી. આ ધ્રુજાવી દેનારો મન્ઝર જોઈને સૌના હોશ ઉડી ગયા અને સર્વ લોકો જેનાથી જે રીતે બની શક્યું ભાગવા માંડયા. સર્વ લોકો ઘણા પરેશાન હતા કે જાહેરમાં નેક, સખી તથા બાઅખ્લાક ઈન્સાનની છેવટે એવી કઈ ખતા હતી જેના સબબે આટલા પ્રમાણમાં ભયાનક અઝાબે કબ્રમાં સપડાઈ ગયો ?! તેહકીક કરવા પર એના હાલ કાંઈક આ પ્રમાણે સામે આવ્યા :–

"મર્હૂમ બચપનથી જ ખૂબ જ દિમાગવાળો હતો જેથી મા બાપે ઉચ્ચ તા'લીમ અપાવી. જ્યારે ખૂબ ભણી ગણી લીધું તો કોઈ રીતે પણ સિફારિશ કે લાંચના જોર પર એક સરકારી ખાતામાં નોકરી મેળવી લીધી. લાંચ ખાવાની લત પડી ગઈ. લાંચની દોલતથી પ્લોટ પણ ખરીદયા અને ઘણુ બધુ બેંક બેલેન્સ પણ કરી લીધું, એનાથી હજ્જ પણ અદા કરી અને સર્વ સખાવત પણ તે હરામ માલથી કર્યા કરતો હતો."

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! જોયું તમે હરામ માલનો કેટલા પ્રમાણમાં દર્દનાક અંજામ થયો. યાદ રાખો ! હદીષના હુકમાનુસાર લાંચ આપનાર તથા લેનાર બંને જહન્નમી છે. હરામ માલથી કરવામાં આવતાં નેક કામો પણ બેકાર જાય છે. કેમ કે અલ્લાહ ﷻ પાક છે અને પાક માલને

જ કુબૂલ ફર્માવે છે. જેમ કે સરકારે મદીના ﷺનું આલીશાન ફર્માન છે : "જે શખ્સ હરામનો માલ કમાય છે અને પછી સદકો કરે છે એને કુબૂલ નહીં કરવામાં આવે, અને એમાંથી ખર્ચ કરશે તો એના માટે એમાં બરકત થશે નહીં અને એને પોતાની પાછળ છોડશે તો એ એના માટે દોઝખનો દરવાજો બનશે." *(મિશ્કાત શરીફ)*

## લાંચિયા ઓફિસરનો ભયાનક અંજામ !

રાવલપિંડીના કૃબ્રસ્તાન રતા ઈમરાલમાં ઉપસ્થિત થનાર સરકારી ખાતાના એક ઓફિસરનો એક અધિક દર્દનાક બનાવ વાંચો :–

૨૭ જમાદિયુલ અવ્વલ હિ.સ. ૧૪૧૧ના રોજ પોલીસ ઓફિસરનો જનાઝો કૃબ્રસ્તાન લાવવામાં આવ્યો. જ્યારે એને કૃબ્રમાં ઉતારવા લાગ્યા તો એની કૃબ્ર એકાએક વાંકી થઈ ગઈ. પહેલાં તો લોકોએ એને કૃબ્ર ખોદનારાઓનો વાંક ઠરાવ્યો. બીજી જગાએ કૃબ્ર ખોદવામાં આવી અને મૈયત ઉતારવા લાગ્યા તો કૃબ્ર એકવાર ફરી વાંકી થઈ ગઈ. હવે લોકોમાં ખૌફ તથા ભય ફેલાવા લાગ્યો. ત્રીજીવાર પણ એવું જ થયું કે કૃબ્ર આશ્ચર્યજનક હદ સુધી વાંકી થઈ જતી કે દફન કરવું શક્ય ન રહેતું. છેવટે જનાઝામાં શરીક લોકોએ ભેગા મળીને મર્હૂમના માટે મગફેરતની દુઆ કરી અને પાંચમીવાર વાંકી કૃબ્રમાં પણ ગમે તેમ કરીને ફસાવીને દફનાવી દેવામાં આવ્યો. *(બહવાલા રિસાલા પુર અસ્રાર, ભિકારી)*

હઝરત સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત થયેલ છે કે રસૂલુલ્લાહ ﷺનું ફર્માને આલીશાન છે : **"જે શખ્સ કોઈ કૌમનો વાલી તથા કાઝી નિયુક્ત થયો તે કયામતના દિવસે એ હાલતમાં રજૂ થશે કે તેનો હાથ ગરદન સાથે બંધાયેલો હશે. પછી જો તે લાંચીયો ન હતો અને તેના ફૈંસલા પણ હક્ક પર આધારિત હતા તો તેને આઝાદ કરી દેવામાં આવશે, જો તે લાંચખોર હતો અને લોકોથી માલ લઈને હક્કની વિરુદ્ધ ફૈંસલો કરતો હતો તો તેને જહન્નમમાં ફેંકી દેવામાં આવશે અને તે ૫૦૦ વરસની જેટલી ઊંડાઈમાં જઈને પડશે."**

## ઓછુ તોલવાનો અને ભેળસેળનો ખતરનાક અંજામ

હદીષે પાકમાં આવે છે કે નિઃશંક ! જહન્નમમાં એક વાદી છે જેની ગરમીથી જહન્નમવાસીઓ રોજ પાંચવાર પનાહ માગે છે. જો એ વાદીમાં પહાડ નાખી દેવામાં આવે તો તે પણ તેની ગરમીથી ઓગળી જાય. એ વાદીમાં **નમાઝમાં સુસ્તી કરનારા અને ઓછુ માપનારા અને ઓછુ તોલનારા (કાંટી મારનારા)ને કૈદ કરવામાં આવશે.** તો અફસોસ છે કે જેણે આવી જન્નતને જેની પહોળાઈ આસ્માનો તથા જમીનના બરાબર છે તેને એક દાણા બે દાણાના બદલામાં વેચી નાખી. *(કુર્રતુલ ઓયૂન)*

"જે શખ્સ તોલ માપમાં ખયાનત કરે છે, કયામતના દિવસે તેને દોઝખની ગહરાઈઓમાં નાખવામાં આવશે અને બે આગના પહાડોની વચ્ચે બેસાડીને હુકમ આપવામાં આવશે કે આ પહાડોને માપો તથા તોલો. જ્યારે તે તોલવા લાગશે તો આગ તેને સળગાવી દેશે." *(ફયઝાને સુન્નત)*

હઝરત સૈયદના માલિક બિન દીનાર رحمۃ اللہ علیہ એક બીમારના સિરહાને તશરીફ લાવ્યા જે મૃત્યુ નજીક હતો. આપ رحمۃ اللہ علیہએ કેટલીયેવાર તેને કલ્માની તલ્કીન કરી પરંતુ તે દસ અગ્યાર, દસ અગ્યારનો અવાજ લગાડતો રહ્યો. જ્યારે એને

તેનું કારણ પૂછવામાં આવ્યું તો કહ્યું, મારી સામે આગનો પહાડ છે, જ્યારે હું કલમો પઢવાની કોશિશ કરું છું તો તે આગ મને સળગાવવાના માટે લપકે છે. પછી આપ رحمۃ اللہ علیہએ પૂછયું, દુનિયામાં તમે શું કામ કરતા હતા ? તેણે કહ્યું, હું ઓછુ તોલ્યા કરતો હોત. *(તઝકેરતુલ ઔલિયા)*

આહ ! તોલમાપમાં કમી કરવાવાળા ! તારી બરબાદી ! થોડાક સિક્કાઓ ખાતર પોતાની જાતને જહન્નમમના ભડકાઓને ભેટ ધરવાની હિંમત કરનારાઓ ! તમારા માટે ઈબ્રત જ ઈબ્રત છે.

બદ્ કિ઼સ્મતીથી આજકાલ માપ તોલમાં કમી કરવી તદ્દન સામાન્ય થઈ ગયું છે અને મઆઝલ્લાહ ! એને અયબ જ સમજવામાં નથી આવતું, જ્યારે કે એ હરામ તથા ગુનાહે કબીરા છે. બંદાઓનો હક્ક઼ મારવું છે. આવું કરવાથી માલમાં જાહેરી રીતે ટેમ્પરરી માલમાં વધારો થઈ પણ જાય તો તેથી શું થયું ?! પરિણામે તો બર્બાદી જ બર્બાદી છે. દુનિયામાં પણ નુકસાન અને આખેરતમાં દુઃખદાયક અઝાબની ધમકી છે. દુનિયામાં તો હરામ માલ કેટલીકવાર બીમારીઓ, કેસો, કોર્ટના લફરાંઓ, તથા કેટલીકવાર ડાકૂઓની ભેટ ચઢી જ જાય છે.

ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે : કપડાનો વેપારી કપડુ લેતી વખતે ઢીલુ રાખીને માપે અને આપતી વખતે સખ્ત (તંગ) કરીને તથા ખેંચીને આપે તે બદ્તરીન ફાસિક઼ લોકોના ગિરોહમાં સામેલ છે. અને તે કસાઈ તે હાડકાને ગોશતમાં રાખીને વેચે છે જેને વેચવાનો રિવાજ નથી તે પણ બદ્તરીન ફાસિક઼માં સામેલ છે. અને જે શખ્સ અનાજ વેચે અને ઉર્ફ તથા નિયમથી વધુ માત્રામાં માટી તથા ધૂળ પડી રહેવા દે તે પણ એમનામાં સામેલ છે. અને આ સર્વ વાતો હરામ તથા નાજાઈઝ છે અને દરેક પ્રકારના કારોબાર અને વહેવારમાં લોકોની સાથે અદ્લો ઈન્સાફ કરવો ફર્ઝ તથા જરૂરી છે. *(કીમિયાએ સઆદત)*

એ જ પ્રમાણે સારો માલ ઉપર અને હલકો માલ નીચે રાખવો જ્યારે કે ધોકો આપવાનો હેતુ હોય, સારો માલ દેખાડીને હલકો માલ ધોકાથી પકડાવી દેવો, ફળ વગેરે પણ પાણી છાંટીને વજન વધારી આપવું, એ સૌ હરામ છે. અલ્બત્ત, આ અયબો ગ્રાહકને બતાવ્યા પછી માલ વેચવો ગુનોહ નથી.

હે ભેળસેળ કરનારાઓ ! તમે પણ કાન ખોલીને સાંભળી લો ! બયહક઼ીએ ઈબ્ને મહમૂદ رضی اللہ عنہથી રિવાયત કરી કે હું હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની પાસે બેઠો હતો અને કહ્યું, અમે હજ્જના માટે આવ્યા છીએ અને રસ્તામાં અમારો એક સાથી મૃત્યુ પામ્યો છે. અમે એના માટે ક઼બ્ર ખોદી તો ક઼બ્રમાં ભયંકર કાળો સાપ બેઠેલો જોવા મળ્યો. અમે એ જગા છોડી આપી અને બીજી જગાએ ક઼બ્ર ખોદી તો એ ક઼બ્રમાં પણ તે જ સાપ બેઠેલો જોવા મળ્યો. પછી અમે ત્રીજી ક઼બ્ર ખોદી તો એમાં પણ તે જ સાપ જોવા મળ્યો. અમે પરેશાન થઈને હવે આપની પાસે આવ્યા છીએ કે શું કરીએ ?

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું કે તમે સાપની પાસે જ તેને દફન કરી આપો. ખુદાની ક઼સમ ! જો તમે આખી જમીન પણ તેના માટે ખોદી કાઢશો તો પણ એ સાપ તમને જરૂર દેખાશે. જેથી અમે તેના માટે એક ક઼બ્ર ખોદીને તેને સાપની પાસે જ દફન કરી આપ્યો. અને પછી વતન પરત થતાં તેની પત્નીને તેની પરિસ્થિતિ જણાવવા કહ્યું તો તેણીએ જણાવ્યું કે એ આટાનો વેપારી હતો અને આટામાં લાકડાનું ભૂસુ મેળવીને વેચ્યા કરતો હતો.

# હઝરત માલિક બિન દીનાર رحمۃ اللہ علیہ

## હાલાત તથા ખૂબીઓ

તઝકેરતુલ અવલિયા — હપ્તો ૦૭

અઝ : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ // અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી-દયાદરવી

**ઓળખ** : આપ તથા હસન બસરી رحمۃ اللہ علیہ સમકાલિન છે. આપની ગણના પણ દીની પેશવાઓ તથા સાલિકીન રહનુમાઓમાં થાય છે. આપનો જન્મ પોતાના પિતાના ગુલામીના દૌરમાં થયો હતો, એમનું નામ દીનાર હતું. જાહેરી એતબારથી આપના ગુલામઝાદા છે પરંતુ બાતિની તૌર પર ફયઝો તથા બરકતોના શ્રોત છે અને કરામતો તથા રિયાઝતોના એતબારથી આપનો દરજ્જો ઘણો જ ઉચ્ચ છે.

**દીનાર નામ પડવાનું કારણ** : એકવાર આપ નાવમાં સફર કરી રહ્યા હતા અને મધ દરિયે પહોંચીને નાવિકે જ્યારે ભાડુ માગ્યું તો આપે કહ્યું કે મારી પાસે આપવા માટે કાંઈ જ નથી. આ સાંભળીને બદ્‌કલામી કરતાં તેણે આપની એટલી પિટાઈ કરી કે આપ બેહોશ થઈ ગયા. અને જ્યારે બેહોશી દૂર થઈ તો નાવિકે ફરીથી ભાડુ માગતાં કહ્યું કે જો તમે ભાડુ ન આપ્યું તો દરિયામાં ફેંકી દઈશ. એ જ વખતે અચાનક કેટલીક માછલીઓ મોઢામાં એક એક દીનાર દબાવીને પાણીની ઉપર નાવડીની પાસે આવી અને આપે એક માછલીથી દીનાર લઈને ભાડુ અદા કરી આપ્યું. નાવિક આ હાલ જોઈને કદમોમાં પડી ગયો અને આપ કશતીમાંથી નદી પર ઉતરી ગયા અને પાણી પર ચાલતા ચાલતા નજરોથી ઓઝલ થઈ ગયા. આ કારણે દીનાર શબ્દ આપના નામનો ભાગ બની ગયો.

**સ્વાર્થ તથા ઈખ્લાસ (નિઃસ્વાર્થપણા)માં ફરક** : આપ ઘણા ખૂબસૂરત તથા ખૂબ જ માલદાર હતા અને દમિશ્કમાં રહેતા હતા અને હઝરત મુઆવિયહ رضی اللہ عنہની બનાવેલી મસ્જિદમાં એ'તેકાફ કર્યા કરતા હતા. એકવાર એવો ખયાલ આવ્યો કે કોઈ સ્થિતિ એવી ઉભી થઈ જાય કે મને આ મસ્જિદનો મુતવલ્લી બનાવી દેવામાં આવે. (જેની આવક ઘણી હતી.) જેથી આપે એ'તેકાફ પર એ'તેકાફ અને એટલા અધિક પ્રમાણમાં નમાઝો પઢી કે દરેક શખ્સ આપને દરેક સમયે નમાઝમાં વ્યસ્ત જોતો, પણ કોઈએ પણ આપના તરફ ધ્યાન ન આપ્યું. પછી એક વરસ બાદ આપ મસ્જિદથી બહાર આવ્યા તો ગયબી અવાજ આવ્યો કે, હે માલિક ! તારે હવે તૌબા કરી લેવી જોઈએ ! જેથી આપને એક સાલ સુધી કરેલ પોતાના સ્વાર્થપણા તથા દેખાડાની ઈબાદત પર સખત રંજ તથા શર્મિંદગી થઈ અને આપે પોતાના દિલને રિયાકારીથી પાક કરીને ખુલૂસ નિય્યત સાથે એક રાત ઈબાદત કરી તો સવારના સમયે જોયું કે મસ્જિદના દરવાજા પર એક ભીડ છે જેઓ આપસમાં કહી રહ્યા છે કે મસ્જિદની વ્યવસ્થા બરાબર નથી જેથી આ શખ્સને મુતવલ્લી બનાવી દેવામાં આવે અને સર્વ વ્યવસ્થા તંત્ર એને સુપરત કરી દેવામાં આવે. ત્યાર બાદ એકમત થઈને પૂરો મજમો આપની પાસે પહોંચ્યો. જ્યારે આપ નમાઝથી ફારિગ થઈ ગયા તો અર્ઝ કરી કે અમો સૌએ એકમત થઈને ફેંસલો

કર્યો છે કે તમને મુતવલ્લી બનાવવામાં આવે. આપે અલ્લાહ તઆલાથી અર્ઝ કરી કે, ''હે અલ્લાહ ! ﷻ હું એક વરસ સુધી રિયાકારીની ઈબાદતમાં એટલા માટે વ્યસ્ત રહ્યો કે મને મસ્જિદનું મુતવલ્લીપણુ મળી જાય, પણ એવું ન થયું. હવે જ્યારે કે હું સાચા દિલથી તારી ઈબાદતમાં મશ્ગૂલ થયો તો તારા હુકમથી સર્વ લોકો મને મુતવલ્લી બનાવવા માટે આવી પહોંચ્યા અને મારા ઉપર બોજ રાખવા ચાહે છે, પરંતુ હું તારી અઝમતની કસમ ખાઉં છું કે હવે ન તો હું મુતવલ્લીપણુ સ્વીકારીશ અને ન તો મસ્જિદથી બહાર નીકળીશ !'' આવું કહીને ફરી ઈબાદતમાં મશ્ગૂલ થઈ ગયા.

**દુનિયાની હક઼ીક઼ત :** બસરામાં કોઈ અમીર માણસ મૃત્યુ પામ્યો અને તેની પૂરા જાયદાદ (સંપત્તિ) તેની એકની એક પુત્રીને મળી જે ઘણી જ સુંદર હતી. એક દિવસે તેણીએ હઝરત ષાબિત બુનાની رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થઈને અર્ઝ કરી કે હું નિકાહ કરવા ચાહું છું, પરંતુ મારી ઈચ્છા છે કે નિકાહ માલિક બિન દીનાર رحمۃ اللہ علیہની સાથે થાય જેથી ઝિક્રે ઈલાહી તથા દુનિયવી કામોમાં તે મારી મદદ કરી શકે. જેથી ષાબિત બુનાની رحمۃ اللہ علیہએ તેણીનો પૈગામ માલિક બિન દીનાર સુધી પહોંચાડી આપ્યો. પરંતુ આપે ફર્માવ્યું કે હું તો દુનિયાને તલાક઼ આપી ચૂક્યો છું અને કેમ કે સ્ત્રીની ગણના પણ દુનિયામાં જ થાય છે એટલા માટે તલાક઼ થયેલ ઔરત સાથે નિકાહ જાઈઝ નથી ! એકવાર આપ કોઈ ઝાડના છાંયડામાં આરામ કરી રહ્યા હતા અને ચશ્મદીદ ગવાહોએ બતાવ્યું કે એક સાપ નરગીસની ડાળી વડે આપને પંખો હલાવી રહ્યો હતો.

**તકલીફ઼નો અંજામ રાહત છે :** આપ મોટાભાગે ફર્માવ્યા કરતા હતા કે હું જેહાદમાં ભાગ લેવા ઈચ્છા ધરાવું છું. પરંતુ એક મોક઼ો જેહાદનો આવ્યો તો મને એવો તાવ ચઢયો કે જે જવાનું નામ જ લેતો ન હતો. જેથી એ ગમમાં એક રાત્રે એવુ કહેતાં સૂઈ ગયો કે જો ખુદાની નજીક મારો કોઈ મર્તબો હોત તો અત્યારે તાવ કદી ન આવત. પછી ખ્વાબમાં જોયું કે ગયબી અવાજથી કોઈ કહી રહ્યું છે કે, હે માલિક ! જો આજે તું જેહાદ માટે ચાલ્યો જાત તો કૈદી બનાવી લેવામાં આવત અને કાફિર તને સુવ્વરનો ગોશ્ત ખવડાવીને તારો દીન જ બર્બાદ કરી આપત. જેથી આ તાવ તારા માટે અતિ મૂલ્યાવન નેઅમત છે. પછી મેં જાગૃત થઈને ખુદાનો શુક્ર અદા કર્યો.

**વિલાયતની સ્થિતિ :** કોઈ અધર્મી સાથે આપનો મુનાઝરો થઈ ગયો અને બંનેવ પોતાને હક્ક઼ પર કહેતા રહ્યા, ત્યાં સુધી કે લોકોએ ફૈંસલો કર્યો કે બંનેવના હાથ આગમાં નાખવામાં આવે અને જેનો હાથ આગથી સુરક્ષિત રહે તેને જ હક્ક઼ પર માનવામાં આવે. જેથી એવું જ કરવામાં આવ્યું અને બંનેમાંથી કોઈના હાથને પણ નુકસાન ન પહોંચ્યું ! લોકોએ ફૈંસલો કરી નાખ્યો કે બંનેવ હક્ક઼ પર છે. પણ આપે રંજીત મને અલ્લાહ તઆલાને અર્ઝ કરી કે ૭૦ વરસો મેં ઈબાદતમાં પસાર કરી દીધાં પણ તેં મને એક અધર્મીના સમાન કરી દીધો ! નિદા (ગયબી અવાજ) આવ્યો કે, હે માલિક ! તારા હાથની બરકતથી જ એક મુલ્હિદનો હાથ આગથી બચી ગયો અને જો તે એકલો (અલગથી) આગમાં હાથ રાખી દેત તો બળી જાત.

એકવાર જ્યારે આપ સખત બીમાર રહીને સાજા થયા તો કોઈ જરૂરત હેઠળ ખૂબ જ મુશ્કેલીપૂર્વક બજાર તશરીફ લઈ ગયા. પરંતુ સંજોગોવસાત એ જ વખતે બાદશાહની સવારી આવી રહી હતી અને લોકોને હટાવવાના માટે એક શોર બુલંદ થયો. આપ એ વખતે

એટલા પ્રમાણમાં કમજોર હતા કે હટવામાં મોડુ થઈ ગયું અને પહેરેદારે આપને એવો કોરડો માર્યો કે તકલીફની હાલતમાં આપના મોઢેથી એ વાક્ય નીકળી ગયું કે તારા હાથ કપાવી નાખવામાં આવે ! જેથી બીજા જ દિવસે કોઈ જુર્મના હેઠળ હાથ કાપીને ચોરાહા પર નાખી દેવામાં આવ્યા. પરંતુ આપને તેની આ હાલત જોઈને ઘણો જ રંજ થયો.

નક્લ થયેલ છે કે એક બદ્‌માશ નવયુવાન આપનો પડોશી હતો અને લોકો તેનાથી ઘણા જ પરેશાન રહેતા હતા. જેથી એકવાર લોકોએ આપને તેના જુલ્મો વિશે ફરિયાદ કરી. તો આપે તેની પાસે જઈને નસીહત કરી. જેથી તેણે ગુસ્તાખીપૂર્વક વર્તીને કહ્યું કે હુકૂમતનો માણસ છું અને કોઈએ મારા કામોમાં દખલ દેવાની જરૂરત નથી ! આપે જ્યારે તેને ફર્માવ્યું કે હું બાદશાહને તારી શિકાયત કરીશ ! તો તેણે જવાબ આપ્યો કે તે ઘણો જ કરીમ (કૃપાળુ) છે અને મારા વિરુદ્ધની વાત જ સાંભળશે નહીં. આપે ફર્માવ્યું કે જો તે નહીં સાંભળે તો હું અલ્લાહ તઆલાને અર્ઝ કરીશ ! તેણે કહ્યું કે તે બાદશાહથી પણ ઘણો જ અધિક કરીમ છે. આ સાંભળીને આપ પાછા આવી ગયા. પરંતુ અમુક દિવસો પછી જ્યારે તેના જુલ્મો હદથી વધી ગયા તો લોકોએ ફરી આપને શિકાયત કરી, અને આપ ફરી નસીહત કરવા પહોંચી ગયા. પરંતુ ગયબથી નિદા આવી કે મારા દોસ્તને પરેશાન ન કરો ! આપને આ નિદા સાંભળીને ઘણુ જ આશ્ચર્ય થયું અને એ નવયુવાનને કહ્યું કે હું આ ગયબી નિદા સંબંધે તને પૂછવા આવ્યો છું. જે મેં રસ્તામાં સાંભળી છે. તેણે કહ્યું કે જો એ વાત છે તો હું મારી સર્વ દૌલત રાહે ખુદામાં ખૈરાત કરું છું ! અને પૂરી સંપત્તિ ખૈરાત કરીને નામાલૂમ જગા પર ચાલ્યો ગયો, જેના પછી માલિક બિન દીનાર رحمۃ اللہ علیہ સિવાય કોઈએ તેને નથી જોયો, અને આપે પણ મક્કા મોઅઝ્ઝમામાં એ હાલતમાં જોયો કે તે ખૂબ જ કમજોર અને મૃત્યુની નજીક હતો અને કહી રહ્યો હતો કે ખુદાએ મને પોતાનો દોસ્ત ફર્માવ્યો છે ! હું તેના પર અને તેના હુકમો પર જાનો દિલથી નિછાવર છું અને મને ઈલ્મ છે કે તેની રઝા કેવળ ઈબાદતથી જ હાંસલ થાય છે અને આજથી હું તેની રઝાની વિરુદ્ધ કામ કરવાથી તૌબા કરું છું, આમ કહીને દુનિયાથી રુખસદ થઈ ગયો.

એકવાર એક યહૂદીના મકાનની નજીક આપે ભાડેથી મકાન લીધુ અને આપનો હુજરો (ઓરડો) યહૂદીના દરવાજાથી જોડાયેલ હતો. જેથી યહૂદીએ દુશ્મનીમાં એક એવું પરનાળુ બનાવ્યું જેના થકી પૂરી ગંદકી આપના મકાનમાં નાખતો રહેતો અને આપની નમાઝની જગા નાપાક થઈ જયા કરતી. અને ઘણા સમય સુધી તે આ અમલ કરતો રહ્યો પરંતુ આપે કદી શિકાયત ન કરી. એક દિવસે એ યહૂદીએ જાતે જ આપને અર્ઝ કરી કે મારા પરનાલાના કારણે તમને કોઈ તકલીફ નથી ?! આપે ફર્માવ્યું કે પરનાળાથી જે નાપાકી પડે છે તેને ઝાડુ લઈને દરરોજ ધોઈ નાખુ છું એટલા માટે મને કોઈ તકલીફ નથી. યહૂદીએ અર્ઝ કરી કે આપને આટલી તકલીફ વેઠયા પછી પણ કદી ગુસ્સો નથી આવતો ?! ફર્માવ્યું, ખુદા તઆલાનો એ હુકમ છે કે જે લોકો ગુસ્સા પર કાબૂ મેળવી લે છે તેમના ન કેવળ ગુનાહ માફ કરી દેવામાં આવે છે, બલ્કે તેમને સવાબ પણ હાંસલ થાય છે. આ સાંભળીને યહૂદીએ અર્ઝ કર્યું કે યક઼ીનન ! આપનો મઝહબ ઘણો જ ઉમદા છે ! કેમ કે એમાં દુશ્મનોની તકલીફો પર સબ્ર કરવાને સારુ કહેવામાં આવ્યું, અને આજે હું સાચા દિલથી ઈસ્લામ સ્વીકારું છું. (સુબ્હાનલ્લાહ !)

પેજ 02 નું ચાલુ..

હતો ? હું જો એવું કહું તો અયોગ્ય ન હશે કે ઈલ્મથી અજાણતાએ આજે પૂરી દુનિયાને જહન્નમકદા બનાવી દીધી છે, અને આજે આખુ જગત બોમ્બ તથા દારૂગોળાના ઢગલા પર છે. આવો ! આપને બતાવું તે ઈલ્મ કયો હતો ?!

ફર્માને રબ છે : فَاعْلَمْ اَنَّهٗ لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ "જાણી લો ! બેશક ! અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી."

આ પ્રથમ ઈલ્મ હતો જે રહ્મતે આલમ ﷺએ પોતાના સહાબીઓને અતા કર્યો હતો જેના કારણે તેમનુ માથુ જ નહીં બલ્કે પૂરૂ વુજૂદ ક઼ાનૂને ઈલાહી સમક્ષ સજદારેઝ હતું. જરૂરત એ વાતની છે કે એ જ ઈલ્મની પુખ્તગીની સાથે અન્ય ઈલ્મો હાંસલ કરવામાં આવે. આજે મુસ્લિમ ઉમ્મતે નફ્સની ખ્વાહિશોને મઅબૂદ બનાવેલ છે, પોતાના નફ્સને ખુદા બનાવી રાખેલ છે, અંગત ફાયદા ખાતર ક઼ાનૂને ઈલાહીને અભરાઈએ ચઢાવી દીધેલ છે, દુનિયા પરસ્તી અને નફ્સની ગુલામીએ આપણને કોઈ ઈલ્મી ક્ષેત્રમાં સ્થાન હાંસલ કરવા ન દીધું.

આક઼ાએ કરીમ علیہ الصلوٰۃ والسلام પર નાઝિલ થનારી પહેલી વહીથી જ આપણને એ સબક઼ મળે છે કે **પ્રથમ રબનું નામ લો પછી તા'લીમ હાંસલ કરો.** વહીની શરૂઆતમાં માનવના સર્જનનો ઉલ્લેખ પણ કર્યો જેનાથી માલૂમ પડે છે કે રબનું નામ લઈને અને તેને મઅબૂદે બરહક઼્ જાણીને તમે સાયન્સ તથા ટેકનોલોજીની દુનિયામાં આગળ નીકળી શકો છો. એ જ કારણે પૂરી દુનિયામાં કોઈ પણ ધર્મના માનનારાની પાસે એવી કોઈ ધાર્મિક કિતાબ નથી જેમાં સર્વ ઈલ્મોનું વર્ણન મૌજૂદ હોય, પરંતુ અલ્હમ્દુલિલ્લાહ ! કુર્આને મુક઼દ્દસ અલ્લાહ ﷻ ની તે મહાન કિતાબ છે જેમાં ઈબાદતો, મામલાઓ, આર્થિક બાબતો, સામાજિક બાબતો, સંસ્કારિક્તા, રાજનીતિ, વિજ્ઞાન, ટેકનોલોજી અને ઈતિહાસ વગેરે સર્વ ઈલ્મો તથા વિદ્યા કલાઓના પાયાઓ મૌજૂદ છે.

હું યક઼ીનની સાથે કહી શકુ છું કે તમો ખુદાના બંદા અને પયગંબર ﷺના ગુલામ બનીને તા'લીમી ઈન્કિ઼લાબ (એજ્યુકેશનલ રિવોલ્યુશન) લાવી શકો છો. મુઅલ્લિમે ઈન્સાનિયત હુઝૂર રહ્મતે આલમ ﷺએ દરેક ઈલ્મ સહાબીઓને અર્પણ કર્યો, જેથી સહાબા રાજનીતિજ્ઞ પણ હતા, વેપારી પણ હતા, રાજ્ય સત્તાના લીડર પણ હતા, ઘરવાળાંનાં સરપરસ્ત પણ હતા, પરંતુ એ સર્વથી પહેલાં તેઓ અલ્લાહના એવા બંદા હતા જેમણે કોઈ પણ ક્ષેત્રે અલ્લાહના હુકમની અવગણના નથી કરી, અને કોઈપણ સ્થિતિ કે કોઈ પણ સંજોગોમાં સરકાર ﷺની સીરતને પોતાની નિગાહોથી ઓઝલ થવા નથી દીધી. જો આપણે કુર્આને મુક઼દ્દસમાં ભણેલા ગણેલા લોકોની તલાશ કરીએ તો આ જ મળશે : اِنَّمَا يَخْشَى اللّٰهَ مِنْ عِبَادِهِ الْعُلَمٰٓؤُا "અલ્લાહથી એના બંદાઓમાં એઓ જ ડરે છે જેઓ ઈલ્મવાળા છે." *(૩૫/૧૮, સૂ. ફ઼ાતિર)* એટલે કે જ્યાં પણ દીની ઈલ્મ હશે ત્યાં ખુદાનો ખૌફ઼ જરૂર જોવા મળશે.

આજે હું આપણી ક઼ૌમના દરેક એજ્યુકેટેડ, ચાહે તે દીની ઈલ્મથી તા'લીમ પામેલ હોય કે દુનિયવી ઈલ્મથી હોય, વિનંતિ કરીશ કે જો દુનિયામાં બાવક઼ાર ક઼ૌમની હેસિયતથી જીવવા ચાહો છો તો તમારા ઈલ્મની ઝકાત કાઢો, ન પઢેલાઓને ખુદાની રઝા તથા ખુશ્નુદીના ખાતર પઢાવો. મુસ્લિમ ક઼ૌમની દરેક વ્યક્તિ સુધી ઈલ્મનુ ઉજાસ પહોંચાડો, બલ્કે ખુદ પણ જિંદગીના આખરી શ્વાસ સુધી પઢો (ભણો) અને

અન્યોને પણ અંતિમ શ્વાસ સુધી પઢાવવાનો નિશ્ચય કરો. આપણા સમાજની કોઈ વ્યક્તિ પણ ઈલ્મી મુફલિસીનો શિકાર ન બને. યાદ રાખો ! દીની તથા દુનિયવી બંને ઈલ્મોમાં જિદ્દો જેહદ વિના આપણે બાવકાર (પ્રતિષ્ઠાવાન) કૌમ નથી બની શક્તા. આપણા અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)ની કામયાબીનું એક મહત્વનું રાઝ એ પણ છે કે તેઓ પૂરી ઉમ્મતની ફિકર કરતા હતા. નીચે જણાવેલ બનાવોથી આપ સારી રીતે એનો અંદાઝો લગાડી શકો છો.

**ઈમામ અબૂ યૂસુફ رضی اللہ عنہની ફિક્રે ઉમ્મત :** ઈમામ અબૂ યૂસુફ رضی اللہ عنہને કેટલા પ્રમાણમાં ઉમ્મતની ફિકર હતી એનો અંદાઝો આ બનાવ પરથી લગાડો. હઝરત ઈબ્રાહીમ બિન જરાહ, ઈમામ અબૂ યૂસુફની બીમારીની ખબર સાંભળીને ખબર પૂછવાના હેતુથી ગયા તો ઈમામ પર અર્ધ બેહોશી છવાયેલી હતી. કાંઈક તબીઅત ઠીક થઈ ગઈ તો ફર્માવવા લાગ્યા, ઈબ્રાહીમ ! આ મસ્અલામાં આપની શું રાય છે ? હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ કહેવા લાગ્યા, હઝરત ! આ સ્થિતિમાં પણ મસાઈલની ચર્ચા ?! ફર્માવવા લાગ્યા, શું વાંધો છે ?! શક્ય છે કે એના થકી કોઈની નજાત થઈ જાય. પછી મસ્અલો પૂછયો કે જમરાઓ પર કાંકરી મારતી વખતે પગપાળા હોવું અફઝલ છે કે સવાર હોવું ? હઝરત ઈબ્રાહીમે કહ્યું, પગપાળા. ફર્માવ્યું, ગલત ! કહેવા લાગ્યા, તમે જ બતાવો ! ફર્માવ્યું, જે રમી પછી દુઆના માટે વુકૂફ હોય ત્યાં પગપાળા, નહીં તો સવાર થઈને અફઝલ છે. ઈબ્રાહીમ رضی اللہ عنہ વિદાય લઈને હજી દરવાજાથી પસાર થયા હતા કે નઝઅ (સકરાત)ની હાલતમાં ઈલ્મી મસ્અલા પર ચર્ચા કરનાર મહાન મુજતહિદ આ નાશવંત જગતથી કૂચ કરી ગયા !

**ઈમામ મુહમ્મદ رضی اللہ عنہની ફિક્રે ઉમ્મત :** ઈમામ મુહમ્મદ رضی اللہ عنہના નામથી કોણ વાકેફ નથી ? એમની જ કિતાબોએ હનફી ફિક્હને સંપાદિત કર્યો, મસાઈલ દલીલો સાથે જમા કર્યા. વિવાદાસ્પદ કથનો વર્ણવ્યાં અને દુનિયાના મોટાભાગના વિસ્તારોમાં હનફી ફિક્હ કિતાબના સ્વરૂપમાં મુસ્લિમ ઉમ્મત સામે પેશ કરવાની ખુશનસીબી હાંસલ કરી.

તેમને અભ્યાસ (વાંચન) સાથે ગહરો લગાવ હતો. ઈલ્મ જ એમનું ઓઢણુ તથા બિછૌનુ હતું, અને એમાં જ તે વ્યસ્ત રહેતા. કિતાબોનો ઢગલો આસપાસ લાગેલો રહેતો. રાતે સૂતા ન હતા. થાળીમાં પાણી ભરેલુ રહેતુ, ઊંઘ આવતી તો પાણી વડે ઉડાડી દેતા. એક વિષયથી ઉકતાઈ જતા તો બીજો વિષય શરૂ કરી દેતા અને એ જ હાલતમાં તે રાત પસાર કરતા.

લોકોએ આ રાત્રી જાગરણનું કારણ પૂછયું તો ફર્માવવા લાગ્યા, હું કેવી રીતે સૂઈ રહું જ્યારે કે સામાન્ય મુસ્લિમો અમારા પર ભરોસો કરીને સૂઈ રહ્યા છે કે અમે એમની રહનુમાઈ કરીશું. *(મનાક઼િબે કુરદુરી)*

**અલ્લામા ખલીલ અને ફિક્રે ઉમ્મત :** અલ્લામા ખલીલ ઈલ્મે નહ્‌વ તથા ઈલ્મે લુગ઼તના ઈમામ હતા. અને આપ ઈલ્મે અરૂઝ (શાઈરીની વિદ્યા)ના પણ સંશોધક (મૂજિદ) હતા. છેવટની ઉમરમાં ઈરાદો કર્યો કે હિસાબ (ગણિત)ની કોઈ એવી આસાન પધ્ધતિનું સર્જન કરવામાં આવે જેને સમજવામાં કોઈ મુશ્કેલી ઉપસ્થિત ન થાય.

પોતાના નિયમ પ્રમાણે જ્યારે એ પધ્ધતિના સર્જનની ફિકરમાં લાગ્યા તો તેની ધુનમાં એવા મગ્ન થયા કે દુનિયા તથા એમાં જે કાંઈ છે એની કાંઈ ખબર ન રહી ! એમાં ગુમ હોવાની હાલતમાં મસ્જિદ ગયા

અને મસ્જિદના થાંભલા સાથે અથડાઈ ગયા અને પડી ગયા અને ઈન્તેક઼ાલ કરી ગયા.

આપણા પૂર્વજોએ પોતાની પ્રિય જિંદગીનો અધિકતર હિસ્સો દીની કામોમાં ખર્ચ કર્યો, એ ઉમ્મતની ફિકરનું જ તો પરિણામ છે ! તેમને સોના ચાંદી (દુનિયાની સંપત્તિ)ની કોઈ ખ્વાહિશ ન હતી, તેઓ બસ એટલુ ચાહતા હતા કે તેમની ઉમર ઉમ્મતની ખૈર ખ્વાહીમાં પસાર થઈ જાય. જેથી નબવી ઈલ્મોના તલબગારોનો તાલીમ હાંસિલ કરવાનો હેતુ પણ એ જ હોવો જોઈએ કે દરેક વખતે તેમને ક઼ૌમ તથા મિલ્લતની સુધારણાની ફિકર હોય. કેમ કે ઈમામુલ અંબિયા ﷺને વિલાદતના સમયથી લઈને હઝરત કુષમ બિન અબ્બાસ رضی اللہ عنہની રિવાયત પ્રમાણે દફનના સમય સુધી ઉમ્મતની જ ફિકર રહી. તો ભાવિના નાઈબીને રસૂલની જિમ્મેદારી છે કે આજથી ઉમ્મતની ફિકર રાખે.

**આખરી વાત** : આપણે જે એવું કહીએ છીએ કે યહૂદી તાક઼તો તથા ષડયંત્રોએ મુસલમાનોને પડતીના માર્ગના મુસાફિર બનાવી દીધા છે, તો હું કહીશ કે **કોઈ અન્યએ આપણો ચિરાગ ગુલ નથી કર્યો બલ્કે આપણા ચિરાગમાં તેલ ખત્મ થઈ ગયું છે જેના લીધે આપણો ચિરાગ ઓલવાય ગયો છે.** આવો ! ફરીથી ઈખ્લાસની સાથે દિલો દિમાગમાં ફિક્રે ઉમ્મતને વસાવીએ, જિદ્દો જેહદ કરીએ, એટલા માટે કે અલ્લાહ કરીમનો વાયદો છે કે : اِنْ تَنْصُرُوا اللّٰهَ يَنْصُرْكُمْ "જો તમે ખુદાના દીનની મદદ કરશો, અલ્લાહ તમારી મદદ કરશે." *(૪૭/૭, સૂ. મુહમ્મદ)* તથા اِنْ يَّنْصُرْكُمُ اللّٰهُ فَلَا غَالِبَ لَكُمْ "જો અલ્લાહ તમારી મદદ કરે તો કોઈ તમારા પર સવાર નથી થઈ શકતું." *(૩/૧૬૦, સૂરએ આલે ઈમરાન)*

*(હવાલો : સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ઓગસ્ટ : ૨૦૧૭*

પેજ 05 નું ચાલુ.. ૨૯–શાબાન હિ.સ. ૧૩૩૭નો પોતાનો જાત અનુભવ વર્ણવે છે કે એક પત્રમાં આ'લા હઝરત પોતાના લક઼બોની સાથે "હાફિઝ" વાંચીને અશ્રૂમય આંખોવાળા થઈ ગયા અને ખૌફે ખુદાથી કાંપી ઉઠયા અને કહ્યું કે એ વાતથી ડરું છું કે મારો હશ્ર એ લોકોની સાથે ન થાય જેમના બારામાં કુર્આનમાં છે : **"તેઓ એને પસંદ કરે છે કે તેમની એવી ખૂબીઓ વર્ણન કરવામાં આવે જે એમનામાં નથી. એવાઓને હરગિઝ અઝાબથી દૂર ન જાણશો, અને એમના માટે દર્દનાક અઝાબ છે."** *(સૂરએ આલે ઈમરાન, આ. ૧૮૮)*

આ બનાવ પછી આપે કુર્આન હિફ્ઝ કરવાનો મજબૂત ઈરાદો કરી લીધો અને દરરોજ કોઈ એક પારો કે તેથી વધુ સંભળાવી દેતુ, પછી આપ સંભળાવી દેતા. ૨૯ શાબાન બાદ શરૂ કર્યુ અને ૨૭ રમઝાન સુધી કુર્આન હિફ્ઝ કરી લીધું, અને તરાવીહમાં સંભળાવી આપ્યું. *(તર્જુમાને અહલે સુન્નત પીલીભીત, બહવાલા ઈમામ અહમદ રઝા ઔર તસવ્વુફ, અઝ : અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી)*

**પ્યારા દીની ભાઈઓ ! બહેનો !** દિલમાં ખુદાનો ખૌફ પેદા કરો ! અને **ઈમાનદારીથી કહો કે શું તમને નેક માણસ સમજવાને બદલે લોકો તમારાં ગુપ્ત છુપાં કરતૂતો જાણીને તમને ફાસિક઼, બદચલન કે ગુનાહોમાં સપડાયેલો, બદમાશ જાણે એને પસંદ કરો છો ?!** મારું માનવું છે કે તમે એવું નહીં જ પસંદ કરો ! લોકો તમને નેક સમજે એ જ પસંદ કરશો. તો શું ઉપરોક્ત જે આયતોથી ઈમામે આ'ઝમ તથા આ'લા હઝરત ખૌફે ખુદામાં કાંપી ઉઠયા તો તમને એનો કોઈ જ ડર નથી ?! અલ્લાહની પનાહ !

આજે જ તૌબા કરો અને જાહેરી જીવન તથા આંત્રિક જીવન એક જેવું જ અને નેક બનાવો એમાં બંને જહાનમાં ઈજ્જત છે. ખુદારા ! ખુદારા ! તૌબા કરો ! રબ તઆલા મને, તમને, સૌ મો'મિનોને મુખ્લિસ મો'મિન બનવાની તૌફીક઼ બખ્શે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

# મુરવ્વત (માનવતા)ના મૌત પર આપણુ માતમ

❑ અઝ : સાદિક રઝા મિસ્બાહી-મુંબઈ ❑ અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

ડો. ઈકબાલે કહ્યું હતું :

**હૈ દિલ કે લિયે મૌત મશીનોંકી હુકૂમત**
**અહસાસે મુરવ્વતકો કુચલ દેતે હૈં આલાત**

*(આલાત=યંત્રો)*

જો આ શેઅરનો હકીકી મિસ્દાક (પાત્ર) જોવા ચાહીએ છીએ તો આપણામાંના દરેકે આઈના સામે ઉભા થઈ જવું જોઈએ. આઈનામાં જે ચેહરો તથા જે છબી અંકિત થશે તે યકીનન ! આ શેઅર જેના પર લાગુ થઈ શકે તે હકીકી પાત્ર સુધી આપણને પહોંચાડી આપશે. આઈનાનું દષ્ટાંત આપવાની જરૂરત એટલા માટે પડી કે **આપણામાંથી મોટાભાગના લોકો કમસે કમ બે ચહેરાઓ સાથે જિંદગી પસાર કરી રહ્યા છે.** એવું લાગે છે કે આપણામાંથી લગભગ દરેકનો મુરવ્વતનો એહસાસ કચડાઈ ચૂક્યો (મરી પરવાર્યો) છે. આપણને અન્ય લોકોની કદર તથા કિંમતનો રજમાત્ર એહસાસ નથી. હા ! આપણો એ એહસાસ તે વખતે જાગી જાય છે જ્યારે કોઈની સાથે આપણને ભૌતિક સંબંધ થાય છે અને ભૌતિક સંબંધની જાળ કરોળિયાના જાળાની જેમ આપણને એકબીજાથી બાંધી રાખે છે. જો આપણને કોઈથી કોઈ ફાયદો નથી, કોઈ મતલબ નથી, કોઈ લાલચ નથી તો પછી આપણી દષ્ટિમાં એ વાતનું કોઈ મહત્વ નથી કે તે શખ્સ કેટલી લાયકાતવાળો છે અને અન્ય લોકો માટે કેટલા કામનો છે !

એ જમાનો ઈતિહાસના ખભા પર સવાર થઈને ઘણો જ દૂર નીકળી ગયો જ્યારે કોઈ બેઉસૂલી, જૂઠા, ધોકાબાઝ, પ્રપંચી તથા બુરા શખ્સની સમાજમાં કોઈ ઈજ્જત ન હતી, દરેક તેનાથી કતરાતો હતો, એ વાતની તદ્દન પરવા કરવામાં આવતી ન હતી કે આ પ્રપંચી શખ્સ કેટલા પ્રમાણમાં માલદાર, સત્તાધારી તથા હોદ્દેદાર છે. ભૂતકાળમાં ઉસૂલો તથા નિયમો શરીરમાં ફેલાયેલ નસોની જેમ આપણા ફિક્રી (ચિંતન) તથા અખ્લાકી વજૂદમાં ફેલાયેલા હતા અને આપણને લોહી પહોંચાડતા રહેતા હતા, પરંતું હવે એ રગો કાપી નાખવામાં આવી છે અને લોહી પહોંચાડવાનું બંધ થઈ ચૂક્યું છે. એટલા માટે આપણુ સંપૂર્ણ ફિક્રી (ચિંતનને લગતુ) તથા અખ્લાકી (સંસ્કારને લગતુ) વજૂદ બેજાન તથા મુર્દા થઈ ચૂક્યું છે. **હવે કદાચ જ આપણામાં કોઈ એવો હોય જે આપણી સાથેથી ઉસૂલી તથા અખ્લાકી આધારો પર સંબંધ કટ કરતો હોય. એ જ કારણે આપણને બુરુ કામ કરવામાં રજ માત્ર પણ ખચકાટ મેહસૂસ નથી થતો ! કેમ કે આપણને ખબર છે કે હવે કોઈ વાઈઝ, નાસેહ (નસીહત કરનાર) બાકી નથી રહ્યો, અને કોઈ વાઈઝ તથા નાસેહ છે પણ તો આપણને તેના દામન પર પણ દાગ તથા ધબ્બા જોવા મળે છે.**

જાણે કે આજે આપણે એક એવા હમ્મામ (બાથરૂમ)માં ઉભા છીએ જ્યાં સર્વ નગ્ન છે ! આપ સૌ મારી સાથે એ વાતની અયની ગવાહી આપશો કે આજે ચાપલૂસોનો જમાનો છે, સિધ્ધાંતવાદી લોકોનો નહીં ! તમો ગમે તેટલા સારા માણસ હોવ, ભણેલા ગણેલા હોવ, સત્તાધારી હોવ, પરંપરાના અમીન હોવ,

અને સમાજના જૌહર (હીરા) હોવ, પણ તમારી સર્વ કાબેલિયતો એ સમય સુધી એક તરફ પડીને સડતી રહેશે જ્યાં સુધી કે આપનામાં એક અન્ય કળા નહીં હોય, અને એ કળા છે ચાપલૂસીની, જૂઠી પ્રશંસાઓની, તક સાધુ થવાની, મુનાફિક઼તની ! માથુ પીટી લેવા જીવ ચાહે છે કે આપણે ઘણી જ ખૂબીપૂર્વક આપણી એ સર્વ અયબોને મસ્લેહત રચવાના કવરમાં પેશ કરીએ છીએ. જો તમારામાં આ કલા છે તો પછી સમજી લો કે એ આ વર્ણન કરેલ સર્વ લાયકાતો પર ભારી છે ! અને આપ એવી હક઼ીક઼ી ખૂબીઓવાળી વ્યક્તિઓ પર સવાર જ રહેશો. કેટલાક એવા લોકો મારી દષ્ટિમાં છે, જેઓ બીજાનાં કામો કેવળ એટલા માટે કરે છે કે એમને એમનું કામ પડયા કરે છે, એમને એમનાથી કોઈ લાભની અપેક્ષા હોય છે. જો તેમની પાસે કોઈ હક઼ીક઼ી જરૂરતમંદ ઈન્સાન કોઈ જરૂરત અથવા મદદના માટે ચાલ્યો જાય તો એ લોકો મોટાભાગે મજબૂરી જાહેર કરી આપે છે, અને જો કામ કાઢી પણ આપે તો પછી એહસાન જતાવીને શર્મિંદા કરવાનું એમના નિયમમાં છે.

જ્યારે કે બીજી તરફ પોતાના ફાયદા તથા મતલબના લોકોને એવું કહીને ફાયદો પહોંચાડે છે કે એ જ લોકો એમના સાચા અર્થમાં ઘણા મુખ્લિસ તથા પ્રિય છે. આવું એટલા માટે થઈ રહ્યું છે કે આ દૌર ભૌતિકવાદી દૌર છે, મશીની દૌર છે, સાઈન્સી દૌર છે. **આ મશીની તથા સાઈન્સી દૌરે દરેક માણસને એટલો ઉતાવળીયો બનાવી દીધો છે કે તેને કેવળ અને કેવળ દુનિયા જ નજર આવે છે, તેને આખેરત નજર નથી આવતી.** તે જલ્દીથી જલ્દી ફાયદો હાંસલ કરવા ચાહે છે, અને સમાજમાં પોતાનુ સ્થાન બનાવવાના માટે કોશિશ કરે છે, એના માટે તે દરેક હથિયાર અજમાવે છે. એ જ કારણે હવે આપણામાં માણસાઈ નથી રહી, આપણામાં મુરવ્વત (માનવતા, લેહાઝ)નો એહસાસ નથી રહ્યો. મશીનોના ચલણ અને ભૌતિકતાના બોજ નીચે આપણો એહસાસ, ઈન્સાનિયત, મુરવ્વત (માનવતા, લેહાઝ), મહોબ્બત સર્વ કાંઈ કચડવામાં આવી રહ્યું છે, સૌનુ મૃત્યુ થઈ રહ્યું છે પણ આપણને એમના મૃત્યુ પર રતીભર પણ અફસોસ નથી ! કેમ કે આપણને આપણા મર્તબાઓ, પરંપરાઓ તથા વારસાઓના મહત્વનો અંદાઝો નથી. અને **જેને કોઈ ચીજના મહત્વનો અંદાજો જ ન હોય તેને એ ચીજની તરફ ધ્યાનિત કરવો એ ભેંસ આગળ વાંસળી વગાડવા સમાન છે.** જેથી લખાણ એવા તત્વોની મૌત પર મર્ષિયા રૂપે લખવામાં આવ્યું છે, સુધારણા માટે નહીં ! કેમ કે **સુધારણા તરફના આપણે આપણા સર્વ દરવાજાઓને બંધ કરી રાખ્યા છે, હવે આપણે મૌતના ટકોરા મારવા પર જ એ દરવાજા ખોલીશું !**


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અક઼ીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક઼ વિશે, ક઼સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો)

**બંને ભાગના રૂા. ૪૦૦/–** (ટપાલ ખર્ચ રૂા. ૨૫/–)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૪૧૧



# મદીના મુનવ્વરાની હાજરીના આદાબ

:: અઝ ::
હઝરત મૌલાના શફીઅ ઓકાળવી رحمۃ اللہ علیہ (પાક.)

અનુવાદક : સલીમ ઈબ્રાહીમ ખત્રી
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

સૌથી પહેલાં નિય્યત માત્ર ઝિયારતે અક઼દસ صلی اللہ علیہ وسلمની કરે, કેમ કે એ જ નિય્યત ઉપર કામોનો દારોમદાર છે.

આખા રસ્તે ઈબાદત તથા ઈતાઅતમાં મગ્ન રહે, ખાસ કરીને ફર્ઝ, વાજિબ અને સુન્નતોનો ખૂબ ખયાલ રાખે અને તેમને કદી ન છોડે.

ઝિક્રે ઈલાહી, કુર્આન શરીફની તિલાવત અને ખાસ કરીને દુરૂદ શરીફની કષરત રાખે. કારણ કે ઝિયારત કરવાવાળો જ્યારે મદીનાના રસ્તામાં સલાતો સલામ પઢતો પઢતો આવે છે તો ફરિશ્તાઓની એક ટોળી જે માત્ર આ જ કામ ઉપર મુક઼ર્રર છે, બારગાહે રિસાલત મઆબ صلی اللہ علیہ وسلمમાં અર્ઝ કરે છે, ફલાણો ! ફલાણો ! ઝિયારત માટે આવી રહ્યો છે આ શબ્દોમાં સલાતો સલામનો તોહફો પેશ કરે છે. અને હુસ્ને અખ્લાક઼, ખૈરાતની કષરત અપનાવો.

હુઝૂરે અકરમ علیہ الصلوٰۃ والسلامની મહોબ્બત તથા ઉલ્ફતની ભાવનાઓમાં મગલૂબ, ખુશી તથા ઉમંગથી મામૂર, મિલનના શોખમાં ચૂર અને મહોબ્બતના નશામાં ડૂબી જાય અને જેમ જેમ નજીક થતો જાય તેમ તેમ શોખની આગ તથા મહોબ્બતને વધારી દે અને જ્યારે મદીના મુનવ્વરા નજીક આવી જાય તો શોખ તથા ઈશ્ક઼ો મહોબ્બતના દરિયામાં ડૂબી જાય.

જ્યારે હરમે નબવી علیہ الصلوٰۃ والسلامના મીનારા, ગુંબદ તથા મદીના મુનવ્વરાની દરો દીવાર નજરમાં આવી જાય તો ખૂબ જ શોખથી **"અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ !"** صلی اللہ علیہ وسلمની કષરત કરે અને સવારીથી ઉતરી જાય. કારણ કે સમયે ફરિશ્તાઓ રહ્‌મત પેશવાઈ માટે આવે છે અને રહ્‌મત તથા બશારત તથા અન્વાર, ખુશીના હદિયા તથા તેહોફા ઝાઈરીન પર નિષાર કરે છે. અને બની શકે તો બે નફ્લ શુક્રના તોર પર અદા કરે. પછી ખૂબ જ અક઼ીદત તથા મહોબ્બતથી જેમ કે માથુ તથા આંખોને પગ બનાવીને રડતો રડતો ચાલે.

*હાં ! હાં ! રહે મદીના હૈ ગાફિલ ! ઝરા તૂ જાગ !*
*ઓ પાઉં રખનેવાલે ! યે જો ચશ્મો સર કી હૈ*
*–(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

*યા રસૂલલ્લાહ ! બસૂએ ખૂદ મરા રાહે નુમા*
*તા ઝે ફર્ક઼ સર ક઼દમ સાઝમ ઝ દીદા પા કુનમ*
*–(જામી)*

## ★ હરમે મદીનાની અદબ ★

જ્યારે મદીના શહેરમાં દાખલ થાવ તો પઢે :–

بِسۡمِ اللّٰہِ مَاشَاءَ اللّٰہُ لَا قُوَّۃَ اِلَّا بِاللّٰہِ اَدۡخِلۡنِیۡ مُدۡخَلَ صِدۡقٍ وَ اَخۡرِجۡنِیۡ مُخۡرَجَ صِدۡقٍ اَللّٰھُمَّ افۡتَحۡ لِیۡ اَبۡوَابَ رَحۡمَتِکَ وَارۡزُقۡنِیۡ مِنۡ زِیَارَۃِ رَسُوۡلِکَ صَلَّی اللّٰہُ عَلَیۡہِ وَسَلَّمَ مَا رَزَقۡتَ اَوۡلِیَائِکَ وَاَھۡلَ طَاعَتِکَ وَ اَنۡقِذۡنِیۡ مِنَ النَّارِ وَاغۡفِرۡلِیۡ وَاغۡفِرَ لِیۡ وَارۡحَمۡنِیۡ یَا خَیۡرَ مَسۡئُوۡل

આ વાત હમેશાં યાદ રાખો કે આ શહેર હબીબે દો આલમ ﷺનું શહેર છે, આ શહેરના ગલી કૂચા, મેદાનો અને મકાનોમાં આપ ચાલતા ફરતા, બેસતા અને આરામ કરતા હતા. ન જાને કઈ જગ્યા પર આપના કદમ મુબારક પડયા છે, માટે અહીંયાની બધી જમીન તથા અહીંયાની દરેક વસ્તુ તા'ઝીમના લાયક છે. અહલે મહોબ્બતના તરીકાના પ્રમાણે ત્યાંની દરેક વસ્તુ અકીદત તથા મહોબ્બતની નજરથી જુએ.

ઈમામુલ અઈમ્મા હઝરત કાઝી અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"જે જમીનની માટીને હુઝૂર ﷺના શરીર મુબારક સાથે લાગવાની ઈજાઝત હાંસલ થઈ છે, જરૂરી છે કે તેના મેદાનોની પણ તા'ઝીમ કરવામાં આવે અને તેની હવાઓને સૂંઘવામાં આવે અને તેની દીવારોને ચુંબન કરવામાં આવે." *(શિફા શરીફ, અલ બાબુષ્ષાલિષ, ફસ્લે યમન આઝમૂહુ વ અકબારહુ, ૨/૫૯)*

ઈમામુલ અઈમ્મા હઝરત ઈમામ માલિક رحمۃ اللہ علیہએ તે માણસને ત્રીસ ચાબુક મારવાનો હુકમ આપ્યો હતો જેણે કહ્યું હતું કે મદીના મનુવ્વરાની માટી ખરાબ છે. આપે ફર્માવ્યું, જે જમીન ઉપર અફઝલુલ્ ખલાઈક્ આરામ ફર્માવે છે તું કહે છે કે તે જમીનની માટી ખરાબ છે ?! તું એ લાયક હતો કે તારી ગરદન મારી દેવામાં આવે !

*જિસ ખાક પે રખતે થે કદમ સૈયદે આલમ*
*ઉસ ખાક પે કુર્બાં દિલે શૈદા હૈ હમારા*
*–(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

*ખાકે તૈબા અઝ દો આલમ ખુશતર અસ્ત*
*વે ખુનુક શહરે કે દરવે દિલબર અસ્ત*
*–(ઈક્બાલ)*

મજનૂ એ એક જંગલમાં એક કૂતરાને જોયો તો એના માટે એહસાનનું દામન ફેલાવી દીધું, લોકોએ તેને તેના ઉપર ધિક્કાર્યો અને કહ્યું તેં શા માટે આવી રીતે હાથ ફેરવીને કૂતરાને પ્રેમ કર્યો ? "મજનૂએ કહ્યું, રહેવા દો ! મને ધિક્કારો નહીં, કારણ કે મારી આંખોએ એક વખતે એને લૈલાની ગલીમાં જોયો છે." *(જઝબુલ કુલૂબ, ૨૪૦)*

સરકાર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં હાજરીથી પહેલાં ગુસ્લ કરે અને પાક તથા સાફ કપડાં પહેરે, ખુશ્બૂ લગાડે, દાઢી તથા માથામાં કાંસકી કરે, સારાંશ કે જેટલી પણ પાકીઝગી થઈ શકે અમલમાં લાવે, અને પછી વિનમ્રતાની સાથે બારગાહે અકદસમાં નજરો નીચી રાખીને હાજર થાય.

*જિસ જગહ કરતે હૈં જાનો રૂહો દિલ પૈહમ તવાફ*
*દેખને હમ ભી જહાંને ઈશ્ક કા કા'બા ચલે*
*–(બેહઝાદ)*

જો હાજરીથી પહેલાં કાંઈક સદકો કે ખૈરાત કરે તો મુસ્તહબ છે અને ખૈર તથા બરકત તથા પાકીઝગીનો ઝરીયો છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِذَا نَاجَيْتُمُ الرَّسُوْلَ فَقَدِّمُوْا بَيْنَ يَدَىْ نَجْوٰىكُمْ صَدَقَةً ؕ ذٰلِكَ خَيْرٌ لَّكُمْ وَ اَطْهَرُ ؕ فَاِنْ لَّمْ تَجِدُوْا فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ۝

"હે ઈમાનવાળાઓ ! જ્યારે તમે રસૂલને કોઈ વાત ચૂપકીદીથી કહેવા માંગો તો પોતાની વિનંતીથી પહેલાં કાંઈક સદકો આપી દો એ તમારા માટે ઉત્તમ અને ખૂબ સ્વચ્છ છે. પછી જો તમે (સદકો આપવાની શક્તિ) ન પામો તો અલ્લાહ માફ કરનાર મહેરબાન છે." *(અલ મુજાદિલહ–૧૨)*

## ★ મસ્જિદે નબવીમાં પ્રવેશ ★

બેહતર એ છે કે બાબે જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلامથી દાખલ થાય અને દાખલ થતા પહેલાં થોડીવાર ઉભો રહે, જેમ કે ઈજાઝત માગે. પછી એ'તેકાફની નિય્યત કરે અને કહે; نَوَيْتُ سُنَّتَ الْاِعْتِكَافِ પછી જમણો પગ અંદર મૂકે અને કહે :–

أَعُوْذُ بِاللّٰهِ الْعَظِيْمِ، وَ بِوَجْهِهِ الْكَرِيْمِ وَسُلْطَانِهِ الْقَدِيْمِ، مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ، بِسْمِ اللّٰهِ وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْحَمْدُ لِلّٰهِ اَلْحَمْدُ لِلّٰهِ مَاشَاءَ اللّٰهُ اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا وَمَوْلَانَا مُحَمَّدٍ وَعَلٰى آلِهٖ وَاَصْحَابِهٖ وَبَارِکْ وَسَلِّمْ اَللّٰهُمَّ اغْفِرْ لِيْ ذُنُوْبِيْ، وَ افْتَحْ لِيْ أَبْوَابَ رَحْمَتِکَ اَلسَّلَامُ عَلَيْکَ أَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ، اَلسَّلَامُ عَلَيْنَا وَ عَلٰى عِبَادِ اللّٰهِ الصّٰلِحِيْنَ

મસ્જિદ શરીફમાં દાખલ વગેરે થઈને મસ્જિદની ઝૈબો ઝીનત, નકૃશો નિગાર ફર્શ વ ફુરૂશ અને ફાનૂસ વગેરેની બાજુ ધ્યાન ન આપે, બલ્કે ખૂબ વિનમ્રતા તથા અદબની સાથે ચાલે અને "રિયાઝુલ જન્નહ"માં આવે અને મેહરાબુન્નબી ﷺમાં બે રકાત નમાઝ તહિય્યતુલ મસ્જિદની નિય્યતથી પઢે અને ક઼િર્અત લાંબી ન કરે. બલ્કે પહેલી રકાતમાં "સૂરએ ફાતિહા" પછી قُلْ يٰٓاَيُّهَا الْكٰفِرُوْنَ અને બીજી રકાતમાં قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ "પર બસ કરે. જો ફર્ઝ નમાઝ થઈ રહી હોય કે તેની તકબીર થઈ રહી હોય ત્યારે તહિય્યતુલ મસ્જિદ ન પઢે બલ્કે ફર્ઝ નમાઝમાં જોડાઈ જાય અને એમાં જ તહિય્યતુલ મસ્જિદની નિય્યત કરે, સવાબ મળી જશે. (જો કે હવે વહાબી ઈમામ હોવાથી તેમની પાછળ નમાઝ ન પઢે.) એવી જ રીતે એવા સમયે જાય જ્યારે કે નફ્લ પઢવી મકરૂહ હોય. જેમ કે અસર પછી તો ત્યારે પણ તહિય્યતુલ મસ્જિદ ન પઢે. જો મેહરાબુન્નબી ﷺમાં ભીડ વગેરેના કારણે નફ્લ પઢવાનું ન મળે તો તેની નજીક કે રિયાઝુલ જન્નહમાં જ્યાં પણ જગ્યા મળે પઢી લે. ફર્માને અક઼્દસ છે :–

"મારા ઘર અને મારા મિમ્બરની વચ્ચનો ટુકડો જન્નતના બાગોમાંથી એક બાગ છે." (રિયાઝુલ જન્નહમાં જગ્યા મુશ્કિલથી મળે છે, પરંતુ મસ્જિદ શરીફમાં જ્યાં શક્ય હોય પઢી લે.)

નમાઝથી ફારિગ થઈને અલ્લાહ તઆલાનો લાખ લાખ શુક્ર અદા કરે કે તેણે આ મહાન નેઅમત આપી અને તેનાથી દારૈનની સઆદત હાંસલ થવાની તથા હજ્જ વ ઝિયારત ક઼બૂલ થવાની દુઆ કરે. અને યક઼ીન જાણે કે આ તે દરબાર છે કે કોઈ સાચો માગવાવાળો અને ફક઼ીર તથા સાઈલ અહીંયાથી મર્દૂદ તથા નામુરાદ નથી ફર્યો.

*મંગતે કા હાથ ઉઠતે હી દાતા કી દૈન થી*
*દૂરી ક઼ુબૂલો અર્ઝ મેં બસ હાથ ભર કી હૈ*

## ★ સરકાર ﷺની બારગાહમાં હાજરી ★

તહિય્યતુલ મસ્જિદ પછી મવાજેહ શરીફની બાજુ ચાલે. મવાજેહ તે જગ્યા છે કે હુઝૂર પૂરનૂર ﷺના ચહેરાની સામે છે, આ બાજુ થાંભલાઓ વચ્ચે ત્રણ સોનેરી જાળીઓ છે, વચ્ચેની જાળી મુબારકમાં ત્રણ કાણાં છે, બે જમણી બાજુ અને એક ડાબી બાજુ. ડાબી બાજુવાળુ હુઝૂર علیہ الصلوٰۃ والسلام અને જમણી બાજુવાળુ પહેલું હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ અને બીજુ હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہના ચહેરાની સામે છે.

ખબરદાર! ખબરદાર! ત્યાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامના પ્રભાવ તથા અઝમતને નજરના સામે રાખીને ખૂબ જ વિનમ્રતા, ખુઝૂઅ વ ખુશૂઅ અને અદબ એહતેરામની સાથે ગુનાહોની શર્મથી ધ્રુજતા, ગરદન નીચી કરીને, આંખો નીચી કરીને રહ્મત અને કરમની આશા રાખી હાથ બાંધીને ચાલે કે બહુ જ મોટી સરકારની સામે હાજરી થઈ રહી છે.

*ઉફ, બેહયાઈયાં કે યે મુંહ ઔર તેરે હુઝૂર*
*હાં તૂ કરીમ હૈ, તેરી ખૂ દર ગુઝર કી હૈ*
*તુઝસે છુપાઉં મુંહ તો કરું કિસ કે સામને*
*ક્યા ઔર ભી કિસીસે તવક્કુઅ નઝર કી હૈ*

અને આ અક઼ીદો રાખે કે કોઈ શક વગર હુઝૂર સૈયદુલ મુરસલીન, રહ઼મતુલ્ લિલ્ આલમીન, શફીઉલ મુઝનબીન, હબીબે રબ્બુલ આલમીન, સુલ્તાને દારૈન ﷺ સાચી, હક઼ીક઼ી, શારીરિક, દુનિયાની જિંદગી સાથે એ જ પ્રમાણે જીવંત મૌજૂદ છે, જેમ વફાત શરીફથી પહેલાં હતા, અને આપણી બધી પરિસ્થિતિને જોઈ રહ્યા છે અને આપણી અવાજોને પણ સાંભળી રહ્યા છે. જેમ કે ઈમામ મુહમ્મદ ઈબ્ને હાજ મક્કી અને ઈમામ અહમદ કુસ્તલાની અને અઈમ્માએ દીન ફર્માવે છે :–

"હુઝૂર ﷺની જિંદગી તથા મૌતમાં અને આ વાતમાં કોઈ ફરક નથી કે આપ પોતાની ઉમ્મતને જોઈ રહ્યા છે, અને તેમની હાલતો અને તેમની નિય્યતો અને તેમના ઈરાદાઓ અને તેમના દિલોના ખયાલોને જાણે છે ઓળખે છે અને આ બધુ આપ ઉપર એવું જાહેર છે જેમાં અસલમાં કાંઈ છુપાયેલ નથી."
*(મુદ્ખલ, ૧/૨૧૫, ઝુર્ક઼ાની અલલ મવાહિબ, ૮/૩૦૫)*

*અય મુક઼દ્દર પે તેરી કરમ બારિયાં*
*સામને આ ગઈ વો હસીં જાલિયાં*
*જિસ જગહ સર તો સર રૂહ ઝુકને લગી*
*વો જગહ આ ગઈ વો મક઼ામ આ ગયા*

હવે એ કાણા પાસે આવે જે આપ ﷺના ચહેરએ અનવરની સામે છે અને ખૂબ જ અદબ તથા એહતેરામની સાથે ઓછામાં ઓછા ચાર હાથના અંતરે આપની બાજુ મોઢુ અને ક઼િબ્લાની બાજુ પીઠ કરીને એ રીતે હાથ બાંધીને ઉભો રહે જે રીતે નમાઝમાં ઉભો થાય છે. લુબાબ, શરહે લુબાબ, ઈખ્તિયાર શરહે મુખ્તાર, આલમગીરી વગેરે વિશ્વસનીય કિતાબોમાં છે : وَيَقِفُ كَمَا يَقِفُ فِي الصَّلَاةِ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની સામે એ રીતે ઉભો રહે જે રીતે નમાઝમાં ઉભો રહે છે.

જાળી શરીફને ચુંબન કરવાથી તથા હાથ લગાડવાથી બચે કે અદબની વિરુદ્ધ છે. આ એમની રહ઼મત શું ઓછી છે કે તેમના સમક્ષ બોલાવ્યા અને પોતાની નઝરે કરમની સામે ખાસ કુર્બ આપ્યો અને આ બંને જહાંમાં પૂરતુ છે★.

★ *હિ.સ. ૧૩૮૩માં હઝરત મૌલાના મુફતી અહમદ યારખાં બદાયુની થુમ્મ ગુજરાતી رحمۃ اللہ علیہ અને મેં દેવબંદના મોહતમિમ્ મોલ્વી ક઼ારી તય્યબને જોયા કે તે જાળીઓની આગળ ચેહરએ અન્વરની સામે હાથ છોડીને ઉભા ઉભા સલામ પઢી રહ્યા છે. જ્યારે તે ફારિગ થઈને એક બાજુ થયા તો હું અને મુફતી સાહબ બંને તેમની પાસે ગયા. મેં મોલ્વી ક઼ારી તૈયબને સવાલ કર્યો કે રોઝએ અન્વર ઉપર હાજર થઈને સલામ અર્ઝ કરવાના ટાઈમે હાથ બાંધીને ઉભા થવું જોઈએ કે હાથ છોડીને ? કહેવા લાગ્યા, અસલ મસ્અલો તો એ જ છે કે હાથ છોડીને ખૂબ અદબથી ઉભા રહો. મેં કહ્યું, પછી ફુક઼હાએ હન્ફિયાનું ફિક઼હની કિતાબોમાં સમજૂતી ફર્માવવું કે, "એ જ રીતે ઉભો રહે જે રીતે નમાઝમાં ઉભો રહે છે" અસલ મસ્અલાની વિરુદ્ધ થશે ! કહેવા લાગ્યા, અમુક ફુક઼હાએ આની વિરુદ્ધ પણ લખ્યું છે અને કુર્આનમાં સ્પષ્ટ રીતે વર્ણન છે : وَقُوْمُوْا لِلّٰهِ قٰنِتِيْنَ "અને ઉભા રહો અલ્લાહની હુઝૂર અદબ સાથે." (અલ બક઼રહ, આ. ૨૩૮)*

*મેં કહ્યું, આ આયતમાં હાથ બાંધવાનું ક્યાં વર્ણન છે ? આમાં તો અલ્લાહ માટે ક઼યામનો હુકમ છે અને તે તમે રસૂલ ﷺ માટે કરી ચૂક્યા છો ! અને ફર્માવી પણ ચૂક્યા છો કે ખૂબ અદબથી ઉભા રહે ! કહેવા લાગ્યા, અસલમાં આ સ્થિતિ ઉપર આધાર રાખે છે, માટે પોતાની સ્થિતિ જુએ, જો ઈશ્ક઼ની અધિક્તા ખૂબ હોય તો હાથ બાંધી લે. મેં કહ્યું, ફુક઼હાએ કિરામનો હુકમ મગ્લૂબુલ ઈશ્ક઼ લોકો માટે છે કે (આમ) એહલે ઈસ્લામ માટે ? કહેવા લાગ્યા, તમારે જો મુનાઝરો કરવો હોય તો મારી ક઼યામગાહ (રહેઠાણ) ઉપર આવી જાવ, હું ફલાણી જગ્યા ઉપર રોકાયો છું, આવુ કહીને ચાલ્યા ગયા. મુફતી સાહબ જે બિલકુલ ચૂપચાપ ઉભા હતા, મારી આ વાતચીતથી ખૂબ જ ખુશ થયા, દુઆઓ આપી અને ફર્માવ્યું, આ લોકો નામના હનફી છે.*

*મેઅરાજ કા સમાં હૈ, કહાં પહુંચે ઝાઈરો*
*કુર્સીસે ઊંચી કુર્સી ઉસ પાક ઘર કી હૈ*
*મુજરિમ બુલાએ આએ હૈં જાઊક હૈ ગવાહ*
*ફિર રદ હો કબ યહ શાન કરીમોં કે દર કી હૈ*

હવે ખૂબ અદબ તથા વિનય સાથે ઈજજત કરીને મધ્યમ અવાજે ન ઊંચો તથા ભારે કે એનાથી અમલ નષ્ટ થઈ જાય છે અને ન ખૂબ ધીમે કે સુન્નતની વિરુદ્ધ છે, સલામ અર્ઝ કરે.

એક રિવાયતમાં છે કે જે માણસ હુઝૂર عليه الصلوة والسلامની કૃબ્ર મુબારક પાસે ઊભો થઈ ને પહેલાં આ આયત :–

اِنَّ اللّٰهَ وَ مَلٰٓئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى النَّبِيِّ ؕ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَيْهِ وَ سَلِّمُوْا تَسْلِيْمًا

*(અલ અહઝાબ, આ. ૫૬)* પઢે ત્યાર પછી સિત્તેર વખતે કહે : صَلَّى اللّٰهُ عَلَيْكَ يَا مُحَمَّدُ તો એક ફરિશ્તો કહે છે, હે ઈન્સાન ! અલ્લાહ તઆલા તારા ઉપર રહ્મત નાઝિલ ફર્માવે છે. અને તેની દરેક ઈચ્છા પૂરી કરી દેવામાં આવે છે. *(શરહે શિફા મુલ્લા અલી કારી, ૧૫૧, ઝુર્કાની અલ મવાહિબ, ૮/૩૦૭)*

### ★ મુસ્તફા عليه السلامના વસીલાથી દુઆ ★

સલામ પછી અલ્લાહ તઆલાથી હુઝૂર સૈયદે આલમ ﷺના વસીલાથી દુઆ કરે અને હુઝૂરે અકરમ ﷺની શફાઅતની વિનંતી કરે. દુઆ વખતે મોઢુ આપની બાજુથી કદી ન ફેરવે, એમાં કોઈ શક નથી કે આપ કિબ્લાના પણ કિબ્લા છે. અમુક લોકો ત્યાં જ ચેહરએ અન્વર બાજુ પીઠ કરીને કિબ્લા તરફ મોઢુ કરીને દુઆ માગવાનું શરૂ કરી દે છે. આ અદબની વિરુદ્ધ છે. આપનો ચેહરએ અન્વર અને આપણી પીઠ તૌબા ! તૌબા !

ખલીફા મન્સૂર અબ્બાસીએ હઝરત ઈમામ માલિકથી પૂછયું કે દુઆ વખતે હુઝૂર ﷺની સામે મોઢું કરું કે કિબ્લા બાજુ ? ફર્માવ્યું :–

હુઝૂર عليه الصلوة والسلامની બાજુથી કેમ મોઢુ ફેરવે છે ? જ્યારે કે તેઓ તારા અને તારા બાપ હઝરત આદમ عليه السلامના પણ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની બારગાહમાં કયામતના દિવસે વસીલો છે. હુઝૂર عليه الصلوة والسلام બાજુ મોઢું કર અને આપથી શફાઅતની માગણી કર તો અલ્લાહ તઆલા તેઓની શફાઅત કબૂલ ફર્માવશે. *(શિફા શરીફ, ૨/૩૩)*

તે ફર્માવે છે :–

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ ---الاية

"અને જો તેઓ પોતાની જાનો પર જુલ્મ કરે, તો હે મહબૂબ ! તમારી હુઝૂર હાજર થાય." (છેવટ સુધી) *(હવાલો : નિસાઅ–૬૪)*

ઈમામ માલિક ફર્માવે છે કે ઈબ્ને વહબની રિવાયતમાં છે :–

"જ્યારે કોઈ ઝાઈર (ઝિયારત માટે જનાર) નબીએ કરીમ ﷺ ઉપર સલામ અર્ઝ કરે અને દુઆ કરે તો દુઆ વખતે પણ તેનું મોઢુ કૃબ્રે અન્વર બાજુ હોય, કિબ્લા બાજુ ન હોય." *(શિફા શરીફ, ૨/૭૦, ઝુર્કાની, અલલ મવાહિબ, ૮/૩૧૩)*

અને ધારો કે કોઈ સંકૂચિત દષ્ટિવાળાને એ માન્ય ન હોય કે તે આપની તરફ મોં કરીને દુઆ માગે તો કમસે કમ એટલુ જરૂર હોય કે તે આપની તરફ પીઠ કરીને બેઅદબીમાં પણ ન સપડાય. બલ્કે મુબારક પગોની બાજુ થોડુ આગળ થઈને કિબ્લા બાજુ મોઢુ કરીને દુઆ માગી લે. પરંતુ ઈમાન તથા મહોબ્બતવાળા જાણે છે કે જ્યારે રોઝએ અન્વરનો અંદરનો ભાગ બૈતુલ્લાહ શરીફ તથા અર્શે મુઅલ્લા તથા કુર્સીથી અફઝલ છે તો આપ ﷺની જાતે અક્દસનું શું કહેવું ?!

દરેક સ્થિતિમાં ઝાઈર (મુલાકતી)એ જોઈએ કે ખૂબ દુઆ માગે અને આપનો વસીલો પકડે અને આપથી શફાઅત માગે. કોઈ શંકા વગર આપની ઝાતે

અક્દસ એવી છે કે કોઈ સાચો માગવાવાળો નામુરાદ નથી ફર્યો.

*ઉનકે તાલિબને જો ચાહા પા લિયા*
*ઉનકે સાઈલને જો માંગા મિલ ગયા*
*ઉનકે કરમ સે ભર ગયા દામાને આરઝૂ*
*ઈતના મિલા કે અબ કોઈ હાજત નહીં રહી*

જો કોઈ સગા વહાલાએ સલામ તથા દુઆ માટે કહ્યું હોય તો તેના તરફથી પણ બારગાહે અક્દસમાં અર્ઝ કરે :–

السَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ مِنْ فُلَانِ بْنِ فُلَانٍ يَسْتَشْفِعُ بِكَ اِلٰى رَبِّكَ

હુઝૂરે અકરમ علیہ السلامની બારગાહમાં સલામ અર્ઝ કર્યા પછી થોડુક જમણી બાજુ થઈને હઝરત સૈયદના અબૂબક્ર رضی اللہ عنہ ઉપર સલામ પઢે પછી એક પગલુ અધિક જમણી બાજુ હટીને હઝરત સૈયદના ઉમર ફારૂકે આ'ઝમ ﷺ ઉપર સલામ પઢે. પછી તે બંનેની વચ્ચે ઉભો થઈને તે બંને ઉપર સલામ પઢે અને દુઆ કરે અને તે બંને મુકદસ હઝરાતથી પણ અર્ઝ કરે કે આપ હુઝૂર ﷺની બારગાહે અક્દસમાં સિફારિશ કરો.

હઝરાતે શૈખૈન કરીમૈન رضی اللہ عنہما ઉપર સલામ અર્ઝ કરીને ફરી હુઝૂર સૈયદે આલમ ﷺના ચેહરએ અન્વરની સામે હાજર થાય અને આપ علیہ الصلوٰۃ والسلام ઉપર ખૂબ દુરૂદ તથા સલામ મોકલે. પછી રિયાઝુલ જન્નતમાં આવીને શુક્રાનાના તોર પર બે રકાત નફ્લ પઢે અને અલ્લાહની ખૂબ હમ્દ તથા ષના કરે અને તેનો લાખ લાખ શુક્રિયા અદા કરે જેણે આ મહાન નેઅમતથી સરફરાઝ ફર્માવ્યા.

મિમ્બર શરીફ પાસે આવીને પણ દુઆ કરે તેના ઉપર તબર્રુકન હાથ ફેરવીને મોં ઉપર ફેરવે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما મિમ્બર પર હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બેસવાની જગ્યા ઉપર હાથ ફેરવીને પોતાના મોઢા ઉપર ફેરવતા હતા. *(શિફા શરીફ)*

ત્યાર પછી સુતૂને હન્નાના પાસે આવીને કે જે મેહરાબ નબવી علیہ الصلوٰۃ والسلامની સાથે જ જમણી બાજુ છે, દુરૂદ શરીફની કષરત અને દુઆનો એહતેમામ કરે અને પ્રખ્યાત સુતૂનો પાસે દુરૂદ શરીફ, નવાફિલ અને ખૂબ દુઆ કરે.

નમાઝમાં અને નમાઝ વગરમાં રોઝએ અન્વર બાજુ કદી પીઠ ન કરે, ખાસ કરીને મસ્જિદ શરીફની અંદર આને ખૂબ જ ધ્યાનમાં રાખે.

મદીના મુનવ્વરાના રોકાણમાં રોઝએ અન્વર علیہ الصلوٰۃ والسلام પર હાજરી દુરૂદ શરીફ, કુર્આન શરીફની તિલાવત, નવાફિલ અને ઝિક્રો ફિક્રનો ખૂબ એહતેમામ રાખે. વધુ સૂવામાં અને બેકાર કામો અને વાતોમાં આ કિંમતી અને ખૂબ જ અતિ મહત્વનો સમય વેડફી ન નાખે. ઓછામાં ઓછુ એક કલામે પાક જરૂર પૂરું કરે.

*દેખી હૈ જબ સે ગુંબદે ખઝરા કી ઝલકિયાં*
*કુછ ઔર દેખને કી ઝરૂર નહીં રહી*
*–(બેહઝાદ)*

★ ૧૦ રૂા. ટપાલ ટિકિટ મોકલી મંગાવો ★

**કિતાબ : મુહર્રમમાં શું જાઇઝ શું નાજાઈઝ ?** મુહર્રમમાં થતી વર્તમાન તાઝીયાદારીની ખરાબીઓના નિર્દેશ સાથે અહલે સુન્નતના ચોટીના ઉલમાના ફત્વા તથા માર્ગદર્શન હેઠળ મુહર્રમમાં કઈ રસ્મો જાઈઝ છે, કઈ નાજાઈઝ તેને દર્શાવતી કિતાબ મંગાવો, લોકોમાં વહેંચો, વાંચો વંચાવો અને સાચા હુસૈની બનો.

**પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા**, મુા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ (મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧)




# નશાનું ઝહેર અને તડપતી લાશો !


અઝ : મૌલાના તૌફીક઼ અહસન બરકાતી
(એડિટર : સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ)

રજૂકર્તા : મૌલાના અલ્તાફહુસૈન મિસ્બાહી કુરચનવી
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)


નશાકારક પદાર્થોથી મુરાદ એ બધી વસ્તુઓ અને દવાઓ છે જે નશો પેદા કરે છે. દારૂ, હેરોઈન, અફીણ, ચરસ, ગાંજો, ભાંગ તથા એમ.ડી. વગેરે. નશો પેદા કરવાવાળા ઈંજેક્શન પણ બજારોમાં મળે છે જેને નશો નહીં પણ નશાની મસ્તી કે ખુમારનું નામ આપે છે, આ પણ કેફી પદાર્થોમાંથી છે.

ઈસ્લામ ધર્મમાં એ દરેક ખાવા, પીવાની વસ્તુઓ હરામ છે જે નશો પેદા કરે છે. અને ઈન્સાનોના માનસને નુકસાન પહોંચાડે છે, અને જેનાથી ઈન્સાન, દિલ અને દિમાગનો રોગી બની જાય છે. કેમ કે ઈસ્લામ એક પવિત્ર સમાજ સ્થાપવા માગે છે, જ્યાં અમન તથા શાંતિ હોય, માનવતા હોય, ગુનાહોથી પાક જિંદગી હોય, સામાજિક હક્કોનું પાલન હોય. અને કેફી પદાર્થો આ બધી સામાજિક બુનિયાદોને ઝડપથી ઉખેડી નાખે છે. આ જ કારણે જ્યાં કેફી પદાર્થોના શોખિન લોકો પુષ્કળ હોય છે ત્યાંનો માહોલ અમન, શાંતિથી ખાલી હોય છે અને જિંદગીઓ ગુનાહોમાં ડૂબેલી હોય છે, સામાજિક તથા કૌટુંબિક હક્કોનો પાયમાલ થતા હોય છે અને ઈન્સાની સંબંધોનું કોઈ મહત્વ નથી હોતુ.

મુંબઈ શહેરને સૌથી વધારે સુંદર કહેવામાં આવે છે જે એક હદ સુધી સાચુ છે, પણ વાસ્તવિકમાં એ માફિયાઓની રાજધાની પણ છે, ગુનાહોનું ગઢ છે, કેફી પદાર્થોનું ઉદ્ભવસ્થાન પણ છે, સેક્સ રેકેટની ઘટનાઓ પણ અહીંયાં થાય છે. આ રોશનીનું શહેર છે, પણ કોઈ અંધેરી નગરીથી ઓછુ નથી, જ્યાં જ્યાં કદમ કદમ પર દગાબાજી, પ્રપંચ, અત્યાચાર, બળાત્કાર તથા ફિર્કાબંદીની દુર્ઘટનાઓ થતી રહી છે અને આ બધા કામો દિવસના અજવાળામાં થાય છે !

નશાકારક પદાર્થોના સેવનમાં સપડાયેલા લોકોનાં બે ગૃપોમાં છે : એક ગૃપ હાઈ પ્રોફાઈલ લોકોનું છે. આ માલદારોનો એ વર્ગ છે જે પોશ (Posh) વિસ્તારોમાં રહે છે, જેમને ત્યાં દોલતની રેલમછેલ છે. આ વર્ગ મોજશોખ તથા ફેશનનો આશિક઼ છે, એ પોતે પણ અને એમનાં બાળકો પણ. આ તબક઼ાના બાળકો મોંઘી મેડિકલ અને ઈન્જિનયરીંગ કોલેજો તથા યુનિવર્સિટીઓમાં શિક્ષણ પ્રાપ્ત કરતાં હોય છે. એમનો મિજાઝ તથા સ્વભાવ આશિક઼ાના તથા મોજીલો હોય છે. આ બાળકો ગેંગની શકલમાં તોફાને ચઢી જાય છે. એમાં અમુક જ બાળકો વ્યવસ્થિત હોય છે. આ બાળકો ઘરમાં રહેતા હોય કે હોસ્ટેલમાં વધારે પડતાં શરાબનાં વ્યસની હોય છે. દોસ્તીના નામ પર જાતિય સંબંધો પણ રાખે છે, ગર્લફ્રેન્ડ બોયફ્રેન્ડ એમની જિંદગીનો ફરજીયાત હિસ્સો હોય છે ! આ બાળકો અને એમના માતા, પિતા ફેશનના નામ પર કેફી પેદાર્થોના વ્યસ્ની હોય છે. અમુક અવસરો પર આયોજિત પાર્ટીઓ તથા શાદીઓમાં શરાબનો

દૌર તથા નગ્ન, અર્ધનગ્ન ડાન્સ સામાન્ય વાત હોય છે.

બીજુ ગૃપ બિલકુલ ગરીબ, નિર્ધન લોકોનું છે જેમનું કોઈ ઘર પણ નથી હોતું અને નોકરી પણ નથી હોતી, આ લોકો દિવસભર ખિસ્સાં કાતરવાનું કામ કરતા રહે છે. એમાં અમુક લોકો ભંગારની નાની મોટી વસ્તુઓ ભેગી કરી દુકાનો પર વેચે છે અને ત્યાર બાદ એ રૂપિયાથી દારૂ તથા કેફી પદાર્થોનું સેવન કરી મસ્ત થઈ રાતો ગુજારે છે. એમાં અમુક લોકો ગલી કૂચા ઉપર પોતાનો અડ્ડો બનાવી લે છે અને ટોળીઓમાં બેસી આ નાપાક કામ કરતા જોવા મળે છે. એમના માટે રાત દિવસ બરાબર હોય છે. આ નફ્ફત લોકો હોય છે. આ ગૃપમાં બાળકથી લઈ વૃદ્ધ સુધી લોકો હોય છે. લંપટતા એમની નસ નસમાં સમાયેલી હોય છે. પણ હા ! એક ત્રીજો તબક઼ો પણ છે, એ પણ કોઈનાથી પાછળ નથી. આ એ લોકોનો તબક઼ો છે જે નાનો, મોટો કારોબાર કરતા હોય છે. દુકાનો તથા કંપનીઓમાં કામ કરતા હોય છે અથવા કોલેજોમાં શિક્ષણ પ્રાપ્ત કરતા હોય છે. આ તબક઼ો કેફી પદાર્થોનો શોખિન હોય છે. અમુક એવા પણ હોય છે કે જે દારૂ પીવા માટે પોતાની પત્નીઓનાં ઘરેણા પણ વેચી નાખે છે.

નશાકારક પદાર્થોમાં સપડાએલ આ ત્રણેય વર્ગોની સંખ્યા વધારે મુંબઈમાં જોવા મળે છે, દિલ્લી, કલકત્તા, ચેન્નઈ તથા ગોવા પણ મુંબઈથી કમ નથી. સૌથી વધારે અફસોસની વાત એ છે કે સંપૂર્ણ દેશમાં ગુજરાત રાજ્ય સિવાય બીજા કોઈ રાજ્યમાં દારૂ પર પ્રતિબંધ નથી. અનીસુલ હસના સિદ્દીક઼ી લેખક પોતાના એક આર્ટીકલ "જિદ્દો જોહદે આઝાદી અભી જારી હૈ"માં લખે છે કે;

"સંપૂર્ણ ભારતમાં માત્ર ગુજરાત એક એવું રાજ્ય છે જ્યાં વર્ષોથી દારૂ પર પ્રતિબંધ છે, નહીં તો દરેક રાજ્યમાં દારૂ, તંબાકુ તથા નશો પેદા કરવાવાળી વસ્તુઓનો ખુલેઆમ વપરાશ થઈ રહ્યો છે."

ગુજરાતમાં પણ ગૈર ક઼ાનૂની રૂપે નશાકારક પદાર્થોનો કારોબાર થાય છે પણ ક઼ાનૂન આ કારોબારને ગુનોહ સમજે છે. કાશ ! આ ક઼ાનૂન આખા દેશ માટે લાગુ હોત પણ... અફસોસ ! એવું નથી થઈ રહ્યું. હુકૂમતો દારૂના કારોબારો કરવાવાળાઓને પરમીટ આપે છે તો હવે સમાજને બુરાઈઓથી કેવી રીતે પાક કરી શકાય ? જો કે મુંબઈ શહેરમાં પોલિસ વિભાગ પણ કેફી પદાર્થોના વિરુદ્ધ અવાજ ઉઠાવનારા લોકોનું સમર્થન કરે છે, રાજકરણીઓ પણ પ્રેસ કોન્ફ્રસમાં વારંવાર ભાર આપે છે કે નશાખોર પર લગામ લગાડવામાં આવે અને કેફી પદાર્થોના ઉત્પાદન પર પ્રતિબંધ લગાડવામાં આવે.

ઈસ્લામ ધર્મના આલિમો આ ચળવળમાં આગળ છે. મુંબઈના અમુક વિસ્તારોમાં કેફી પદાર્થો વિરુદ્ધ પ્રોગ્રામોનું આયોજન પણ કરવામાં આવે છે. જેમાં નશાખોરો વિરુદ્ધ તક઼રીરો કરવામાં આવે છે અને આના પર પરિણામો પણ જોવા મળ્યાં. અમુક જગ્યાઓએ પોલિસ વિભાગે નશાખોરો વિરુદ્ધ કડક પગલાં પણ ભર્યાં. આ ઘટનાઓ મિડીયાની નજરમાં પણ આવી. આલિમોની આ કોશિશ પ્રશંસાના લાયક છે અને આ સંદર્ભે દરેક પોતાની યથાશક્તિ કોશિશ કરવી જોઈએ. પોલિસ વિભાગ પણ આ ચળવળમાં સારો ભાગ ભજવે છે.

જરા વિચારો ! કેફી પદાર્થોથી આપણા સમાજમાં કેટલો ખતરનાક અસર પડયો છે ? કેવળ દારૂથી કેવી કેવી બુરાઈઓ જન્મ લઈ રહી છે, નશાની આ લતથી આપણી અંગત લાઈફમાં કેટલી નકારાત્મક અસર પડે છે. જેવી રીતે સ્ત્રી પુરૂષનો

આઝાદ મિશ્રિત માહોલ, કોલેજો, યુનિવર્સિટીઓનું મિશ્રિત શિક્ષણ, કંપનીઓ તથા ફેકટરીઓમાં છોકરા, છોકરીઓનું એક સાથે કામ કરવું, હંસી મજાકથી વધીને પછી છેડતી અને પછી એના પરિણામે બળાત્કાર વગેરેનો ફેલાવો જોવા મળે છે. એવી જ રીતે દારૂ એ પણ અંગત જિંદગીમાં બેચૈનીની સ્થિતિ ઊભી કરી છે. ઈન્સાનની ઘરેલુ જિંદગી ઉપર એની ખરાબ અસરો પડી છે. પત્ની પર જુલ્મ, બાળકોને મારવાં, પડોસીઓને ગાળો આપવી, તલાક઼ આપવું, મા બાપને હેરાન કરવાં... વગેરે ખાનગી સમસ્યાઓનું એક મોટુ કારણ દારૂ પીવાની કુટેવ છે.

નબી કરીમ علیہ الصلوٰۃ والسلامના ફર્માનથી પણ સ્પષ્ટ છે કે, "દારૂ સર્વ બેહયાઈની જનેતા છે." દારૂથી બુરાઈઓ જન્મે છે. અમુક પશ્ચિમી વિચારો ધરાવતા લોકો કહે છે કે આ કેફી પદાર્થોના વ્યસનથી ડિપ્રેશન દૂર થાય છે અને સંજોગોથી પરેશાન વ્યક્તિ પોતાનું દુઃખ તથા ગમ ભૂલી જાય છે, આ પ્રમાણે વિચારધારા રાખવી એ પોતાના પગ ઉપર કુહાડો મારવા સમાન છે. અથવા તો કપડા ઉપર લાગેલી ગંદકીને પેશાબથી દૂર કરવા સમાન છે, આ માત્ર વહેમ છે, બીજુ કાંઈ નથી. શું આ પણ કોઈ ઈલાજ છે ? શું આ કોઈ હોશિયારી છે ?! શું એમને ખબર નથી કે જો નશાનો ચસ્કો લાગી ગયો તો એની જિંદગીને બરબાદ થતાં કોણ બચાવશે ?!

ફિલ્મો, ટી.વી. સિરિયલોમાં પણ એવાં દશ્યો દેખાડવામાં આવે છે કે નશો અને ખાસ કરીને દારૂ ડિપ્રેશન તથા ગમનો ઈલાજ છે, નોવેલ તથા વાર્તાઓ પણ આ નકારાત્મક વિચારોથી ખાલી નથી. મશહૂર કથા લેખક મુહમ્મદ બશીર માલીર કોટલવી બંગાલી નોવેલ તથા ફિલ્મ દેવદાસના નકારાત્મક ચરિત્ર પર વિવરણ કરતાં લખે છે, "આ પ્રમાણે ચરિત્ર દેવદાસનું હતું જે આ વર્તુળમાં આવે છે. આ બંગાળી નોવેલ પર ત્રણ વખત ફિલ્મ બનાવવામાં આવી છે. જો કે આ ફિલ્મનો રોલ ઘણો જ નકારાત્મક છે. એક નવયુવાન પ્રેમમાં નિષ્ફળ થઈ દારૂના નશામાં ડૂબી મરી જાય છે. કલાના વ્યાપારી આ વાત ઉપર ક્યાં વિચારે છે કે આ ફિલ્મની થીમની નવયુવાન વર્ગ ઉપર હકારાત્મક અસર પડશે કે નકારાત્મક ?!" *(હવાલો : અફસાને મેં કિરદાર નિગારી કી એહમિયત, માહનામા ઉર્દૂ દુન્યા, ઓગસ્ટ–૨૦૧૪, પેજ : ૪૫)*

નશાકારક પદાર્થોના પ્રચારમાં આ ફિલ્મીસ્તાન પણ પાછળ નથી. ડ્રગ્સ તો માફીયાઓની ચાંદની જ ચાંદની છે ! આ માફીયાઓ કોઈ પણ નશાકારક પદાર્થોના વ્યસની આ ત્રણેય વર્ગના લોકોથી સંબંધ જાળવી રાખે છે અને ક઼ાનૂનની પરવા કર્યા વિના આ ગોરખધંધાને હોશિયારી તથા ચાલાકીથી પ્રગતિ આપતા રહે છે. મારી સમજ અનુસાર દરેક પ્રકારની બુરાઈઓ, બેહયાઈઓ, જુલ્મ તથા ધોકાબાજીમાં આ ફિલ્મો તથા દારૂનો અગત્યનો રોલ હોય છે અને એ હાલના વિશ્લેષણથી પણ સ્પષ્ટ થાય છે. વિશ્વાસ ન આવતો હોય તો હિંદી દૈનિક જાગરણ ઈન્ટરનેટ એડિશન (૧ સપ્ટેમ્બર ૨૦૧૪)માં એક ખબર આવી છે જેને દિલ થામીને વાંચો ! દૈનિક પત્ર જણાવે છે કે, જોર્જિયાના એફનગિમ કાઉંટીમાં કાંઈક આ પ્રમાણે જોવા મળ્યું, જેમાં લવ સ્ટોરી પર આધારિત ફિલ્મ "ધ નોટ બુક" જોયા પછી એક સગાભાઈ, બહેનને એવી અસર થઈ કે એ બંનેવ દરમિયાન તે બધું થઈ ગયુ જેના વિશે કોઈ વિચારી નથી શક્તુ ! વેબસાઈટ મેટ્રો મુજબ જોર્જિયાના રહેવાવાળા ૨૫ વરસીય ટીમૂથી સિવાઈ અને ૨૦ વર્ષની બકનર બંનેવ સગા ભાઈ બહેન હતાં. જેમની

વાસ્તવિક્તાની પહેલાં કોઈને ખબર ન હતી, પણ એક દિવસ પોલિસે એમને ચર્ચની બહાર જાતિય સંબંધ બનાવતાં જોઈ લીધાં, ત્યારે પોલીસ બંનેવ ભાઈ, બહેનને પકડી પોલીસ સ્ટેશન લઈ ગઈ અને પૂછતાછ કરવામાં આવી. પહેલાં તો બંનેવ પોતાની હક઼ીક઼ત બતાવી રહ્યાં ન હતાં પણ પછી એમણે સ્વીકારી લીધું કે એ બંનેવ સગા ભાઈ, બહેન છીએ અને એમણે આ નાજાઈઝ સંબંધ ફિલ્મ જોઈને બનાવ્યો હતો.

આ એક ઉદાહરણ છે, આવાં તો ન જાણે કેટલાયે બનાવો બનતા રહે છે અને માનવતાનું માથુ શરમથી ઝુકી જાય છે. અમુક વરસો પહેલાં સ્કૂલોમાં જાતિય શિક્ષણને જરૂરી કરવાના હુકમથી નાબાલિગ સગા ભાઈ, બહેનોમાં શારીરિક સંબંધ થવાની ખબરો જોવા મળી હતી. નવી પેઢીમાં નશાકારક પદાર્થોનો વપરાશ વધી રહ્યો છે જે ખરેખર આપણા માટે ચિંતાજનક છે. પોલીસ વિભાગની અત્યાર સુધીની જે પણ કાર્યવાહી નશાકારક પદાર્થોના વ્યસની લોકો વિરુદ્ધ થઈ છે તે પણ અવ્યવસ્થિત અંદાઝમાં અને ન કોઈ યોગ્ય હિક્મતવાળાં પગલાં લેવાયાં છે. નશાકારક પદાર્થોના તથા નશાકારક દવાઓના વેચાણ કરનાર લોકો ઉપર લગામ લગાડવામાં પોલીસ વિભાગ બિલ્કુલ નિષ્ફળ છે.

શહેરના અલગ અલગ વિસ્તારો પર નશાકારક પદાર્થોનું વેચાણ કરનારાઓનો કબ્જો છે, ડ્રગ્સ ડિલરોનું ગ્રૃપ સંગઠિત થઈ પોતાનો કારોબાર ચમકાવી રહ્યા છે. આ સંદર્ભે પોલીસ વિભાગે હોશિયાર થવાની જરૂરત છે અને જનતામાં જાગૃતિ માટે ચળવળ ચલાવવાની પણ જરૂર છે. રહી વાત ઈસ્લામ ધર્મની તો એ આપણને આ વિશે માર્ગદર્શન આપે છે. હદીષ શરીફમાં છે કે, ''દરેક નશો પેદા કરનાર વસ્તુ હરામ છે.''

હવે જરૂરત એ વાતની છે કે આપણે સ્વંય ભેગા થઈ નશાકારક પદાર્થો વિરુદ્ધ ચળવળમાં હિસ્સો લઈ નશાખોરીના કિટાણુઓથી સમાજને પાક કરવાનો પ્રયત્ન કરીએ. પોતાના બાળકો ઉપર ચાંપતી નજર રાખીએ અને એમની જિંદગીને પાક બનાવવાની કોશિશ કરીએ, કેમ કે આ બાળકો ક઼ોમનું ભવિષ્ય છે.

## નશો પેદા કરનાર વસ્તુઓનો ઉપયોગ ઈસ્લામી દૃષ્ટિએ

અલ્લાહ તઆલા કુર્આન શરીફમાં ફર્માવે છે :

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِنَّمَا الْخَمْرُ وَ الْمَيْسِرُ وَ الْاَنْصَابُ وَ الْاَزْلَامُ رِجْسٌ مِّنْ عَمَلِ الشَّيْطٰنِ فَاجْتَنِبُوْهُ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ۝

''હે ઈમાનવાળાઓ ! દારૂ અને જૂગાર અને મૂર્તિઓ અને પાસાઓ અપવિત્ર જ છે, શૈતાની કાર્યો છે તો એનાથી બચતા રહેશો કે જેથી તમે સફળતા પામો.'' *(સૂરએ માઈદહ્, આ. ૭૦)*

શૈતાની કામો વિશે કુર્આન શરીફની આ આયત પણ જરૂર વાંચી લઈએ. અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّبِعُوْا خُطُوٰتِ الشَّيْطٰنِ ؕ وَ مَنْ يَّتَّبِعْ خُطُوٰتِ الشَّيْطٰنِ فَاِنَّهٗ يَاْمُرُ بِالْفَحْشَآءِ وَ الْمُنْكَرِ ؕ وَ لَوْ لَا فَضْلُ اللّٰهِ عَلَيْكُمْ وَ رَحْمَتُهٗ مَا زَكٰى مِنْكُمْ مِّنْ اَحَدٍ اَبَدًا ۙ وَّ لٰكِنَّ اللّٰهَ يُزَكِّيْ مَنْ يَّشَآءُ ؕ وَ اللّٰهُ سَمِيْعٌ عَلِيْمٌ ۝

''હે ઈમાનવાળાઓ ! શૈતાનના પગલે ચાલો નહીં અને જે શૈતાનના પગલે ચાલશે તો નિર્લજ્જતા અને ખરાબ વાત જ દેખાડશે, અને જો અલ્લાહની કૃપા અને તેની રહ્મત તમારા પર હોત નહીં તો

બિન ઔફ સહાબાની એક જમાઅતની દા'વત કરી તેમાં જમ્યા પછી દારૂ પીરસવા માટે હાજર કરી. અમુક લોકોએ દારૂ પીધો, કારણ કે હજુ તે સમય સુધી દારૂ હરામ થયો ન હતો, પછી મગરિબની નમાઝ પઢયા, ઈમામ નશાની હાલતમાં

قل یٰایھا الکفرون اعبد ما تعبدون وانتم عابدون ما اعبد

પઢી ગયા અને આયતમાં બંનેવ જગ્યાએ "લા" છોડી દીધો, નશાના કારણે ખબર ન પડી અને અર્થ બદલાઈ ગયો, ત્યારે આ આયત ઉતરી. અને તેમને નશાની હાલતમાં નમાઝ પઢવાની મનાઈ કરવામાં આવી, ત્યારે મુસલમાનોએ નમાઝના સમયે દારૂ પીવાનું બંધ કર્યું, ત્યાર પછી દારૂ તદ્દન હરામ કરવામાં આવ્યું.

અલ્લાહ તબારક વ તઆલા વધુ સૂરએ બક઼રહમાં ફર્માવે છે :–

يَسْـَٔلُوْنَكَ عَنِ الْخَمْرِ وَ الْمَيْسِرِ ؕ قُلْ فِيْهِمَاۤ اِثْمٌ كَبِيْرٌ وَّ مَنَافِعُ لِلنَّاسِ ۟ وَ اِثْمُهُمَاۤ اَكْبَرُ مِنْ نَّفْعِهِمَا ؕ وَ يَسْـَٔلُوْنَكَ مَا ذَا يُنْفِقُوْنَ ؕ۬ قُلِ الْعَفْوَ ؕ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمُ الْاٰيٰتِ لَعَلَّكُمْ تَتَفَكَّرُوْنَ ﴿۲۱۹﴾

"હે નબી ! તમને દારૂ અને જૂગારનો હુકમ પૂછે છે, તમે ફર્માવી દો કે એ બંનેમાં મોટો ગુનોહ છે અને લોકોના અમુક દુનિયાના ફાયદા પણ, અને એમનો ગુનોહ એમના ફાયદાથી મોટો છે." –*(સૂરએ બક઼રહ, આ. ૨૧૯)* *ક્રમશઃ*

તમારામાં કોઈ પણ કદી સ્વચ્છ રહી શકત નહીં." *(સૂરએ નૂર, આ. ૨૧)*

اِنَّمَا يُرِيْدُ الشَّيْطٰنُ اَنْ يُّوْقِعَ بَيْنَكُمُ الْعَدَاوَةَ وَ الْبَغْضَآءَ فِي الْخَمْرِ وَ الْمَيْسِرِ وَ يَصُدَّكُمْ عَنْ ذِكْرِ اللّٰهِ وَ عَنِ الصَّلٰوةِ ۚ فَهَلْ اَنْتُمْ مُّنْتَهُوْنَ ﴿۹۱﴾

"શૈતાન એ જ ઈચ્છે છે કે તમારામાં વેર અને દુશ્મની નંખાવે દારૂ અને જૂગારમાં, અને તમને અલ્લાહની યાદ અને નમાઝથી રોકે, તો શું તમે ત્યજયું ?" *(સૂરએ માઈદહ્, આ. ૯૧)*

આ આયતે કરીમાની તફસીરમાં હઝરત અલ્લામા સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ તફસીરે ખઝાઈનુલ ઈર્ફાનમાં લખે છે : "આ આયતમાં દારૂ અને જૂગારનાં પરિણામ અને વબાલ વર્ણવવામાં આવ્યાં કે દારૂ અને જૂગારનું એક માઠુ પરિણામ તો એ છે કે એનાથી અંદરો અંદર અદાવત અને વેર ઉત્પન્ન થાય છે, અને જે એ બુરાઈઓમાં સપડાય છે તે અલ્લાહના ઝિક્ર અને નમાઝના સમયોની પાબંદીથી વંચિત બની જાય છે."

અલ્લાહ તબારક વ તઆલા બીજી આયતે કરીમામાં ફર્માવે છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَقْرَبُوا الصَّلٰوةَ وَ اَنْتُمْ سُكٰرٰى

"હે ઈમાનવાળાઓ ! નશાની હાલતમાં નમાઝની પાસે ન જાવ." *(સૂરએ નિસાઅ્, આ. ૪૩)*

તફસીરે ખઝાઈનુલ ઈરફાનમાં આ આયતે કરીમાના હેઠળ લખ્યું છે કે, હઝરત અબ્દુર્રહમાન

**કિતાબ : ક઼ાનૂને શરીઅત (ભાગ : ૧ અને ૨)** અક઼ીદા, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, મૌત, કુર્બાની તથા અક઼ીક઼ાનું બયાન તેમજ નિકાહ, તલાક઼, ખરીદ વેચાણ, ખાવા, પીવા, વલીમા, સૂવા, બેસવા, ચાલવા તેમજ જૂઠ, ગીબત, ચુગલી....વગેરેના મસાઈલ છે. **હદિયો : ટપાલ ખર્ચ સાથે દરેક ભાગના રૂા. ૧૧૦)**

**પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા**, મુા. પો. દયાદરા, તા. જિ. ભરૂચ (મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧)

## સુન્ની દા'વતે ઈસ્લામીની ગતિવિધિઓ

- **દયાદરા** : ખાતે દરરોજ અસર બાદ હાફિઝ અફઝલ સરનારવી તેમજ પટેલ શબ્બીર અલી રઝવી થકી મસ્જિદમાં "બરકાતે શરીઅત" કિતાબમાંથી દર્સ આપવામાં આવ્યો. દર રવિવારે ઈશાની નમાઝ બાદ હફતાવારી ઈજતેમામાં મૌલાના ઝહીર મિસ્બાહી થકી ઈસ્લામી લિબાસ પર તથા હજ વિશે તર્બિયતી બયાનો થયાં, બયાન અગાઉ કારી મક્સૂદ કાવીવાલા (પેશ ઈમામ) સાહબે નઅતે પાક પેશ કરી, હાફિઝ અફઝલ થકી સુન્નતે રસૂલ (ફિક્રે ઉમ્મત) પર બયાન થયું. તેમજ ૧૭–૭–૨૦૧૭ રવિવારે ઝહોર બાદથી ઈશા સુધી "નમાઝના ફઝાઈલ મસાઈલ તથા નમાઝની પ્રેક્ટિકલી તર્બિયત" માટે ઈજતેમા થયો જેમાં મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે તર્બિયત કરી હતી. ૬–૭–૨૦૧૭ના રોજ સવારે ૧૦ વાગ્યે મસ્જિદમાં "મૌત સે પહલે કી તૈયારી" પર પણ બયાન મર્હૂમ ઈબ્રાહીમ અહમદ ઈસેની ઝિયારતના પ્રસંગે કર્યું હતું.
- **ભરૂચ** : ખાતે હુસૈની મસ્જિદ (નેશનલ પાર્ક), પીર છત્તર મસ્જિદ, ગોડદીવાડ, બહારની ઊંડાઈ, ખુશ્બુ પાર્ક તથા ભોલાવ મદીના મસ્જિદ ખાતે હફતાવારી ઈજતેમા દર અઠવાડિયે અલગ અલગ મસ્જિદોમાં થયા જેમાં મુબલ્લિગો મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી, હાફિઝ અબ્દુર્રહીમ, મુહમ્મદ તારીક શેખ, મોઈનભાઈ શેખ, શફીભાઈ વગેરે થકી દીની તર્બિયત કરવામાં આવી તેમજ તા. ૬–૮–૨૦૧૭ રવિવારે હઝરત બાવા રયહાન મસ્જિદ પર મગરિબ બાદ ઈજતેમામાં મૌલાના ઝહીર સાહબે શાનદાર તર્બિયતી બયાન કર્યું. ફયઝાને રઝા ઈબાદતગાહ (પાંચબત્તી) ખાતે અસર બાદ દરરોજ દર્સ થયો.
- **પાલેજ** :ના મુબલ્લિગો ઈમરાન નૂરી, યૂસુફ નૂરી, મૌલાના શોએબ રઝા વગેરે થકી ઉતરાજ, કનાયડા, શિનોર, સાધલી, દેવલિયા, પાનતલાવડી, મોતીપુરા, કપલસાડી, રાજપારડી, વણાકપોર, રાજપીપલા, કુકસ, વરણામા, કપુરાઈ, તરસાલી, પાલીતાણા, કહાનવા, નાંદેડા, જોલવા, ગલેન્ડા, ભેંસલી, હિંગલ્લા, પારખેત, મોટી કોરલ, સુરાસામન... વગેરે સ્થળોએ તર્બિયતી ઈજતેમાઓ, જુમ્આમાં બયાન, દર્સ વગેરે રીતે દીની ઈસ્લાહ કરવામાં આવી.
- **જંબુસર** :ના મુબલ્લિગો મૌલાના ઝહીર મિસ્બાહી, મૌલાના અઝહર, મોલાના મુબારક, મૌલાના ઈમરાન ઝંઘારવી, હાફિઝ અસ્લામ, હાફિઝ મુશ્તાક વગેરે થકી વિવિધ મસ્જિદોમાં હફતાવારી ઈજતેમા તથા આસપાસ ગામોમાં પહોંચી તર્બિયતી ઈજતેમાઓ અવાર નવાર કરવામાં આવ્યા.
- **ધોરાજી** : ખાતે મુબલ્લિગો મુફતી મુનવ્વર રઝા, મૌલાના યૂસુફ, હાફિઝ અશ્ફાક નૂરી થકી સિદીકિયા મસ્જિદ, હઝરત લધા શાહબાવા દરગાહ, નાગાની શાહ મસ્જિદ, નૂરી તર્બિયતી સેન્ટર વગેરે સ્થળોએ સુન્ની તર્બિયતી ઈજતેમા, મેહફિલે નઅત, શાને મુસ્તફા ﷺ પર બયાન, દર્સ તથા તફસીરના, નમાઝની તર્બિયતના પ્રોગ્રામો થતા રહ્યા. જશ્ને હઝરત લાલશાહ બાવા મનાવાયો જેમાં ૧૭–૭–૨૦૧૭ના રોજ મુંબઈથી આવેલ મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ સૈયદ મુઈનુદ્દીન ચિશ્તી સાહબે નઅતોના ગુલદસ્તા પેશ કર્યા અને અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર નૂરી સાહબે ઈમાન અફરોઝ બયાન કર્યું. તે ઉપરાંત ડભોઈ, બોડેલી, વાગરા, વડોદરા, સુરત, ભાવનગર, કોસંબા વગેરે સુન્ની દા'વતે ઈસ્લામીની શાખાઓ થકી ઈસ્લાહી તથા તર્બિયતી ઈજતેમા થયા હતા.

# બરકાતે ખ્વાજાની ટપાલ..........કાર્યાલય

## ડંકાની ચોટ પર હક્ બાબતનું એલાન

**જસદણ** :થી હબીબભાઈ તરકવાડિયા જણાવે છે કે બરકાતે ખ્વાજા—માસિક મઝહબી મુખપત્ર છેલ્લા ૧૪ ઉપરાંત વરસોથી સુન્નિયતની દીનો મઝહબની પ્રિન્ટ મીડીયા થકી જબરદસ્ત ખિદમત અંજામ આપી રહ્યું છે. મુસ્લિમ સમાજમાં સારા ભલા વિવિધ સામાજિક પ્રસંગો ઉપર તથા વિવિધ ધાર્મિક પ્રસંગો ઉપર શાદી, ગમી, ઉર્સ વિવિધ તહેવારો, મુહર્રમમાં તાઝીયાદારી... વગેરે પ્રસંગો ઉપર શરીઅત વિરૂધ્ધનાં વિવિધ કાર્યો થઈ રહ્યાં છે. અને તેમાં ફુઝૂલ ખર્ચાઓ થઈ રહ્યા છે તે બાબતો ઉપર તેમજ વર્તમાન સમયમાં ઉપસ્થિત થતા વિવિધ મસ્અલાઓ (કરંટ ટોપિક્સ્) તથા પ્રશ્નોના "બરકાતે ખ્વાજા" (માસિક)માં આપની કોલમ "ગલત ફહમીઓ અને તેનો ઈલાજ" કોલમમાં તથા તંત્રી લેખો તથા અન્ય લેખોમાં ઉપરોક્ત બાબતોએ ડંકાની ચોટ પર હક્ વાતો લખવામાં આવે છે, કોઈની પણ શેહ શરમ રાખ્યા વિના નીડરતાથી લખવામાં આવે છે, જેથી વાંચકો તથા અવામને સાચી સહી શરીઅત મુજબની સચોટ જાણકારી) મળે છે. આ સંસ્થા તથા તેનું મુખપત્ર ઔર વધુ તરક્કી તરફ પોતાની આગેકૂચ જારી રાખે તેવી ઢેર સારી શુભેચ્છા સાથે અહીં વિરમુ છું.

*—હબીબભાઈ તરકવાડિયા (જસદણ)*

**નોંધ** : જનાબ તરકવાડિયા સાહબે "બરકાતે ખ્વાજા" (માસિક) ઉપરાંત "અંજુમને રઝાએ મુસ્તફા—દયાદરા"ની પણ કામગીરીની ખૂબ જ સરાહના કરી છે. સ્થળ સંકોચને લઈને પૂરો પત્ર નથી છાપી શક્યા. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં આપના બોલને મક્બૂલ ફર્માવે. (આમીન) હોસલા અફઝાઈ બદલ શુક્રિયા, જઝાકલ્લાહ ! *—તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


## પોસ્ટ કાર્ડ લખી કિતાબ મંગાવો

- **નૂરનો ખઝાનો** : (નમાઝ : હદીષ શરીફની રોશનીમાં) *(પેજીસ : ૨૯૨)*
- **મગફિરતનો ખઝાનો** *(પેજીસ : ૨૭૮)*

**સંપાદક** : વહોરા અબ્દુલ કૈયૂમ અ. રહમાન (નરસંડા)
**પ્રકાશક : સુન્ની મુસ્લિમ કમિટી,** ઈમામ અહમદ રઝા મંઝિલ, વેરી દરવાજા, મુ. ગોંડલ—૩૬૦૩૧૧, જિ. રાજકોટ (Ph. : 02825-224786 )

## કિતાબ મંગાવો

- **રૂહાની ફૈઝ** *(પેજીસ—પર, હદીયો : રૂા. ૩૦)*
- **બારહ મહીનેકે ફઝાઈલ** *(પેજીસ—૨૮, હદિયો : રૂા. ૩૦)*

**પ્રકાશક** : મુહમ્મદઅમીન ચોલા (નૂરી), સુન્ની મિશન, ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર પાછળ, જામનગર—૩૬૧૦૦૧. મો. 98248 36500

## પોસ્ટકાર્ડ લખી કિતાબો મંગાવો

- **હઝરત ફુઝૈલ બિન અયાઝ** رحمۃ اللہ علیہ
- **હઝરત સાબિરપાક કલિયરી** رحمۃ اللہ علیہ
- **ઈલ્મે દીન ★ શાને કર્બલા** વગેરે...

**પ્રકાશક : ગરીબ નવાઝ કમિટી,** C/o. ઉસ્માનભાઈ રેલ્વેવાળા, ગઢની રાંગ, સિપાઈ શેરી, માતમ ચોક, મોરબી—૩૬૩૬૪૧

## નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત રૂા. ૩૦૦/- (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા—૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## :: અલ્લાહ જઝાએ ખૈર અતા કરે ::

- **મનુબર** : જનાબ મુહમ્મદ અઝીઝ આદમ ઈસ્માઈલ જમાદારે પુત્ર "અહમદ રઝા"ના જન્મની ખુશીમાં **Rs. 5000/-** દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદમાં લિલ્લાહ આપ્યા છે. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં 'મુન્ના અહમદ રઝા'ને ફયઝાને ઈમામ અહમદ રઝા અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- **દયાદરા** : મુહ્યુદ્દીન મુહમ્મદ ઈસા અલી તરફથી ફેમીલી સાથે હજમાં જઈ રહયાની ખુશીમાં અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરામાં **Rs. 500/-** મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ તઆલા તેના મહબૂબ ﷺના સદકામાં હજ્જે મબરૂર અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
- **પારખેત** : થી યુનુસ બોરડીવાળા જણાવે છે કે જનાબ અહમદ મૂસા ટંકારીઆવાલા તા. ૧૦–૭–૨૦૧૭ રોજ લગભગ ૬૩ વરસની વયે અલ્લાહ ﷻની રહમતમાં પહોંચી ગયા. મર્હૂમ નેક પરહેઝગાર, નમાઝોના પાબંદ હતા. તેમના સવાબ અર્થે તેમના ફરઝંદ મોહસિનભાઈ તરફથી રૂા. ૩૦૦૦/– લિલ્લાહ દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદને આપેલ છે. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે તથા ફરઝંદની સખાવતને કબૂલ ફર્માવે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## સુન્ની દા'વતે ઈસ્લામી થકી હજ ટ્રેનિંગ કેમ્પો

**બોડેલી** : ૨૩–૭–૨૦૧૭ રવિવાર સવારના ૧૦ થી સાંજના ૫ કલાક સુધી હજ્જ ટ્રેનિંગ કેમ્પ ચાલ્યો. જેમાં ૧૮૦ થી ૧૯૦ સુધી હાજી સાહિબાને હાજરી આપી. જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી હાફેઝ અ.ર્રહીમ સાહબે હજ્જના અરકાન, સુન્નતો ફરાઈઝ વાજિબાત અને હજ્જને લગતી નાનામાં નાની બાબતો બહુ જ ચીવટથી સમજાવી. હાજરીને મજલિસના દિલો દિમાગમાં આવી જાય તેવી રીતે સમજણ આપી.

આ ઉપરાંત **ભરૂચ, તાંદલજા, હાડગુડ, જંબુસર, ભાવનગર** વગેરે સ્થળોએ "હજ ટ્રેનિંગ કેમ્પો"નું આયોજન થયું જેમાં દરેક સ્થળે સ્થાનિક તથા આસપાસના હાજીઓએ હાજરી આપી હતી. ખાસ કરીને હાફિઝ અબ્દુર્રહીમ તેમજ તેમજ મૌલાના ઝહીર મિસ્બાહી, મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલવાળા, સુલ્તાન રઝા, મુફતી અબ્બાસ વગેરેએ પણ હજના ફઝાઈલ તથા અન્ય વિગતો સમજાવી હતી.

**જંબુસરમાં જશ્ને નૂરાની** : ખાદિમે અશરફી રઝા અલ્લારખા ફુટવાલા લખી જણાવે છે કે જંબુસર જુમ્આ મસ્જિદમાં મારા પીરો મુર્શિદ હઝરત સૈયદ મુહમ્મદ નૂરાની બાવા رحمۃ اللہ علیہના ઉર્સના મૌકા પર તા. ૧૪–૭–૨૦૧૭ શુક્રવારના ઈશાની નમાઝ બાદ યાસીન શરીફ તબારક, દુરૂદ શરીફનો દૌર રાખવામાં આવ્યો હતો. સાથે સાથે જનાબ હાફિઝ અસ્લમ સાહબ નગીના મસ્જિદ–જંબુસર તથા હઝરત મૌલાના ઈમરાન સાહબ નજમી થકી જુમ્આ મસ્જિદ ખાતે શાનદાર મનકબત તથા બયાન થયું હતું. આખિરમાં સલાતો સલામ દુઆ થઈ હતી.

**ઈન્તેકાલ પુરમલાલ** **દયાદરા** : ખાતે ઈકબાલ વલી ભૂરા (પાયલોટ)નો ૫૦ વરસની વયે તા. ૨૧–૭–૨૦૧૭, ૨૬–શવ્વાલ હિ. ૧૪૩૮, જુમ્આના રોજ દુઃખદ ઈન્તેકાલ થયો છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*